Monday 20, July 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૦૬૩ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

### ભાજપાને ભીંસમાં લેવા કોંગ્રેસે પ્રેસ કોન્સરન્સ યોજી : કોર્ટના આદેશથી વાપી જીઆઈડીસી પોલીસે ગુનો નોંધતાં રાજકીય ગરમાટો

# વાપી મનપાની ચૂંટણીમાં બનાવટી દસ્તાવેજો રજુ કરી ઉમેદવારીના મુદ્દે ગુનો નોંધાયો

### છીરી વોર્ડમાં ચૂંટણી લડવા બનાવટી સ્કૂલ લીવિંગ સર્ટિફિકેટ અને સોગંદનામાનો ઉપયોગ કર્યાનો તથા તા.પં. અને મનપા ચૂંટણીમાં પણ ખોટા દસ્તાવેજો રજૂ કરાયાના આક્ષેપ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૯ :** વાપી તાલુકાના છીરી વિસ્તારમાં રહેતા એક વ્યક્તિએ બનાવટી દસ્તાવેજોના આધારે ચૂંટણી લડીને સત્તા મેળવ્યાનો ગંભીર આક્ષેપ કરતા વાપી જીઆઈડીસી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

વાપીના છીરી, કિષ્ના પાર્ક, અનમોલ કોમ્પ્લેક્ષ, ફ્લેટ નં.૩૦૫માં રહેતા ફરિયાદી મોહમદ ઈમરાન અબ્દુલ રઉફ મિર્ઝા ઉ.વ.૪૦ એ સમસુદીન નુરૂદીન ચૌધરી રહે. બંગલો નં.૩, હલીમા મંઝિલ, કોપરલી રોડ, અક્સાના માર્કેટ, વાપી અને સુનિતા ઉમેશચંદ્ર તિવારી રહે. છીરી, વાપી વિરુદ્ધ ફરિયાદ આપી છે. ફરિયાદમાં જણાવાયું છે કે બંને આરોપીઓએ પૂર્વઆયોજિત ષડયંત્ર રચી ખોટા-બનાવટી સ્કૂલ લીવિંગ સર્ટિફિકેટ અને નોટરાઈઝ્ડ સોગંદનામા તૈયાર કર્યા હતા. તે ખોટા દસ્તાવેજ હોવાનું જાણવા છતાં અસલી તરીકે ઉપયોગમાં લઈને સને ૨૦૧૫માં વાપી તાલુકા પંચાયતના છીરી વોર્ડ નં.૨ અને સને ૨૦૨૬માં વાપી મહાનગરપાલિકાના છીરી વોર્ડ નં.૩માંથી ઉમેદવારી નોંધાવી હતી. આરોપીઓએ આ બનાવટી દસ્તાવેજો મામલતદાર કચેરી, બલીઠા ખાતે રજૂ કરી ઉમેદવારી નોંધાવી અને ચૂંટણીમાં જીત મેળવી સત્તા પર રહી રાજ્ય ચૂંટણી પંચને ગેરમાર્ગે દોર્યાનો આક્ષેપ છે. ફરિયાદીના જણાવ્યા મુજબ આ બનાવ તા.૦૭/૧૧/૨૦૧૫થી તા.૨૮/૦૪/૨૦૨૬ દરમિયાન બન્યો હતો. ફરિયાદીએ એવું પણ જણાવ્યું કે તેઓ પોતે વર્ષ ૨૦૧૫માં છીરી તાલુકા પંચાયતના વોર્ડ નં.૩માંથી ઉમેદવાર હતા અને તે સમયે આરોપી સમસુદીન ચૌધરીની ઉંમર સંબંધિત વિસંગતતા તેમના ધ્યાને આવી હતી. આ અંગે તેમણે વાપી કોર્ટમાં ફોજદારી પરચૂરણ અરજી નં.૪૨૩/૨૦૨૬ પણ દાખલ કરી છે. ફરિયાદના આધારે તા.૧૮/૦૭/૨૦૨૬ના રોજ રાત્રે ૯:૩૫ કલાકે વાપી જીઆઈડીસી પોલીસે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ ૩૩૫(૨), ૩૩૫(૩), ૩૪૦(૨) અને ૬૧(૨) હેઠળ ગુનો દાખલ કરી એ.એસ.આઈ. સિદ્ધાર્થ ભીમજીભાઈને વધુ તપાસ સોંપી છે.

### ભાજપમાં બેઠકોનો દોર

વાપી મનપાના વોર્ડ નંબર ૩ છીરીમાંથી ચૂંટાયેલા ભાજપના કાઉન્સિલર સમસુદીન નુરુદીન ચૌધરી તથા મહિલા કાઉન્સિલર કમ વાપી મનપાના શાસકપક્ષના દંડક સુનિતા તિવારી સામે ફોજદારી રાહે ગુનો દાખલ થતાં સત્તાધીશઓમાં દોડધામ શરૂ થઈ ગઈ છે અને આ આગળ બંને કોર્પોરેટરોને બચાવવા શું કરવું તે અંગે રણનીતિ બનાવવા અંદર ખાને બેઠકનો દોર શરૂ થઈ ગયો હોવાનું જાણવા મળે છે.

## ભાજપના બંને કોર્પોરેટરોનું સભ્ય પદ રદ કરાવવા હાઈકોર્ટ સુધી જઈશું : કોંગ્રેસ



આજે આ અંગે વાપી શહેર કોંગ્રેસ કાર્યાલય ખાતે પ્રમુખ મહેશ શાહની અધ્યક્ષતામાં બોલાવેલી પત્રકાર પરિષદમાં કોગ્રેસના નેતા કમ એડવોકેટ શશાંક કુમાર મિશ્રાએ જણાવ્યું હતું કે, આ કેસમાં આરોપીઓ સામે ખોટું સોગંદનામું કરવાં, ખોટા દસ્તાવેજ ઊભા કરવાં અને તેનો ઉપયોગ કરવો ચૂંટણી લડાવી જેવા ગંભીર ગુનો બને છે. અમો આગામી દિવસોમાં મહાનગર પાલિકાના આ બંને ચૂંટાયેલા કોર્પોરેટરનું સભ્ય પદ રદ થાય અને તેઓ સામે કાયદાકીય પગલા ભરવામાં આવે તે માટે હાઈકોર્ટમાં અરજી દાખલ કરીશુ, હાલમાં ભાજપ દ્વારા પીવાના પાણી, સફાઈ સહિત અનેક ગંભીર બાબતો અંગે કોઈ જવાબ આપવામાં આવતો નથી તેઓના પ્રવક્તા તરીકે સરકારી અધિકારીઓને આગળ કરવામાં આવી રહ્યા છે. વધુમાં કોંગ્રેસ શહેર પ્રમુખ મહેશ શાહ અને ફરિયાદીના વકીલના જણાવ્યા મુજબ, સમસુદીન ચૌધરીએ ચૂંટણી ફોર્મમાં પોતાની શૈક્ષણિક લાયકાત અંગે ખોટી માહિતી આપી છે. ફોર્મમાં તેમણે વર્ષ ૨૦૦૭ સુધી હિન્દી વિદ્યામંદિર સ્કૂલમાં માત્ર પાંચમા ધોરણ સુધી જ અભ્યાસ કર્યો હોવાનું દર્શાવ્યું હતું. જો કે તપાસમાં સામે આવ્યું છે કે તેમણે સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ, છરવાડામાં ધોરણ ૧ થી ૧૦ સુધી અભ્યાસ કર્યો છે. આ ઉપરાંત તેમના અસલી જન્મ પ્રમાણપત્ર મુજબ તેમની જન્મ તારીખ ૧૬ નવેમ્બર, ૧૯૯૮ હોવાનું પણ જાણવા મળ્યું છે. જેના કારણે ચૂંટણી ફોર્મમાં આપવામાં આવેલી વિગતો અને હકીકત વચ્ચે વિસંગતતાનો દાવો કરવામાંઆવ્યો છે.

## કપરાડામાં વરસાદનો બીજો રાઉન્ડ : ડાંગરની રોપણી શરુ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)



**ચીવલ, તા. ૧૯ :** ચોમાસાના પ્રથમ તબક્કા બાદ વરસાદમાં પડેલા વિરામને કારણે ખેડૂતો ચિંતિત બન્યા હતા. જોકે હવે કપરાડા તાલુકામાં બીજા રાઉન્ડનો સારો વરસાદ શરૂ થતાં ખેડૂતોમાં ફરી આશાનું કિરણ જાગ્યું છે. વરસાદના આગમન સાથે જ ડાંગરની રોપણીની કામગીરી શરૂ કરવામાં આવી છે અને ખેતરોમાં ફરીથી કૃષિ પ્રવૃત્તિઓ ધમધમતી જોવા મળી રહી છે.

પ્રથમ વરસાદ બાદ ખેડૂતો દ્વારા ડાંગર સહિતના પાકોની વાવણી કરવામાં આવી હતી, પરંતુ ત્યારબાદ વરસાદ ખેંચાતા પાકના વિકાસ અંગે ચિંતા ઉભી થઈ હતી. છેલ્લા બે દિવસથી તાલુકાના વિવિધ વિસ્તારોમાં સારો વરસાદ નોંધાતા ખેતરોમાં પૂરતું પાણી ભરાઈ ગયું છે. જેના કારણે ખેડૂતો હવે પરિવારના સભ્યો અને મજૂરો સાથે રોપણીના કામમાં વ્યસ્ત બન્યા છે. ખેડૂતોનું કહેવું છે કે આ વરસાદ સમયસર પડ્યો હોવાથી ડાંગરના પાકને મોટો ફાયદો થશે અને ઉત્પાદન સારું મળવાની આશા વધી છે. સાથે જ અન્ય ખરીફ પાકોને પણ આ વરસાદ લાભદાયી બનશે.

કપરાડા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં હાલ જ્યાં નજર કરો ત્યાં ખેતરોમાં ખેડૂતો રોપણી કરતા જોવા મળી રહ્યા છે. વરસાદને કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી છે અને કૃષિ આધારિત અર્થતંત્ર ધરાવતા વિસ્તારના લોકોમાં પણ આનંદની લાગણી જોવા મળી રહી છે.

ખેડૂતોએ આગામી દિવસોમાં પણ નિયમિત અને સારો વરસાદ રહે તેવી આશા વ્યક્ત કરી છે, જેથી સમગ્ર ખરીફ સિઝન સફળ બને અને ખેડૂતોને સારો પાક તથા યોગ્ય આવક પ્રાપ્ત થઈ શકે.

## ધરમપુરમાં સોનમ વાંગચુકના આંદોલનના સમર્થનમાં ઉપવાસ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૧૯ :** વિશ્વપ્રસિદ્ધ વૈજ્ઞાનિક અને પર્યાવરણપ્રેમી સોનમ વાંગચુકના અહિંસક આંદોલનને નૈતિક સમર્થન આપવા ધરમપુરના જાગૃત યુવાનો દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકર સર્કલ ખાતે પ્રતીક ઉપવાસ યોજાયો હતો. આ દરમિયાન NEET સહિતની વિવિધ પરીક્ષાઓમાં પેપર લીકની ઘટનાઓ સામે વિરોધ નોંધાવી પરીક્ષાઓમાં પારદર્શિતા જળવાય અને જવાબદારો સામે કડક કાર્યવાહી થાય તેવી માંગ કરવામાં આવી હતી. પ્રતીક ઉપવાસમાં પૂર્વ ધારાસભ્ય ઈશ્વરભાઈ પટેલ, સામાજિક કાર્યકર જયેશભાઈ પટેલ, એસ.ટી. કોંગ્રેસ ડિપાર્ટમેન્ટના ચેરમેન રાહુલ પટેલ, પૂર્વ તાલુકા પંચાયત સદસ્ય કલ્પેશ પટેલ, આમ આદમી પાર્ટીના પ્રદેશ મંત્રી કમલેશભાઈ પટેલ, એડવોકેટ અજીતભાઈ ગરાસિયા, પૂર્વ પાલિકા સભ્ય ધીરજ પટેલ, ધરમપુર શહેર કોંગ્રેસ પ્રમુખ નિર્મલ સુરતી, ઉત્તમભાઈ ગરાસિયા, એડવોકેટ ફહીમ બાહનાન, ડાહ્યાભાઈ પટેલ, સુનિલ પટેલ સહિત વિવિધ ક્ષેત્રના આગેવાનો અને શિક્ષિત યુવાનો ઉપસ્થિત રહ્યા હતા.ઉપસ્થિતોએ જણાવ્યું હતું કે પેપર લીક જેવી ઘટનાઓથી મહેનત કરતા વિદ્યાર્થીઓના ભવિષ્યને ગંભીર નુકસાન થાય છે. તેથી આવી ઘટનાઓને અટકાવવા કડક પગલાં અને પરીક્ષા પ્રક્રિયામાં સંપૂર્ણ પારદર્શિતા જરૂરી છે. પ્રતીક ઉપવાસ દ્વારા યુવાનોના ભવિષ્ય, શિક્ષણમાં પારદર્શિતા અને ન્યાય માટે એકતા સાથે અવાજ ઉઠાવવામાં આવ્યો હતો.

## સબ-વેના કામ માટે ભીલાડ રેલવે સ્ટેશન પાસે ટ્રાફિક બંધ રહેશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૯ :** પશ્ચિમ રેલવે દ્વારા ભીલાડ રેલવે સ્ટેશન પાસે ચાલી રહેલા સબવેના કામને કારણે આગામી ૫ દિવસ સુધી રાત્રિ દરમિયાન ટ્રાફિક બંધ રાખવામાં આવશે. પશ્ચિમ રેલવેના SSE(W)BL રાજીવ રંજન રાજાક દ્વારા તા.૧૮/૦૭/૨૦૨૬ના રોજ બહાર પાડવામાં આવેલા પત્રમાં જણાવાયું છે કે વિરાર-સુરત સેક્શન પર ભીલાડ રેલવે સ્ટેશન નજીક બ્રિજ નં.૨૬૨ પાસે ટ્વીન બોક્સ સબવેનું બાંધકામ પૂર્ણ થઈ ગયું છે. હવે એપ્રોચ રોડ પર જીઆઈ શીટની રૂફિંગનું કામ શરૂ કરવામાં આવશે.આ કામગીરી માટે સોમવાર તા.૨૦/૦૭/૨૦૨૬થી શુક્રવાર તા.૨૪/૦૭/૨૦૨૬ સુધી કુલ ૫ દિવસ સુધી દરરોજ રાત્રે ૧૦:૦૦ વાગ્યાથી સવારે ૦૬:૦૦ વાગ્યા સુધી બ્રિજ નં.૨૬૨ પર તમામ પ્રકારના વાહન વ્યવહાર બંધ રાખવામાં આવશે.

આ અંગે ભીલાડ ગ્રામ પંચાયત, ભીલાડ સિટી પોલીસ અને ભીલાડ સરપંચને જાણ કરવામાં આવી છે. રેલવે દ્વારા જણાવવામાં આવ્યું છે કે કોન્ટ્રાક્ટર એજન્સી ભગવતી કન્સ્ટ્રક્શન-અમદાવાદ દ્વારા આ કામ કરવામાં આવશે.

મુસાફરો અને સ્થાનિકોને રેલવે દ્વારા વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરવા અને સહકાર આપવા અપીલ કરવામાં આવી છે.

## દમણમાં સાયબર ક્રાઈમના બે આરોપી દિલ્હીથી ઝડપાયા

### દિલ્હીથી કોલ સેન્ટર મારફતે આંતરરાજ્ય સાયબર ક્રાઈમ રેકેટ ચલાવાતું હતું : દમણના પિતા-પુત્રી સાથે વીમા પોલિસી બંધ કરવાના બહાને ૫.૩૯ લાખની છેતરપિંડી કરાઈ હતી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૧૯ :** દમણના કચીગામ પોલીસ સ્ટેશને આંતરરાજ્ય સાયબર છેતરપિંડીના મોટા રેકેટનો પર્દાફાશ કરી દિલ્હીમાંથી ૨ મુખ્ય આરોપીઓની ધરપકડ કરી છે. વીમા પોલિસી બંધ કરવાના બહાને દમણના એક રહેવાસી અને તેની પુત્રી સાથે ૫,૩૯,૧૯૪ રૂપિયાની છેતરપિંડી કરવાના ગુનામાં આ કાર્યવાહી કરવામાં આવી છે. કાચીગામના રહેવાસીની ફરિયાદના આધારે તા.૧૦/૦૬/૨૦૨૬ના રોજ FIR નં.૩૦/૨૦૨૬ નોંધવામાં આવી હતી.

ફરિયાદ મુજબ માર્ચથી મે ૨૦૨૬ દરમિયાન પીડિતોને અજાણ્યા નંબર પરથી કોલ આવ્યા હતા. સામેવાળા વ્યક્તિઓએ પોતાને 'ઈન્ડિયા ફર્સ્ટ લાઈફ ઈન્સ્યોરન્સ'ના એક્ઝિક્યુટિવ તરીકે ઓળખાવી હાલની વીમા પોલિસી બંધ કરવામાં મદદ કરવાની લાલચ આપી હતી. વિશ્વાસમાં લઈને આરોપીઓએ છેતરપિંડીભર્યા ઓનલાઈન પેમેન્ટ લિંક મોકલ્યા અને ફરિયાદી તથા તેની પુત્રી પાસેથી કુલ ૫,૩૯,૧૯૪ રૂપિયા ટ્રાન્સફર કરાવી લીધા. પૈસા મળ્યા બાદ આરોપીઓએ ફોન બંધ કરી તમામ સંપર્ક તોડી નાખ્યો હતો.

કેસની ગંભીરતાને ધ્યાનમાં રાખીને કાચીગામ પોલીસ સ્ટેશનના અનિલકુમાર ટી.કે.ના માર્ગદર્શન હેઠળ વિશેષ ટીમ બનાવવામાં આવી. ટેકનિકલ સર્વેલન્સ અને મોબાઈલ નંબરના એનાલિસિસ બાદ આરોપીઓનું લોકેશન દિલ્હીના રમેશ નગર વિસ્તારમાં મળ્યું હતું.

દમણ પોલીસની ટીમ તાત્કાલિક દિલ્હી પહોંચી અને દરોડા પાડીને બે આરોપીઓ નઝર અબ્બાસ ઉ.વ.૪૦, રહે. ઈન્દિરા વિહાર, કરવલ નગર, ઉત્તર-પૂર્વ દિલ્હી અને હિમાંશુ કુમાર પાંડે ઉ.વ.૨૨, રહે. ગોલ કટરા, પદમ નગર, સરાય રોહિલ્લા, નવી દિલ્હીની ધરપકડ કરી. પ્રાથમિક પૂછપરછમાં બંનેએ ગુનો કબૂલ્યો હતો. દિલ્હી કોર્ટમાંથી ટ્રાન્ઝિટ રિમાન્ડ મેળવીને બંને દમણ લાવવામાં આવ્યા છે.

પોલીસે ઘટનાસ્થળેથી ગુનામાં ઉપયોગમાં લેવાયેલા મોબાઈલ ફોન અને અનેક વીમા પોલિસીધારકોની ગુપ્ત વિગતો ધરાવતા રજિસ્ટર પણ કબજે કર્યા છે. તપાસમાં ખુલાસો થયો કે મુખ્ય આરોપી નઝર અબ્બાસ (ઉ.વ. ૪૦) દિલ્હીમાં ગેરકાયદે કોલ સેન્ટર ચલાવી દેશભરના નાગરિકોને નિશાન બનાવતો હતો. તેની સામે અગાઉ પણ કેસ નોંધાયેલા છે. ડિસેમ્બર ૨૦૨૫માં સરાય રોહિલ્લા પોલીસે શાસ્ત્રી નગરના કોલ સેન્ટર પર દરોડા પાડી ૩૨ લોકોની ધરપકડ કરી હતી. ત્યારબાદ તા. ૦૫/૦૬/૨૦૨૬ના રોજ પણ બીજો દરોડો પડ્યો હતો. પરંતુ અબ્બાસે પોતાનું કામ રમેશનગરમાં શરૂ કરીને ફરી છેતરપિંડી ચાલુ રાખી હતી.

હાલ બંને આરોપીઓ પોલીસ કસ્ટડીમાં છે. આ રેકેટના વધુ સભ્યો, બેંક ખાતા અને અન્ય પીડિતોને શોધવા માટે તપાસ ચાલુ છે. દમણ પોલીસે નાગરિકોને અજાણ્યા નંબરથી આવતા વીમા સંબંધિત કોલ અંગે સાવધાન રહેવા અપીલ કરી છે.

## વલસાડમાં ઈંડાની લારી હટાવવા બાબતે બે જૂથો વચ્ચે મારામારી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૯ :** વલસાડના કલ્યાણ બાગ પાસે ઈંડાની લારી પાર્ક કરવા બાબતે બોલાચાલી બાદ જોતજોતામાં ધારદાર કોઈતા જેવા હથિયાર વડે હુમલો કરવાનો પ્રયાસ થતાં સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો હતો. વલસાડના કલ્યાણ બાગ બાજુમાં આવેલ જગ્યામાં રસુલ નામનો એક વ્યક્તિ પોતાની મોટરસાયકલ પાર્ક કરીને ઈંડાની લારી કાઢવા જઈ રહ્યો હતો. તે સમયે ત્યાં નજીકમાં આવેલી દરગાહમાંથી બહાર આવેલી એક મહિલાએ તેને લારી અન્ય જગ્યાએ ખસેડવા માટે જણાવ્યું હતું. આ સામાન્ય બાબતને લઈને બંને વચ્ચે શાબ્દિક બોલાચાલી શરૂ થઈ હતી. બોલાચાલી દરમિયાન રસુલ ઉશ્કેરાઈ ગયો અને તેણે પોતાની બાઈકમાં રાખેલો ધારદાર કોયતો બહાર કાઢી મહિલા તરફ ધસી ગયો હતો. જાહેર રસ્તા પર મહિલા પર હથિયાર વડે હુમલો કરવાનો પ્રયાસ થતાં જ આસપાસના લોકોમાં ભારે અફરાતફરી અને ભયનો માહોલ સર્જાયો હતો. આ ઘટના દરમિયાન મહિલાના બે પુત્રો, સુફિયાન ભુરીયા અને અરશદ ભુરીયા દરગાહમાંથી દોડીને બહાર આવ્યા હતા. પોતાની માતા સાથે થઈ રહેલા ઝઘડા અને હુમલાના પ્રયાસને જોઈને રોષે ભરાયેલા બંને યુવકોએ રસુલ સાથે હાથાપાઈ શરૂ કરી દીધી હતી. ત્યારબાદ મામલો વધુ બિચક્યો હતો. આ હિંસક ઘટનાની જાણ થતાં જ વલસાડ પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો પોલીસે મારામારી અને હંગામો મચાવવા બદલ સંડોવાયેલા શખ્સો રસુલ, સુફિયાન ભુરીયા અને અરશદ ભુરીયાની અટકાયત કરી છે. ત્રણેયને વધુ પૂછપરછ માટે પોલીસ મથકે લઈ જઈ તપાસ હાથ ધરવામાં આવી છે.

આજે વાંચો.... પા.નં. ૪ પર
વિશ્લેષણ : આજથી શરુ થતું સંસદનું વર્ષાસત્ર સફળ થશે?
મનન્ : યુવાનોનું સ્વાસ્થ્ય : જવાબદારી કોની?
પૌરુષ : સ્ક્રીન ટાઈમ અને સોશિયલ ....

નેમિનાથ ટ્રેડર્સ




ખીલી, વાયર, કાંટાતાર, હુક, ચેઈનલીંક, નટ બોલ્ટ, પાવડા-ત્રિકમ તથા હાર્ડવેર સામગ્રી


Mo. No. 9825190301 / 9825390301

સરનામું : દુકાન નં. ૭૦, ૭૧, અમીધરા કોમ્પ્લેક્સ, સીએનજી ગેસ પંપ નજીક, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી - ૩૯૬૧૯૫, જિલ્લો : વલસાડ (ગુજરાત)
Email : neminathtradersvapi@gmail.com


CBSE AFFILIATED - 430373
RAJHANS EDUCATION TRUST'S
VIDYA DHAM INTERNATIONAL SCHOOL VAPI (CBSE BOARD)

ADMISSIONS OPEN
Academic Session 2026-2027
Nursery to Std. 10

12th Year Anniversary
SPECIAL OFFERS
Early Bird Discount Till 31st March
FREE Textbooks From Nursery to Std 10
Special Concession On Admission Fees



Additional Curriculum features
1. English Conversation & Phonics for Fluency
2. Personality development & Memory Boosting techniques.
3. Innovative clubs for Std 6 to 10, Indoor Sports
4. Mental and Vedic Maths for Std 1 to 5
5. AI and Coding for Jr KG to Std 10



Admission forms available All working days
At school's office
vidyadham4@gmail.com, www.vidyadhamschoolvapi.in
9725295578/9081807258/9316054328

ENROLL NOW
School Address :- Plot no B7,B13/14 behind Rajmoti complex 1 , Chharwada Road GIDC Vapi Gujarat 396191

## વાંસદા પ્રતાપ હાઈ.ના ખેલાડીઓ શાળાકીય રમતોત્સવમાં ઝળકયા




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાંસદા, તા. ૧૯ :** ૭૦મો અખિલ ભારતીય શાળાકીય રમતોત્સવમાં શ્રી પ્રતાપ હાઈસ્કૂલ, વાંસદાના ખેલાડીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને શાળાને તાલુકા કક્ષાએ ગૌરવ વધાર્યું છે.

એથ્લેટિક્સમાં U-૧૭ ૪૦૦ મીટર દોડમાં તન્વી કમલેશભાઈ ગાંગોડાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું. ૧૦૦ અને ૨૦૦ મીટર દોડમાં રેહનુમા મુસ્તકીંગભાઈ ખાટીકે બીજું સ્થાન મેળવ્યું. ૨૦૦ મીટર દોડ (ભાઈઓ)માં જયદીપ કુમાર રમેશભાઈ ઠાકોરે પ્રથમ સ્થાન હાંસલ કર્યું. જ્યારે U-૧૪ ગોળા ફેંક (શોટ પુટ)માં રૂકૈયા રફીકભાઈ વ્હોરાએ પ્રથમ સ્થાન મેળવી શાળાનું ગૌરવ વધાર્યું.

આ ઉપરાંત U-૧૯ બહેનોની કબડ્ડી સ્પર્ધામાં શ્રી પ્રતાપ હાઈસ્કૂલ, વાંસદાની ટીમે તાલુકા કક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી ચેમ્પિયન બનવાનો ગૌરવ મેળવ્યો.

શાળાના આચાર્ય જયદીપસિંહ પરમાર, મંડળના પ્રમુખ નટવરલાલ પંચાલ, મંત્રી ધર્મેશ પુરોહિત તથા તમામ હોદ્દેદારોએ સિદ્ધિ બદલ તમામ વિજેતા ખેલાડીઓ, કબડ્ડી ટીમ, કોચ, માર્ગદર્શક શિક્ષકો ને અભિનંદન પાઠવ્યા હતા ખેલાડીઓની મહેનત, શિસ્ત અને સમર્પણથી શાળાનું નામ વાંસદા તાલુકા કક્ષાએ ગૌરવભેર ઉજાગર થયું છે.

## નવસારીમાં જિલ્લા સંકલન બેઠક મળી

### કલેક્ટર મનીષ ગુરવાની દ્વારા વિવિધ વિકાસલક્ષી કામગીરીની સમીક્ષા કરી અધિકારીઓને જરૂરી માર્ગદર્શન અપાયું




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નવસારી, તા. ૧૯ :** નવસારી જિલ્લા સેવા સદન ખાતે જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાનીના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન બેઠક યોજાઈ હતી.

બેઠક દરમિયાન ગત માસની સંકલન બેઠકમાં વિવિધ વિભાગો દ્વારા રજૂ કરાયેલા પ્રશ્નો તથા વિકાસલક્ષી કામગીરીની વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી. સંબંધિત અમલીકરણ વિભાગો દ્વારા હાથ ધરાયેલી કામગીરીની પ્રગતિ અંગે ચર્ચા કરી જરૂરી માહિતી મેળવવામાં આવી હતી. જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાનીએ અધિકારીઓ દ્વારા ગામોની મુલાકાતો અને ફિલ્ડ વિઝિટ દરમિયાન આવેલા લોક પ્રશ્નો, તેમના નિરાકરણ માટે કરવામાં આવેલી કામગીરી, રજૂ થયેલી દરખાસ્તો તેમજ આગામી આયોજન અંગે વિસ્તૃત માહિતી મેળવી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. વધુમાં, આગામી સમયમાં જિલ્લામાં સ્વચ્છતા, કુપોષણમુક્તિ માટેની કામગીરી, શાળાઓમાં ડ્રોપઆઉટ રેશિયો ઘટાડવા, મહિલા અને બાળ વિકાસ સંબંધિત યોજનાઓના અસરકારક અમલીકરણ તેમજ વિવિધ વિભાગો વચ્ચે સુદ્દઢ સંકલન સાથે કામગીરી કરવા કલેક્ટરએ સૂચન કર્યું હતું.

બેઠકની શરૂઆતમાં નવસારીના ધારાસભ્ય શ્રી રાકેશભાઈ દેસાઈ દ્વારા રજૂ કરાયેલા વિવિધ પ્રશ્નોની સંબંધિત વિભાગોના અધિકારીઓ પાસેથી માહિતી મેળવી તેમના પ્રાથમિકતાના ધોરણે નિકાલ માટે જરૂરી કાર્યવાહી કરવાની સૂચના જિલ્લા કલેક્ટરએ આપી હતી.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી કાર્તિક જીવાણી, જિલ્લા પોલીસ અધિક્ષક રાહુલ પટેલ, અધિક કલેક્ટર જી. એન. લખિયા, પ્રાંત અધિકારીઓ તેમજ વિવિધ વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

## દેસરાના હયાત બંને ઓવરબ્રિજનાં એપ્રોચનું નવીનીકરણ કરાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા.૧૯** બીલીમોરા શહેર બે ઓવરબ્રિજનાં એપ્રોચના નિર્માણને રૂા.૧૫.૧૬ કરોડથી વધુની મંજૂરી મળતાં પાણી ભરાવા સહિતની સમસ્યા થી છુટકારો મળશે. હાલમાં બીલીમોરાથી અમલસાડ તરફ જતાં વાહનચાલકોને ચીમોડિયા નાકા ઓવરબ્રિજ થઈને બીલીનાકા ચાર રસ્તા થઈ પસાર થવું પડે છે. જેના કારણે બીલીનાકા વિસ્તારમાં વારંવાર ટ્રાફિક જામની સ્થિતિ સર્જાય છે. ઉપરાંત ભારે વાહનોની સતત અવરજવર અને આ માર્ગ પર આવેલી બે શાળાઓને કારણે અકસ્માતનો ભય પણ રહેતો હતો.



આ સમસ્યાના કાયમી ઉકેલ માટે બીલીમોરા નગરપાલિકાના પ્રમુખ મનીષભાઈ પટેલ, કારોબારી સમિતિના ચેરમેન પ્રજ્ઞેશભાઈ પટેલ અને બાંધકામ ચેરમેન યુસુફભાઈ મેમણે ધારાસભ્ય નરેશભાઈ પટેલ સમક્ષ રજૂઆત કરી હતી. આ રજૂઆતને અનુસંધાને ચીમોડિયા નાકા પાસેથી તલોધ તરફ ઉતરતા રિંગ રોડ પર રૂ.૧૩.૬૫ કરોડના ખર્ચે નવો એપ્રોચ બનાવવાની મંજૂરી આપવામાં આવી છે. આ એપ્રોચ બન્યા બાદ ભારે વાહનો સીધા અંબિકા નદી પાસે આવેલા બ્રિજ નજીકના આઈકોનિક માર્ગ તરફ જઈ શકશે. પરિણામે બીલીનાકા ચાર રસ્તા પર ટ્રાફિકનું ભારણ નોંધપાત્ર રીતે ઘટશે તેમજ વાહનવ્યવહાર વધુ સરળ બનશે.

આ ઉપરાંત દેસરા જનતાઘર રેલવે ઓવરબ્રિજ નાં વાઘરેચ તરફ જતા એપ્રોચમાં દર ચોમાસે વરસાદી પાણી ભરાઈ જતાં વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડતો હતો.

અનેક વખત માર્ગ બંધ કરવાની ફરજ પડતી હતી. આ સમસ્યાના નિરાકરણ માટે પણ નગરપાલિકાના હોદ્દેદારો અને ધારાસભ્ય નરેશભાઈ પટેલ દ્વારા કરવામાં આવેલી રજૂઆત સફળ રહી છે.હવે આ સ્થળે રૂ.૧.૫૧ કરોડના ખર્ચે નવો એપ્રોચ બનાવવામાં આવશે, જેના કારણે ચોમાસા દરમિયાન પણ માર્ગ વાહનવ્યવહાર માટે ખુલ્લો રહી શકશે અને પાણી ભરાવાની સમસ્યામાંથી રાહત મળશે.

## આહવા કોલેજમાં માર્ગ સલામતી સેમિનાર યોજાયો




**આહવા, તા. ૧૯ :** ડાંગ જિલ્લાની સરકારી વિનયન અને વાણિજય કોલેજ, આહવાના રાષ્ટ્રીય સેવા યોજના (NSS) વિભાગ તથા સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી, આહવાના સંયુક્ત ઉપક્રમે આજરોજ કોલેજના વિજ્ઞાન હોલ ખાતે આચાર્ય ડૉ.યુ.કે. ગાંગુર્ડેના માર્ગદર્શન હેઠળ માર્ગ સલામતી સેમિનારૅનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં માર્ગ સલામતી અંગે જાગૃતિ લાવવાનો, ટ્રાફિક નિયમોનું પાલન કરવા પ્રેરિત કરવાનો તેમજ અકસ્માતોની સંખ્યા ઘટાડવા માટે જવાબદાર નાગરિક તરીકેની ફરજ અંગે માર્ગદર્શન આપવાનો હતો.

સેમિનારમાં સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરીના આર.એલ. ચૌધરી (Assistant Inspector of Motor Vehicles) દ્વારા માર્ગ સલામતીના વિવિધ પાસાઓ પર વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમણે જણાવ્યું કે, ભારતમાં વાર્ષિક સરેરાશ મૃત્યુ સમગ્ર દેશમાં દર વર્ષે સરેરાશ ૧.૫ લાખ લોકો રસ્તાના અકસ્માતમાં જીવ ગુમાવે છે. તેમજ માર્ગ સલામતી એક સંસ્કાર અને શિસ્ત તરીકે અપનાવા વિદ્યાર્થીઓને આહ્વાન કર્યું હતું કાર્યક્રમના મુખ્ય વક્તા જે.વી. શાહે વિષય અનુસંધાનમાં વિદ્યાર્થીઓને PPT અને માર્ગ સલામતી અંગેના Video દ્વારા ટ્રાફિક નિયમોનું પાલન, વાહન ચલાવતી વખતે હેલ્મેટ અને સીટ બેલ્ટનો ફરજિયાત ઉપયોગ, વાહન ચલાવતી વખતે મોબાઈલ ફોનનો ઉપયોગ ન કરવો, નશાની હાલતમાં વાહન ન ચલાવવું, નિયત ગતિમર્યાદાનું પાલન કરવું તેમજ પદયાત્રીઓ અને અન્ય વાહનચાલકોના અધિકારોનું સન્માન કરવું જેવા મહત્વપૂર્ણ મુદ્દાઓ સમજાવ્યા હતાં. તેમજ માર્ગ અકસ્માતોના મુખ્ય કારણો, અકસ્માત નિવારણના ઉપાયો અને માર્ગ સલામતી સંબંધિત કાયદાકીય જોગવાઈઓ અંગે પણ માહિતી આપવામાં આવી.

આ કાર્યક્રમમાં ડી.એસ. હળપતિ (Inspector of Motor Vehicles), કોલેજના આચાર્ય, IQAC ડૉ. ડી.એમ, ગાવિત, NSS પ્રોગ્રામ ઓફિસર પ્રા.ડૉ.ઉમેશ.એ. હડસ અને ડૉ. ગણેશ સી. નરભવર સહિતના અધ્યાપકઓ, બિનશૈક્ષણિક કર્મચારીઓ, NSS પ્રોગ્રામ ઓફીસર તથા મોટી સંખ્યામાં NSS સ્વયંસેવકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

## ભાટમાં માછીમારો માટે દરિયાઈ સુરક્ષા જાગૃતિ બેઠક યોજાઈ

### મરીન ટાસ્ક ફોર્સ દ્વારા કોસ્ટલ સુરક્ષા અંગે માછીમારોને માર્ગદર્શન- મેન્ગ્રોવ સંવર્ધનનો સંદેશ પણ અપાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૧૯ :** ગણદેવી તાલુકાના ભાટ ગામની પ્રાથમિક શાળામાં માછીમારો માટે વિશેષ દરિયાઈ સુરક્ષા જાગૃતિ બેઠક મળી હતી. નવસારી મરીન ટાસ્ક ફોર્સ, એસ.ઓ.જી., સ્ટેટ આઈ.બી., સ્થાનિક મરીન પોલીસ તથા ફિશરીઝ વિભાગના સંયુક્ત ઉપક્રમે આ બેઠકમાં બોટ એસોસિયેશનના ફિશરમેન વોચ ગ્રુપના સભ્યો, સ્થાનિક માછીમારો, ગ્રામજનો અને આગેવાનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. નવસારી મરીન પોલીસ ઈન્સ્પેક્ટર યુ.જે. પટેલે ઉપસ્થિત માછીમારો અને ગ્રામજનોને દરિયાઈ સુરક્ષાના મહત્વ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે દરિયામાં કોઈ પણ શંકાસ્પદ હિલચાલ, અજાણી બોટ, શંકાસ્પદ વ્યક્તિ, વસ્તુ, બિનવારસી બોટ, કન્ટેનર અથવા શંકાસ્પદ પેકેટ જોવા મળે તો તેની તાત્કાલિક જાણ દરિયાઈ સુરક્ષા હેલ્પલાઈન નંબર ૧૦૯૩, સ્થાનિક પોલીસ અથવા અન્ય સુરક્ષા એજન્સીઓને કરવી જોઈએ. આ



ઉપરાંત માછીમારોને માછીમારી માટે ઓનલાઈન ટોકન મેળવવાની પ્રક્રિયા, બોટોના રજીસ્ટ્રેશન અને લાયસન્સ સમયસર રિન્યુ કરાવવાની જરૂરિયાત તેમજ સરકાર દ્વારા માછીમારોને મળતી વિવિધ યોજનાઓ અંગે માહિતી આપવામાં આવી હતી. હાલ મોન્સૂન બ્રેક દરમિયાન દરિયામાં માછીમારી કરવા ન જવા તેમજ જો આ સમયગાળા દરમિયાન કોઈ બોટ દરિયામાં દેખાય તો તેની તાત્કાલિક જાણ સુરક્ષા એજન્સીઓને કરવાની અપીલ પણ કરવામાં આવી હતી. અંતે ભારત સરકારના એક પેડ મા કે નામ અભિયાન અંતર્ગત દરિયાકાંઠે મેન્ગ્રોવના જંગલોનું સંવર્ધન થાય તે હેતુથી સ્થાનિક માછીમારો, આગેવાનો અને ગ્રામજનોને મેન્ગ્રોવના રોપાઓનું વાવેતર કરવા પ્રેરિત કરવામાં આવ્યા હતા. મેન્ગ્રોવ વૃક્ષો દરિયાકાંઠાના ધોવાણને અટકાવવામાં, પર્યાવરણનું સંરક્ષણ કરવામાં તેમજ દરિયાઈ જીવસૃષ્ટિના સંવર્ધનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે તે અંગે પણ વિસ્તૃત સમજણ આપવામાં આવી હતી. આ પ્રસંગે પીઆઈ કમલેશ સોનવાને, પોલીસ અધિકારીઓ, પોલીસ કર્મચારીઓ, મરીન કમાન્ડોની ટીમ, ફિશરમેન વોચ ગ્રુપના સભ્યો, સ્થાનિક માછીમારો તથા મોટી સંખ્યામાં ગ્રામજનોએ હાજરી આપી હતી.

## વઘઈના ખાતળમાં ભવ્ય કિશોરી મેળો યોજાયો

**આહવા, તા. ૧૯ :** મહિલા અને બાળ વિકાસ વિભાગ હેઠળની જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી, આહવા-ડાંગ દ્વારા જિલ્લા મહિલા અને બાળ અધિકારી ડૉ. મનિષાબેન એ. મુલતાનીના દિશાપ્રદર્શન હેઠળ સરકારી માધ્યમિક શાળા, ખાતળ (તા. વઘઈ) ખાતે ભવ્ય કિશોરી મેળો યોજાયો હતો.

કાર્યક્રમમાં સ્થાનિક સરપંચ સુશ્રી પ્રિયંકાબેન ચૌધરી મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતાં. કાર્યક્રમનો પ્રારંભ દીપ પ્રાગટ્ય અને મહેમાનોના પુષ્પગુચ્છથી સ્વાગત સાથે કરવામાં આવ્યો હતો. ઉપસ્થિત મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત જિલ્લા હબ ફોર એમ્પાવરમેન્ટ ઑફ વુમન (DHEW)ના જેન્ડર સ્પેશિયાલિસ્ટ વિજયભાઈ ગાવિતે કર્યું હતું.

મેળા દરમિયાન કિશોરીઓના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખી વિવિધ માહિતીસભર સત્રો યોજાયા હતાં. પી.એચ.સી. કાલીબેલના મેડિકલ ઓફિસર ડૉ. સરિતાબેન માહલાએ વ્યક્તિગત સ્વચ્છતા, કિશોરાવસ્થામાં આરોગ્યની કાળજી તથા બાળલગ્નોથી થતી શારીરિક અને માનસિક અસરો અંગે માર્ગદર્શન આપ્યું હતું.

સમાપન પ્રસંગે જિલ્લા મહિલા અને બાળ અધિકારી ડૉ. મનિષાબેન એ. મુલતાનીએ પ્રેરણાદાયી ઉદ્બોધન કરતાં કિશોરીઓને શિક્ષણ, સારા સ્વાસ્થ્ય અને આત્મવિશ્વાસના આધારે જીવનમાં સશક્ત અને સ્વાવલંબી બનવા અપીલ કરી હતી. કાર્યક્રમની આભારવિધિ સંગીતાબેન ખુરકુટીયાએ કરી હતી. સમગ્ર મેળામાં સ્થાનિક ગામોની કિશોરીઓ અને શાળાની વિદ્યાર્થિનીઓએ ઉત્સાહપૂર્વક મોટી સંખ્યામાં ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## સાપુતારા પ્રવાસનનાં નામે કરોડોની કમાણી છતાં પ્રવાસીઓને અસુવિધા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૧૯ :** ગુજરાતનું એકમાત્ર ગૌરવવંતુ ગિરિમથક સાપુતારા પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર તો છે, પરંતુ હવે તે વહીવટી તંત્ર માટે માત્ર કમાણીનું સાધન બનીને રહી ગયુ હોય તેમ લાગી રહ્યું છે.સાપુતારા ખાતે બોટિંગ, એડવેન્ચર એક્ટિવિટીઝ, પાર્કિંગ અને ટોલ બૂથ જેવા વિવિધ માધ્યમો દ્વારા નોટિફાઈડ કચેરી દ્વારા દર વર્ષે કરોડો રૂપિયાની જંગી આવક મેળવીને પોતાની તિજોરીઓ ભરી રહી છે. પરંતુ અત્યંત આક્રોશની વાત એ છે કે પ્રવાસીઓ પાસેથી કરોડો રૂપિયા વસૂલતું તંત્ર તેમના જીવની સુરક્ષા પ્રત્યે ઘોર બેદરકારી દાખવી રહ્યું છે.સાપુતારાથી શામગહાન સુધીનાં ઘાટમાર્ગમાં રસ્તાની બિલકુલ બાજુમાં મોતના દૂત બનીને લટકી રહેલા મોટા-મોટા જોખમી પથ્થરોને હટાવવાની વહીવટી તંત્ર તસ્દી સુધ્ધા લેતુ નથી. તંત્રની આ ગુનાહિત આળસને કારણે પ્રજામાં તીવ્ર રોષ વ્યાપ્યો છે અને સવાલ ઉઠી રહ્યો છે કે શું આ આંધળું-બહેરૂં તંત્ર કોઈ મોટી હોનારતની રાહ જોઈને બેઠું છે.ચોમાસા દરમિયાન સાપુતારાની સ્થિતિ અત્યંત ભયજનક અને ચિંતાજનક બની જાય છે. દિવસ-રાત



સમગ્ર ઘાટમાર્ગ ગાઢ ધુમ્મસની ચાદરમાં લપેટાઈ જાય છે, જેના કારણે વાહનચાલકો માટે વિઝિબિલિટી શૂન્ય થઈ જાય છે. આવા પ્રતિકૂળ વાતાવરણમાં જ્યારે ધોધમાર વરસાદ તૂટી પડે છે, ત્યારે પહાડો પરથી અચાનક જ ભારેખમ પથ્થરો અને ભેખડો સીધી ચાલુ વાહનો પર કે રસ્તાની વચ્ચે ધસી પડે છે. આવી સ્થિતિમાં ઘાટમાર્ગ પરથી પસાર થવું એટલે પ્રવાસીઓ અને સ્થાનિક રાહદારીઓ માટે સીધું મોત સાથે રમત રમવા સમાન સાબિત થઈ રહ્યું છે. કોઈપણ ક્ષણે પથ્થર નીચે કચડાઈ જવાનો કે વાહન સીધું ઊંડી ખીણમાં ખાબકવાનો ભય સતત તોળાતો રહે છે.વહીવટી તંત્રની આ ઘોર નિષ્ક્રિયતા અને નઘરોળ નીતિ સામે હવે સ્થાનિક જનતા અને પ્રવાસીઓમાં રોષ સાથે નારાજગી જોવા મળી રહી છે. ત્યારે તંત્ર કાગળ પર વિકાસની ગુલબાંગો ફેંકવાનું બંધ કરે અને વાસ્તવિક પરિસ્થિતિ પર ધ્યાન આપે એવી લોકમાંગ પણ જોવા મળી રહી છે. સ્થાનિકોની મુખ્ય માંગણીઓની વાત કરીએ તો સાપુતારા ઘાટમાર્ગ પર લટકતા અને ગમે ત્યારે તૂટી પડે તેવા જોખમી પથ્થરો અને વૃક્ષોને તાત્કાલિક ધોરણે હટાવવામાં આવે, અકસ્માત નિયંત્રિત કરવા માટે સાંકડા અને જોખમી બનેલા આ ઘાટમાર્ગના રસ્તાને વહેલી તકે પહોળો કરવામાં આવે,ચોમાસા દરમિયાન ધુમ્મસ અને વરસાદી માહોલમાં પ્રવાસીઓની સુરક્ષા માટે વિશેષ વ્યવસ્થા ઊભી કરાય.તથા પ્રજાના પૈસે લહેર કરતું વહીવટી તંત્ર હવે તો ઘોર નિદ્રામાંથી જાગે તે પણ જરૂરી બન્યુ છે.

## દાંડીની વિનય મંદિરમાં 'યુવાન' પુસ્તક પર પ્રેરણાદાયી વાર્તાલાપ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા. ૧૯ :** ઐતિહાસિક દાંડી સ્થિત વિનય મંદિર દાંડી હાઈસ્કુલ ખાતે વિદ્યાર્થીઓમાં વાંચનપ્રેમ, વિચારશક્તિ અને વ્યક્તિત્વ વિકાસને પ્રોત્સાહિત કરવાના હેતુથી આચાર્ય ડો. યોગેશ ગોરાનેના માર્ગદર્શન હેઠળ -ાક્ષિક પુસ્તક સમીક્ષા અને વાર્તાલાપ કાર્યક્રમનું શરૂ કરવામાં આવ્યો છે. તે અંતર્ગત આ વર્ષના પ્રથમ પુસ્તક સમીક્ષા અને વાર્તાલાપ કાર્યક્રમમાં આચાર્ય ડો. યોગેશ ગોરાનેએ 'યુવાન' પુસ્તક ઉપર વાર્તાલાપ આપ્યો હતો. કાર્યક્રમ દરમિયાન પુસ્તકમાં રજૂ થયેલા યુવાનોના જીવનમૂલ્યો,



રાષ્ટ્રનિર્માણમાં યુવાનોની ભૂમિકા, સ્વાનુશાસન, નેતૃત્વ, સંઘર્ષ અને સફળતાના વિવિધ પાસાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. વક્તાશ્રીએ પુસ્તકના મુખ્ય વિચારોને સરળ ભાષામાં સમજાવતા વિદ્યાર્થીઓને જીવનમાં હકારાત્મક દૃષ્ટિકોણ અપનાવવા અને પોતાના લક્ષ્યો પ્રત્યે પ્રતિબદ્ધ રહેવા પ્રેરિત કર્યા હતા. વિદ્યાર્થીઓને જીવન ઘડતરમાં ઉપયોગી આ પ્રકારની શરૂઆત માટે સંચાલક મંડળ અને મંત્રી ધીરુભાઈ પટેલે સમગ્ર શાળા પરિવારને ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા હતાં.

## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૨૦-૦૭-૨૦૨૬, **વાર :** સોમવાર **તિથિ :** અષાઢ, સાતમ **સૂર્યોદય :** ૦૬ : ૦૯ **સૂર્યાસ્ત** ૦૭ :૨૨, **ચંદ્રોદય** - ૧૧:૪૭ **ચંદ્રાસ્ત** - ૧૧:૩૨ **ચંદ્ર રાશિ :** કન્યા, **નક્ષત્ર** - હસ્ત

### આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** આજનો દિવસ તમારા માટે વ્યસ્તતાથી ભરેલો રહેશે, પરંતુ તમારી આ ભાગદોડ સફળતાની નવી દિશા પણ દેખાડશે. કંઈક મોટું કરવાની ઉત્સાહ જળવાઈ રહેશે, જો કે જોખમી નિર્ણયોથી દૂર રહેવું.

**વૃષભ(બ.વ.ઉ) :** આજનો દિવસ આર્થિક રીતે મજબૂત રહેશે. બચત પર પૂરું ધ્યાન આપી શકશો અને તમારા ઈરાદાઓથી જીવનમાં પ્રગતિ કરશો.

**મિથુન(ક.છ.ઘ) :** આત્મવિશ્વાસ અને દ્રઢ સંકલ્પથી તમે દરેક કાર્ય પાર પાડી શકશો. આર્થિક સ્થિતિ સામાન્ય રહેશે, પરંતુ ફાલતુ ખર્ચાઓ પર કાબૂ રાખવો.

**કર્ક(ડ.હ) :** નોકરીમાં તમારી સાખ વધશે અને આર્થિક સ્થિતિમાં સુધારો જોવા મળશે. આજે તમને કોઈ સારા સમાચાર મળી શકે છે.

**સિંહ(મ.ટ.) :** આજનો દિવસ તમારા માટે ખૂબ જ ખાસ છે અને તમને કોઈ મોટી સફળતા કે બ્રેકથ્રુ મળી શકે છે. ખર્ચાઓ પર યોગ્ય નિયંત્રણ રાખો અને નવી યોજનાઓ બનાવો.

**કન્યા(પ.ઠ.ણ.) :** આજનો દિવસ તમારા માટે ઉત્તમ રહેશે. અટકેલા કાર્યો પૂરા થશે અને વેપારમાં લાભના નવા રસ્તા ખુલશે.

**તુલા (ર.ત.) :** ધૈર્યથી કામ લેવાનો દિવસ છે. કોઈપણ પ્રકારના મોટા આર્થિક રોકાણ કે જોખમથી આજે તમારે બચવું જોઈએ.

**વૃશ્ચિક(ન.ય.) :** જૂના સંપર્કો તમને આજે મોટો ફાયદો કરાવી શકે છે. ટીમમાં અથવા સાથે મળીને કામ કરવાથી સફળતા મળશે.

**ધન(ભ.ધ.ફ.ઢ.) :** આજનો દિવસ કાર્યક્ષેત્રમાં તમારી તરક્કીનો રહેશે. સુરક્ષિત બચત પર તમારું પૂરું ધ્યાન રહેશે અને ઉચ્ચ અધિકારીઓનો સહયોગ -ાપ્ત થશે.

**મકર(જ.ખ) :** આજના દિવસે તમારી યોજનાઓની સમીક્ષા કરો અને પોતાના હુનરને વધારવા પર વિશેષ ધ્યાન આપો.

**કુંભ(ગ.શ.સ.) :** આર્થિક બાબતોમાં સ્પષ્ટતા રાખો અને શાંત દિમાગથી નિર્ણય લો. અટકેલા નાણાં પાછા મેળવવા માટે આજે સારો દિવસ છે.

**મીન(દ.ચ.ઝ.થ.) :** આજનો દિવસ સામાન્ય રીતે સારો રહેશે, પરંતુ કોઈપણ અગત્યની ફાઈલ કે કાગળોની ચકાસણી કર્યા પછી જ આગળ વધવું.

## દમણ રેડિયો

**102.3 FM**

આકાશવાણી

**સોમવાર**

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ - વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન

## સુડોકુ નં.૬૩૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 5 | | | | 7 | 6 | |
| 8 | | 7 | | 4 | 5 | | | |
| | | 2 | | | | | | 4 |
| 2 | | | 6 | 8 | | 9 | 3 | |
| | | | 3 | | 2 | | | |
| | 3 | 4 | | 9 | 1 | | | 2 |
| 9 | | | | | | 3 | | |
| | | | 2 | 5 | | 6 | | 7 |
| | 5 | 3 | | | | 4 | | |

અહીં એક ચોકઠું આપ્યું છે

જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૬૩૦નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 7 | 2 | 1 | 3 | 8 | 5 | 4 | 9 |
| 3 | 8 | 1 | 5 | 9 | 4 | 7 | 2 | 6 |
| 9 | 5 | 1 | 2 | 6 | 7 | 3 | 8 | 1 |
| 4 | 2 | 3 | 7 | 1 | 9 | 6 | 5 | 8 |
| 1 | 9 | 7 | 6 | 8 | 5 | 4 | 3 | 2 |
| 5 | 6 | 8 | 4 | 2 | 3 | 9 | 1 | 7 |
| 8 | 1 | 9 | 3 | 4 | 6 | 2 | 7 | 5 |
| 2 | 3 | 5 | 9 | 7 | 1 | 8 | 6 | 4 |
| 7 | 4 | 6 | 8 | 5 | 2 | 1 | 9 | 3 |

સ્થાનિક સમાચારો

● વલસાડ ● પારડી ● ધરમપુર ● કપરાડા ●વાપી ● ઉમરગામ ●દમણ ● સેલવાસ

VAPI PAGE - 03

Monday 20, July 2026

દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

# વલસાડ જિલ્લા સંકલન સમિતિની બેઠક મળી

## ઓછું અનાજ આપતા સસ્તા અનાજના દુકાનદારો સામે કડક કાર્યવાહી થશે : કલેક્ટર



(દમણગંગા ટાઈમ્સ)

**વલસાડ, તા. ૧૯ :** વલસાડ જિલ્લા સંકલન સમિતિની બેઠકમાં કલેક્ટરશ્રી નીતિન સાંગવાને અધિકારીઓને અરજદારોના અરજીઓ પ્રત્યે હકારાત્મક અભિગમ અપનાવી ઝડપથી કાર્યવાહી કરવા અનુરોધ કર્યો હતો.

કલેકટરાલયના સભાખંડમાં જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલ સહિત પદાધિકારીઓ અને અધિકારીઓની ઉપસ્થિતિમાં મળેલી બેઠકમાં ઉમરગામના ધારાસભ્ય રમણભાઈ પાટકરના દ્વારા સસ્તા અનાજના દુકાનધારક દ્વારા ઓછું અનાજ આપવામાં આવતું હોવાની ફરિયાદને લઈ, કલેકટરે રજુઆતને ધ્યાને લઈ ઓછું અનાજ આપતા સસ્તા અનાજના દુકાનધારકો સામે તપાસ હાથ ધરી, કડક કાર્યવાહી સાથે દુકાન લાયસન્સ રદ કરવાની કાર્યવાહી સુચના આપી છે. તેમણે જણાવ્યું કે, જો અનાજનો જથ્થો ઓછો આવે તો ગામની વિજિલન્સ કમિટીએ ચકાસણી કર્યા બાદ જ જથ્થો સ્વીકારવો જોઈએ. જિલ્લામાં કોઈપણ સસ્તા અનાજની દુકાનમાં ઓછો જથ્થો આપવા અંગે કોઈપણ ફરિયાદ આવશે તો તુરંત જ કાર્યવાહી કરવામાં આવશે. ધારાસભ્યે બોરીગામ ગામે મંજુર થયેલી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા બાંધકામ અંગે રજુઆત કરતાં સબંધિત અધિકારીએ ટૂંક સમયમાં જમીન ફાળવણી અંગે કાર્યવાહી પુર્ણ કરવામાં આવશે તેમ જણાવ્યું હતું. તેમણે ડહેલી ઝરીપાડા ખાતે રસ્તો ખુલ્લો કરવા તેમજ ટ્રાયબલ સબપ્લાન કચેરી દ્વારા સમયસર ડાંગર કીટ આપવા રજુઆત કરી હતી.

ધરમપુરના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલે હનમતમાળ ખાતે ૧૧ માં નાણાં પંચમાં મંજુર થયેલ કોમ્યુનિટી હોલના કામ બાબતે રજુ કરતાં તાલુકા વિકાસ અધિકારીએ કામગીરી પુર્ણ કરવામાં આવી હોવાનું જણાવ્યું હતું. જયારે બામટી લાલડુંગરી ખાતે મંજુર થયેલ કોમ્યુનિટી હોલની કામગીરી ઘણા લાંબા સમયથી ખોરંભે પડી છે. તેવી રજુઆત કરતાં કાર્યપાલક ઈજનેરશ્રી જતીન પટેલે નવી ટેન્ડર પ્રક્રિયા થઈ છે અને નવ માસમાં કામગીરી પુર્ણ કરવા ખાતરી આપી હતી.

ધારાસભ્યે ધરમપુર નગરમાં આવેલી માજી રાજબા કન્યા શાળા જે રાજાના સમયની ધરોહર છે તેની જાળવણી અને હેરીટેજમાં લેવા અંગે રજુઆત કરી હતી. કલેકટરએ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને ઝડપથી કાર્યવાહી કરી, તેમને જાણ કરવા સુચના આપી હતી. ધારાસભ્યએ એસટી બસ સેવા, વિયર કમ કોઝવે અને ટેલીફોન સેવા સહિતના પ્રશ્નો રજુ કર્યા હતા.

બેઠકમાં વલસાડ ધારાસભ્યશ્રી ભરતભાઈ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચપલોત, જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજા સહિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ધોલાઈ બંદર શ્રી માછીમાર વ્યવસ્થાપન સમિતિ ટ્રસ્ટના હોદ્દેદારોની ફરી બિનહરીફ વરણી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૯ :** શ્રી માછીમાર વ્યવસ્થાપન સમિતિ ટ્રસ્ટ, ધોલાઈ બંદરના તમામ ટ્રસ્ટીઓની એક મહત્વની વ્યવસ્થાપક કમિટી મિટિંગ શનિવાર, તા. ૧૮.૦૭.૨૦૨૬ના રોજ યોજાઈ હતી. આ બેઠકમાં ટ્રસ્ટના તમામ હોદ્દેદારોની સમય ટર્મ પૂર્ણ થતાં, નવેસરથી વરણી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેમાં તમામ સભ્યો દ્વારા સર્વાનુમતે જૂની કમિટીની કામગીરી પર પૂર્ણ વિશ્વાસ મૂકીને તમામ હોદ્દેદારોને બિનહરીફ યથાવત રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ટ્રસ્ટના હોદ્દેદારો માં પ્રમુખ ઈશ્વરભાઈ ડી. ટંડેલ, ઉપપ્રમુખ ઠાકોરભાઈ બી. ટંડેલ, મંત્રી મથુરદાસ પી. ટંડેલ સહમંત્રી જયંતિભાઈ એલ. ટંડેલ, ખજાનચી સંદીપકુમાર એલ. ટંડેલ ની વરણી કરવામાં આવી હતી. વર્ષ ૨૦૨૦થી આ જ ટીમ સતત ધોલાઈ બંદરના વિકાસ કાર્યોને વધુ વેગવાન અને પ્રગતિશીલ બનાવવા માટે રાત-દિવસ કાર્યરત છે. માછીમારોના હિતમાં સદાય તત્પર રહીને બંદરનો સુચારૂ અને પારદર્શક વહીવટ ચલાવવાની સંપૂર્ણ જવાબદારી આ ટીમે ફરી એકવાર પોતાના ખભે ઉપાડી છે.

તમામ હોદ્દેદારોની ફરીથી બિનહરીફ વરણી થવા બદલ માછીમાર સમાજ, ટ્રસ્ટના સભ્યો અને સ્થાનિક આગેવાનો દ્વારા નવ નિયુક્ત હોદ્દેદારોને અભિનંદન પાઠવી, આગામી સમય માટે ઉજ્જવળ શુભેચ્છાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે.

# ઘોડીપાડાના નેત્રયજ્ઞમાં ૩૫૦ દર્દીઓની આંખોની તપાસ કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૧૯ :** સાંસ્કૃતિક વિકાસ મંડળ, ઘોડીપાડા દ્વારા અતુલ રૂરલ ડેવલપમેન્ટ ફંડ તથા આર.એન.સી. બી.વી.આઈ. હોસ્પિટલ, વલસાડના સહયોગથી ઘોડીપાડા સાંસ્કૃતિક હોલ ખાતે મફત નેત્રયજ્ઞનું સફળ આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમમાં ઉમરગામના ધારાસભ્ય રમણલાલ પાટકર, જિલ્લા પંચાયત સદસ્ય રામદાસભાઈ વરઠા, ઘોડીપાડાના સરપંચ મીનાબેન વિજયભાઈ પાટકર, એ.પી.એમ.સી. ઉપપ્રમુખ વિજયભાઈ પાટકર તેમજ ભાજપ જિલ્લા યુવા મોરચાના હેમંત વારલી સહિત આગેવાનો, કાર્યકરો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા. મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો. કેમ્પમાં કુલ ૩૫૦ દર્દીઓની નિઃશુલ્ક આંખોની તપાસ કરવામાં આવી હતી. ઉપરાંત ૨૭૦ લાભાર્થીઓને મફત ચશ્માંનું વિતરણ કરવામાં આવ્યું હતું. તપાસ દરમિયાન ૪૦ મોતિયાબિંદના દર્દીઓની ઓળખ કરી તેમને વલસાડ સ્થિત હોસ્પિટલમાં નિઃશુલ્ક સર્જરી માટે લઈ જવાની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. આ સેવાકીય આયોજનને સફળ બનાવવા બદલ ડોક્ટરો, તબીબી સ્ટાફ, અતુલ રૂરલ ડેવલપમેન્ટ ફંડ, આર.એન.સી. બી.વી.આઈ. હોસ્પિટલ, સ્વયંસેવકો, કાર્યકરો અને સહયોગી સંસ્થાઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન એ.પી.એમ.સી. ઉપપ્રમુખ વિજયભાઈ પાટકરના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું.

# વાપીમાં માર્ગ સુરક્ષા જાગૃતિ પ્રતિભા સન્માન કાર્યક્રમ યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૯:** સેલ્ફ ફાઈનાન્સ સ્કૂલ એસોસિએશન, વલસાડ, વલસાડ પોલીસ, વાપી મહાનગરપાલિકા અને જિલ્લા શિક્ષણ વિભાગ, વલસાડના સંયુક્ત ઉપક્રમે આગામી ૨૧ જુલાઈ, ૨૦૨૬ (મંગળવાર)ના રોજ માર્ગ સુરક્ષા જાગૃતિ પ્રતિભા સન્માન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

ટ્રાફિક નિયમોના પાલન અંગે જાગૃતિ કેળવવા તેમજ માર્ગ સુરક્ષાના ક્ષેત્રે શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર સ્કૂલ સંચાલકો, ટ્રસ્ટી અને શિક્ષકોનું સન્માન કરવાના હેતુથી યોજાનારા આ કાર્યક્રમનું સૂત્ર 'શિક્ષણ અને માર્ગ સુરક્ષા - રાષ્ટ્ર નિર્માણનો મજબૂત આધાર' રાખવામાં આવ્યું છે.

કાર્યક્રમમાં વાપી મહાનગરપાલિકાના મેયર દક્ષાબેન પટેલ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે. જ્યારે વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજા, જિલ્લા નાયબ પોલીસ વડા બી. એન. દવે, વાપી મહાનગરપાલિકાના કમિશનર એન. કે. ચૌધરી, ડેપ્યુટી કમિશનર રાણા તેમજ જિલ્લા શિક્ષણ અધિકારી ડૉ. રાજશ્રીબેન ટંડેલ વિશેષ ઉપસ્થિતિ આપશે.

આ ઉપરાંત ડેપ્યુટી મેયર મિતેશ દેસાઈ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સતીશ પટેલ તથા સેલ્ફ ફાઈનાન્સ સ્કૂલ એસોસિએશનના હોદ્દેદારો પણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.આ કાર્યક્રમ ૨૧ જુલાઈ, ૨૦૨૬ના રોજ બપોરે ૩:૦૦ વાગ્યે પદ્મ વિભૂષણ રજ્જુ શ્રોફ ઓડિટોરિયમ, નામધા રોડ, વાપી ખાતે યોજાશે. આયોજકો દ્વારા શિક્ષકો અને નાગરિકોને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી માર્ગ સુરક્ષાના આ જનજાગૃતિ અભિયાનને સફળ બનાવવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# ચણોદ કેબીએસ કોલેજમાં વ્યસન મુકિત અંગે કાર્યક્રમ યોજાયો




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૯ :** વાપી ચણોદ કોલોની ખાતે આવેલ કેબીએસ કોમર્સ અને નટરાજ પ્રોફેશનલ સાયન્સીસ કોલેજમાં NSS યુનિટ તથા માન્યા ફઝ્બના સહયોગથી વિદ્યાર્થીઓમાં વ્યસનમુક્તિ અંગે જાગૃતિ લાવવાના હેતુથી નશા મુક્તિ જાગૃતિ કાર્યક્રમ યોજાયો. કાર્યક્રમનું ઉદ્ઘાટન વાપી શહેરના PSI કે.કે. પરમાર અને મુખ્ય વક્તા ડૉ. જીત જી. નાપરાએ દીપ પ્રગટાવી કર્યું હતું.મુખ્ય વક્તાએ દારૂ, તમાકુ, ડ્રગ્સ સહિતના વ્યસનોના શારીરિક, માનસિક, સામાજિક અને આર્થિક દૂષ્પરિણામોની માહિતી આપી સ્વસ્થ અને વ્યસનમુક્ત જીવનશૈલી અપનાવવાનો સંદેશ આપ્યો હતો. સાથે જ વ્યસન નિવારણમાં પરિવાર, શૈક્ષણિક સંસ્થાઓ અને સમાજની મહત્વપૂર્ણ ભૂમિકા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો, NSS સ્વયંસેવકો, સ્ટાફ સભ્યો તેમજ માન્યા NGOના પ્રમુખ સરબજીત કૌર અને ટ્રસ્ટના સભ્યોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સહભાગીઓએ વ્યસનથી દૂર રહી અન્ય લોકોને પણ જાગૃત કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન NSS પ્રોગ્રામ ઓફિસર ડૉ. ખુશ્બુ દેસાઈ અને ડૉ. મયુર પટેલે કર્યું હતું. અંતે કોલેજના આચાર્ય ડૉ. પૂનમ બી. ચૌહાણે મુખ્ય મહેમાન, વક્તાઓ અને તમામ સહભાગીઓનો આભાર વ્યક્ત કરી વ્યસનમુક્ત સમાજના નિર્માણ માટે સૌને સંકલ્પબદ્ધ બનવા અનુરોધ કર્યો હતો.

# વલસાડમાં હાઈવે પરથી ગેરકાયદે કરેલા દબાણો હટાવાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૯ :** વલસાડ જિલ્લામાંથી પસાર થતો નેશનલ હાઈવે નંબર ૪૮ પર બંને તરફ લારી ગલ્લા અને મંડપ પર લગાવી બિન્દાસ ધંધો કરતા હોય છે જેના કારણે ટ્રાફિક અને અકસ્માતો ના બનાવો બન્યા છે. તેને લઈ હાઈવે ઓથોરિટી દ્વારા નેશનલ હાઈવે પર આવેલા વલસાડના અતુલ અને પારનેરા સહિત જિલ્લાના અન્ય વિસ્તારોમાં દબાણો દૂર કરવા માટે હાઈવે પરથી દબાણો દૂર કરવામાં આવતા લારી ગલ્લા મંડપ લગાવનારાઓમાં ફફડાટ ફેલાઈ ગયો છે. હાઈવે ઓથોરિટી દ્વારા વલસાડ જિલ્લામાં આશરે ૭૦ કિલોમીટર જેટલા લાંબા નેશનલ હાઈવે વિસ્તારને સંપૂર્ણપણે દબાણમુક્ત કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. હાઈવે ઓથોરિટીએ નેશનલ હાઈવેની માલિકીની જમીન પર તાણી બંધાયેલા પાકા બાંધકામો, શેડ અને દુકાનો જેવા ગેરકાયદેસર કબ્જાઓને પણ ખાલી કરવા માટે નોટિસો ફટકારી દીધી છે. જો આ દબાણો જાતે દૂર કરવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં જરૂર પડ્યે ડિમોલેશન ની કાર્યવાહી કરવાની એ તૈયારી બતાવી છે.

અતુલ પારલેરા વિસ્તારના હાઈવે પર દબાણો દૂર કરવાની કામગીરી કરાતા લારી ગલ્લો ચલાવ નારા રોજગારી નહી મળતા ચિંતા માં મુકાયા છે.

# નારગોલ ભંડારી સમાજનું ગૌરવ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૧૯ :** નારગોલ ભંડારી સમાજ માટે ગૌરવનો દિવસ. સમાજની દીકરી ડો. અદિતિ મુકેશભાઈ ભંડારી એ MBBS ની ડિગ્રી પ્રાપ્ત કર્યા બાદ ભીલાડ સામુહિક આરોગ્ય કેન્દ્ર - C.H.C. ખાતે મેડિકલ ઓફિસર તરીકે સરકારી સેવામાં જોડાઈ છે. આ ઉપલક્ષ્યમાં ભંડારી સમાજ નારગોલ દ્વારા જગદંબાધામ ખાતે મળેલી સમાજની સામાન્ય સભામાં ડો. અદિતિ તથા તેમના માતા-પિતા મુકેશભાઈ અને પરિવારનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. સભાની અધ્યક્ષતા સમાજના પ્રમુખ યતીનભાઈ ભંડારી એ કરી હતી. સમાજના વડીલો અને હોદ્દેદારોની ઉપસ્થિતિમાં ડો. અદિતિને ફૂલહાર, શાલ અને સ્મૃતિચિન્હ આપીને સન્માનિત કરવામાં આવ્યા.

અમદાવાદની BJ મેડિકલ કોલેજમાંથી MBBS ની ડિગ્રી મેળવનાર ડો. અદિતિ ભંડારી ૭૭૯ પૂર્ણ કર્યા બાદ તરત જ તેમને ભીલાડ C.H.C. ખાતે મેડિકલ ઓફિસર તરીકે નિમણૂક મળતા તેમણે લોકસેવાની શરૂઆત કરી છે. આ પ્રસંગે પ્રમુખ યતીનભાઈ ભંડારી એ જણાવ્યું કે, આપણી સમાજની દીકરી ડો. અદિતિ એ માત્ર પરિવારનું જ નહીં, સમગ્ર સમાજ અને ગામનું નામ રોશન કર્યું છે. સમાજના વડીલોએ ડો. અદિતિને ખંત, પ્રમાણિકતા અને નિષ્ઠા સાથે માનવસેવા કરવાના આશીર્વાદ આપ્યા. ડો. અદિતિ ભંડારીએ સમાજ, વડીલો અને ગ્રામજનોનો આભાર માન્યો હતો.

સમગ્ર કાર્યક્રમ દરમિયાન સમાજના સભ્યોમાં ખુશી અને ગૌરવનો માહોલ જોવા મળ્યો હતો.

# વાપી આર. કે. દેસાઈ કોલેજમાં જગન્નાથ યાત્રાની ઉજવણી થઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૯ :** શ્રીમતી કે.આર. દેસાઈ કોલેજ ઓફ પી.ટી.સી. ખાતે અષાઢી બીજ અને ભગવાન શ્રી જગન્નાથજીની રથયાત્રા નિમિત્તે ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ભજન, નૃત્ય અને નાટકની સુંદર રજૂઆત કરીને સૌનું મન મોહી લીધું હતું. આ પ્રસંગે ભગવાન શ્રી જગન્નાથજીની આકર્ષક ઝાંખી તૈયાર કરવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન પી.ટી.સી. કોલેજના આચાર્ય સરોજબેન પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. અને અધ્યાપકો કુંજલબેન ટંડેલ અને દીપ પટેલ એ સંચાલકની ભૂમિકા ભજવી હતી. ત્યારબાદ ભક્તિમય વાતાવરણ વચ્ચે ભગવાનની રથયાત્રા કાઢવામાં આવી, જેમાં સંસ્થાના સર્વ આચાર્યશ્રીઓ, અધ્યાપકો અને વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ કાર્યક્રમને સુંદર બનાવ્યો હતો. આમ કાર્યક્રમનું આયોજન કરવા બદલ સંસ્થાના ચેરમેન મિલન દેસાઈ તથા કેમ્પસડાયરેકટર ડૉ. મિત્તલ શાહએ અભિનંદન પાઠવ્યા હતા.

દમણગંગા ટાઇમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

# સેલવાસની લોક અદાલતમાં ૮૫ કેસો રજૂ થયા

## ૧૧ ચેક બાઉન્સ કેસોનું સમાધાન, ૮૫ કેસો રજૂ થયા : રૂા. ૨૦.૦૧ લાખની સેટલમેન્ટ પર પક્ષકારો વચ્ચે સમજૂતી કરાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)



**સેલવાસ, તા. ૧૯ :** રાષ્ટ્રીય કાનૂની સેવા પ્રાધિકરણ, નવી દિલ્હી તથા રાજ્ય કાનૂની સેવા પ્રાધિકરણના માર્ગદર્શન હેઠળ શનિવારે સેલવાસા જિલ્લા ન્યાયાલય પરિસરમાં વિશેષ લોક અદાલતનું સફળ આયોજન કરવામાં આવ્યું. આ લોક અદાલતનું આયોજન જિલ્લા કાનૂની સેવા પ્રાધિકરણ, દાદરા અને નગર હવેલી દ્વારા માનનીય રાષ્ટ્રીય કાનૂની સેવા પ્રાધિકરણ તેમજ જિલ્લા કાનૂની સેવા પ્રાધિકરણના અધ્યક્ષ અને પ્રિન્સિપલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું. વિશેષ લોક અદાલતમાં મુખ્યત્વે ચેક બાઉન્સ સંબંધિત કેસોની સુનાવણી કરવામાં આવી હતી. કુલ ૮૫ કેસો લોક અદાલત સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા, જેમાંથી ૧૧ કેસોનો પરસ્પર સમાધાનથી નિકાલ કરવામાં આવ્યો હતો.

આ કેસોમાં કુલ રૂ. ૨૦,૦૧,૦૦૦ની સેટલમેન્ટ પર બંને પક્ષો વચ્ચે સહમતિ થઈ હતી.

# સેલવાસમાં સ્પેશિયલ જુવેનાઈલ પોલીસ યુનિટ માટે વિશેષ તાલીમ યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)



**સેલવાસ, તા. ૧૯ :** રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળી માર્ગદર્શિકા અનુસાર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, દાદરા અને નગર હવેલી દ્વારા સેલવાસ પોલીસ હેડક્વાર્ટર ખાતે સ્પેશિયલ જુવેનાઈલ પોલીસ યુનિટના અધિકારીઓ અને કર્મચારીઓ માટે વિશેષ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમનો હેતુ બાળ સંબંધી કેસોમાં પોલીસ અધિકારીઓની કાયદાકીય સમજ અને સંવેદનશીલતા વધારવાનો હતો. કાર્યક્રમમાં નમો મેડિકલ કોલેજ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યુટના ડૉ. નયન શોભાજીએ બાળ મનોવિજ્ઞાન અંગે માર્ગદર્શન આપતાં બાળકોના વર્તન, તેમની માનસિક સ્થિતિને સમજવાની રીતો તેમજ તેમની સાથે સંવેદનશીલ રીતે વ્યવહાર કેવી રીતે કરવો તે અંગે વિસ્તૃત માહિતી આપી હતી.

જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળે જણાવ્યું હતું કે આવા તાલીમ કાર્યક્રમોનો મુખ્ય હેતુ પોલીસ અધિકારીઓને બાળ અધિકારો, કાયદાકીય પ્રક્રિયા અને બાળમૈત્રી પોલીસિંગ અંગે વધુ સજ્જ બનાવવાનો છે, જેથી જુવેનાઈલ ન્યાય વ્યવસ્થાને વધુ અસરકારક બનાવી શકાય.

# સેલવાસમાં ૧૭૯ શાળાના આચાર્યો માટે પાંચ દિવસીય તાલીમ શિબિર સંપન્ન

## નવી શિક્ષણ નીતિ-૨૦૨૦, શૈક્ષણિક નેતૃત્વ અને વાર્ષિક આયોજન અંગે વિશેષ તાલીમ અપાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૧૯ :** દાદરા અને નગર હવેલીના શિક્ષણ વિભાગ દ્વારા શાળાઓમાં શૈક્ષણિક ગુણવત્તા અને વહીવટી કાર્યક્ષમતાને વધુ મજબૂત બનાવવા માટે પાંચ દિવસીય શૈક્ષણિક નેતૃત્વ અને આયોજન તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. મસાટ સ્થિત મેજર ધનસિંહ થાપા ઉચ્ચતર માધ્યમિક શાળામાં યોજાયેલા આ કાર્યક્રમમાં પ્રદેશની વિવિધ શાળાઓના ૧૭૯ આચાર્યોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. તાલીમ દરમિયાન જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના નિષ્ણાત શિક્ષકોએ રિસોર્સ પર્સન તરીકે ઉપસ્થિત રહી શૈક્ષણિક નેતૃત્વ, વહીવટી આયોજન અને અસરકારક શાળા સંચાલન અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.

કાર્યક્રમમાં નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિના અસરકારક અમલ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા આચાર્યોને નવી શિક્ષણ નીતિના વિવિધ પાસાઓ અંગે વ્યવહારુ તાલીમ આપવામાં આવી હતી, તાલીમ દરમિયાન વાર્ષિક શૈક્ષણિક આયોજન, શૈક્ષણિક અને સહ-શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન, નેશનલ પ્રોફેશનલ સ્ટાન્ડર્ડ્સ ફોર ટીચર્સ, તેમજ શિક્ષકો અને વિદ્યાર્થીઓ માટે આધુનિક મેન્ટરિંગ પદ્ધતિ જેવા મહત્વપૂર્ણ વિષયો પર વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

સમગ્ર તાલીમ શિબિર જ્ઞાનવર્ધક અને સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં સફળતાપૂર્વક પૂર્ણ થઈ હતી.

# વલસાડ જિલ્લામાં શિક્ષણ ક્ષેત્રે ગુણવત્તા સુધારણા માટે 'ઉત્કર્ષ ૩.૦' કાર્યક્રમ યોજાયો

## ઓછુ પરિણામ ધરાવતી કુલ ૩૮ શાળા વર્ગ-૨ના અધિકારીઓને દત્તક સોંપી પરિણામ સુધારણા માટે માઈક્રો-પ્લાનિંગ કરાયું





(દમણગંગા ટાઈમ્સ)

**વલસાડ, તા. ૧૯ :** શૈક્ષણિક ગુણવત્તામાં વધારો તેમજ ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાના પરિણામોમાં સુધારો લાવવાના હેતુથી વલસાડ જિલ્લા શિક્ષણ વિભાગના ઉપક્રમે શેઠ આર.જે. હાઈસ્કૂલ ખાતે 'ઉત્કર્ષ ૩.૦' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા શિક્ષણ અધિકારી ડૉ. રાજેશ્રી એલ. ટંડેલના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં જિલ્લાના શિક્ષણ નિરીક્ષકો, વર્ગ-૨ના અધિકારીઓ, સરકારી, અનુદાનિત અને બિનઅનુદાનિત શાળાઓના આચાર્યઓ તેમજ શિક્ષણવિદોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

જિલ્લા શિક્ષણ નિરીક્ષક ડૉ. બિપિનભાઈ પટેલે કાર્યક્રમની રૂપરેખા રજૂ કરતાં માર્ચ-૨૦૨૬માં યોજાયેલી ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષામાં જિલ્લાના પરિણામોનું વિગતવાર આંકડાકીય વિશ્લેષણ રજૂ કર્યું હતું. ખાસ કરીને ૫૦ ટકાથી ઓછું પરિણામ ધરાવતી તથા ૫૦થી ૮૦ ટકા વચ્ચેનું પરિણામ મેળવનારી શાળાઓના પરિણામોમાં ગુણાત્મક સુધારો લાવવા માટે માઈક્રો-પ્લાનિંગ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. બેઠક દરમિયાન ૫૦ ટકાથી ઓછું પરિણામ ધરાવતી શાળાઓના આચાર્યઓ પાસેથી છેલ્લા ત્રણ વર્ષના પરિણામોની સમીક્ષા, ઓછા પરિણામ પાછળના વાસ્તવિક કારણો તથા આગામી બોર્ડ પરીક્ષામાં પરિણામ સુધારવા માટે હાથ ધરાનારા ચોક્કસ પગલાં અંગે વિગતવાર માહિતી મેળવવામાં આવી હતી. જેમાં ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહની ૧૫ અને ધો. ૧૦ની ૨૩ શાળાનો સમાવેશ થાય છે.


વર્ગ -બેના અધિકારીઓ નિયમિત મુલાકાતો, શૈક્ષણિક માર્ગદર્શન, પ્રગતિની સમીક્ષા અને જરૂરી અનુસરણ દ્વારા આ કુલ ૩૮ શાળાના પરિણામોમાં ગુણાત્મક સુધારો લાવવા માટે કામગીરી કરશે.

કાર્યક્રમ દરમિયાન ૮૦ ટકાથી વધુ પરિણામ મેળવનારી શાળાઓના આચાર્યશ્રીઓએ પોતાના સફળ આયોજન, અસરકારક શૈક્ષણિક અભિગમ, સ્માર્ટ વર્ક અને શ્રેષ્ઠ કામગીરીના અનુભવો અન્ય શાળાઓ સાથે વહેંચ્યા હતા.

અધ્યક્ષસ્થાનેથી સંબોધનમાં જિલ્લા શિક્ષણ અધિકારી ડૉ. રાજેશ્રી એલ. ટંડેલે જણાવ્યું કે, શાળાનું સકારાત્મક વાતાવરણ, શિક્ષકોનું સમર્પિત માર્ગદર્શન અને સુવ્યવસ્થિત આયોજન વિદ્યાર્થીઓની સફળતાનો આધારસ્તંભ છે. દરેક બાળકમાં અનંત ક્ષમતા રહેલી છે.

આ પ્રસંગે જિલ્લા શિક્ષણ નિરીક્ષક અપેક્ષાબેન પટેલે પણ શૈક્ષણિક ગુણવત્તામાં વધારો કરવા માટેના વિવિધ સૂચનો અને માર્ગદર્શન આપ્યાં હતાં. શેઠ આર.જે. હાઈસ્કૂલના આચાર્યા ફાલગુનીબેન દેસાઈએ સૌનું સ્વાગત કર્યું હતું.

# આજથી શરુ થતું સંસદનું વર્ષાસત્ર સફળ થશે?





**વિશ્લેષણ**
**કુન્દન વ્યાસ**

સંસદનાં વર્ષાસત્રમાં વિપક્ષો મોદી સરકાર સામે આક્રમક તો બનશે, પણ હવે તેની સંખ્યા અને શક્તિ ક્ષીણ થઈ છે. સંસદની બહાર ઉચ્ચપરીક્ષાનાં પેપર ફૂટયાનો મુદ્દો અને હવે અયોધ્યાના દેવદ્રવ્યની ચોરી - લૂંટનો મુદ્દો હાથવગો છે. ભાજપના હિન્દુત્વ અને ભ્રષ્ટાચારના મુદ્દા વિપક્ષના હાથમાં છે. સંસદસભ્યો - નેતાઓની સંખ્યા પૂરતી નહીં હોવાથી સરકાર સામેનાં આવેદનમાં સમાજના અગ્રણીઓનાં નામ જોડીને સપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિને સુપરત થયું છે, હવે આ મુદ્દા સંસદમાં ઊઠાવાશે, ત્યારે સરકાર રાષ્ટ્રવાદ ઉપર ભાર મૂકશે. આર્થિક વિકાસ માટે કેટલાક મહત્ત્વના સુધારા ખરડા રજૂ થનારા છે. તે ઉપરાંત રાષ્ટ્રગાન વંદે માતરમનું અપમાન - અવહેલના કરનારાને યોગ્ય સજા મળે તેવી જોગવાઈ કરનારા છે. ગયા વર્ષે ઓગષ્ટમાં ગૃહપ્રધાન અમિતભાઈ શાહે એક ખરડો રજૂ કર્યો હતો તેમાં એવી જોગવાઈ છે કે, વડાપ્રધાન, મુખ્ય પ્રધાનો અથવા કોઈ પણ પ્રધાનની ધરપકડ થઈ હોય અને ગુનો પાંચ વર્ષના જેલવાસ યોગ્ય હોય, તો અને સતત ૩૦ દિવસ જ્યુડિશિયલ કસ્ટડીમાં રહ્યા હોય તો તેઓ હોદ્દા ઉપર ચાલુ રહી શકે નહીં - કેજરીવાલે જેલમાં બેઠા સરકાર ચલાવી હતી તેવું થઈ શકે નહીં ! આવા કિસ્સામાં રાષ્ટ્રપતિ અથવા રાજ્યપાલ આદેશ આપશે. રાજકારણને અપરાધીકરણથી બચાવવા અને સંવિધાનની નૈતિકતાના હિતમાં આ ખરડો રજૂ થયો હતો તે હવે ફરીથી હાથ ધરાય એવી શક્યતા છે. આવતીકાલ - સોમવારથી સંસદનું વર્ષાસત્ર શરૂ થઈ રહ્યું છે. સમગ્ર દેશવાસીઓ વર્ષાની રાહ જોઈ રહ્યા છે, ત્યારે સંસદનું વર્ષાસત્ર ગાજવીજ સાથે શરૂ થશે, પણ કેવું ફળદાયી નીવડશે તે જોવાનું છે. આ અગાઉ બજેટ સત્રમાં મોદી સરકારના પ્રસ્તાવ - મહિલાઓ માટે સંસદ અને વિધાનસભાઓમાં અનામત બેઠકો અને લોકસભાની સભ્ય સંખ્યામાં વધારો કરવાનો ખરડો ના મંજૂર થયો હતો. લોકસભામાં અત્યારે ૫૪૩ બેઠક છે તે વધારીને ૮૫૦ થઈ શકે. આ ખરડા નામંજૂર થયા. કારણ કે સરકારને બે તૃતીયાંશ બહુમતી મળી નહીં, હવે સંવિધાનની જોગવાઈમાં સુધારો કરવા માટે હાજર રહેલા સભ્યોમાં બે તૃતીયાંશ બહુમતી હોય, તો જ ખરડા પસાર થાય તેથી આવી બહુમતી મળવાની ખાતરી થાય, તો જ સરકાર ફરીથી ખરડા લાવશે. આગલા સત્રમાં ૩૫૨ સભ્યનો ટેકો જરૂરી હતો, પણ માત્ર ૨૯૮ સભ્યનું સમર્થન હોવાથી ખરડા નામંજૂર થયા હતા અને આ પછી વડાપ્રધાન મોદીએ મહિલાઓને અને રાષ્ટ્રને ખાતરી આપી હતી - વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, સંસદમાં આ ખરડા મંજૂર થશે જ. મહિલાઓને ન્યાય મળશે જ. જરૂરી બહુમતી માટે વિપક્ષના સભ્યોને સમજાવવાના પ્રયાસ શરૂ થયા અને રાજકીય સંજોગો બદલાયા તેની સાથે સંબંધ પણ બદલાયા. તામિલનાડુ વિધાનસભાની ચૂંટણીનાં પરિણામ આવ્યાં. શાસકપક્ષ ડીએમકેનો પરાજય થયો તેથી રાહુલ ગાંધીની કોંગ્રેસે ડીએમકેનો સાથ છોડીને મુખ્યપ્રધાન વિજયનના પક્ષ સાથે હાથ મિલાવ્યા. ડીએમકેએ કોંગ્રેસ સાથેના દાયકા જૂના સંબંધ તોડયા અને લોકસભામાં અલગ, કોંગ્રેસી મોરચાથી અલગ બેઠકો માગી - કોંગ્રેસના ઈંડી મોરચાના મહત્ત્વના ભાગીદાર અલગ થયા અને કોંગ્રેસને સમર્થન નહીં આપવાનો નિરધાર કર્યો. ડીએમકેના બાવીસ સભ્ય હવે મોદી સરકારને સમર્થન આપશે એવી ગણના છે. આવી જ રીતે બંગાળમાં મમતા બેનરજીના પક્ષમાં વધુ મોટું ભંગાણ પડયું છે તેના ૨૮માંથી ૨૦ સભ્ય ભાજપને સમર્થન આપે છે. શિવસેના - શિંદે સેનાના આઠ સભ્ય હવે ભાજપ સાથે છે. અત્યારે ભાજપનાં સમર્થનમાં કુલ ૩૧૯ સભ્ય હોવાની ગણતરી છે. શરદ પવારના રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષનું સમર્થન મળે, તો કુલ ૩૨૭ થાય તો પણ ખરડા પસાર કરવા માટે ૩૩ સભ્યના વોટ ખૂટે છેં રાજ્યસભામાં પ્રોબ્લેમ તો છે. ૨૪૫ બેઠકમાં અત્યારે - વર્તમાન ૨૪૨ સભ્ય છે - ૨૪મી જુલાઈએ બંગાળની ત્રણ બેઠકની પેટાચૂંટણી છે, જે એનડીએને મળી શકે છે. ગૃહમાં વોટ માટે ૧૬૪ સભ્ય જરૂરી છે તેથી શરદ પવારનો ટેકો મળે, તો એનડીએ પાસે ૧૫૬ થાય છે. હવે કેટલા સભ્યો ગેરહાજર રહે છે તેના આધારે હાજર સભ્યોમાં બહુમતી ગણી શકાય. મહિલા આરક્ષણનો ખરડો આ સત્રમાં પસાર થાય નહીં, તો સરકાર ૨૦૨૯ની ચૂંટણી પહેલાં ફરી વખત પ્રયાસ કરશે. આ મુદ્દો વિપક્ષને ભારે પડશે. બજેટસત્રમાં ડીએમકેના સભ્યોની માંગ હતી કે, લોકસભાના ચૂંટણી ક્ષેત્રોનું સીમાંકન નવેસરથી નક્કી કરવામાં દક્ષિણનાં રાજ્યોને વસ્તીના આધારે અન્યાય થાય નહીં તે જરૂરી છે. તમામ રાજ્યોમાં લોકસભાની બેઠકોની સંખ્યામાં એક સરખો વધારો થવો જોઈએ. દક્ષિણનાં રાજ્યોમાં વસ્તી નિયંત્રણ સફળતાપૂર્વક પાર પડયું છે તેથી લોકસભાની બેઠકો નક્કી કરવામાં અન્યાય નહીં થવો જોઈએ. ગૃહપ્રધાને ડીએમકેને ખાતરી આપી હતી કે, જરૂરી ખુલાસો લેખિત હશે - આમ છતાં કોંગ્રેસના મોરચામાં હોવાથી ડીએમકેએ વિરોધ કર્યો હતો ! હવે, સંજોગો- સંબંધ બદલાયા છે અને ખરડામાં જરૂરી સુધારા થઈ શકશે.

દીપડા જેવા વન્યપ્રાણીઓને જંગલમાં ખોરાક મળી રહે તે માટે

# સુરતના જંગલોમાં ૫૦ ચિત્તલ છોડાયા



દીપડા જેવા વન્યપ્રાણીઓને જંગલમાં તેનો કુદરતી ખોરાક મળી રહે અને માણસો અને વન્યજીવન વચ્ચેનું ઘર્ષણ ઘટે તે ઉદ્દેશ્યથી સુરત વન વિભાગ દ્વારા તાજેતરમાં માંડવીનાં જંગલમાં તૃણાહારી પ્રાણીઓને છોડવામાં આવ્યાં છે.

ગુજરાત વન વિભાગ દ્વારા તાજેતરમાં સાસણ ગીરથી ૫૦ ચિત્તલ (સ્પોટેડ ડીયર) લાવીને સુરત જિલ્લાના માંડવીનાં જંગલોમાં છોડવામાં આવ્યા છે. આ પહેલનો હેતુ એ છે કે, દીપડા જેવા વન્યપ્રાણીઓને જંગલમાં કુદરતી શિકાર મળી રહે અને એ રીતે માનવ-વન્યજીવ વચ્ચેનું ઘર્ષણ ઓછુ કરી શકાય. વન વિભાગનાં અધિકારીઓએ જણાવ્યું કે, ચાલુ વર્ષનાં મે અને જૂન મહિનાની વચ્ચે ત્રણ તબક્કામાં ચિત્તલને સાસણથી લાવી માંડવીનાં જંગલોમાં છોડવામાં આવ્યાં. વન વિભાગ દ્વારા ૨૩ મેના રોજ ૨૧ ચિત્તલ, ત્યારબાદ ૧૮ જૂને ૧૬ અને ૨૪ જૂને અન્ય ૧૩ ચિત્તલને જંગલમાં છોડવામાં આવ્યાં. આમ કુલ, ૫૦ ચિત્તલને જંગલમાં છોડવામાં આવ્યાં.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હંમેશાં એ વાત પર ભાર મૂક્યો છે કે વન્યજીવ સંરક્ષણ અને વિકાસ બંને સાથે-સાથે ચાલી શકે છે, અને મનુષ્યો તેમજ વન્યજીવો બંને એકસાથે સમૃદ્ધ થવા જોઈએ. આ વિઝનથી પ્રેરિત થઈને, ગુજરાત સરકાર જૈવવિવિધતાના રક્ષણ સાથે માનવ-વન્યજીવના સહ-અસ્તિત્વને પ્રોત્સાહન આપવા માટે વિજ્ઞાન આધારિત વન સંરક્ષણ પહેલો અમલમાં મૂકી રહી છે.

ગુજરાતના વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ, ગુજરાત વન વિભાગ માનવ-વન્યજીવ સંઘર્ષ ઘટાડવા માટે વિજ્ઞાન આધારિત વન્યજીવ સંરક્ષણ માટે પગલાં લઈ રહ્યું છે. જંગલમાં વન્યપ્રાણીઓ જેવા કે દીપડા માટે કુદરતી શિકાર મળી રહે તે માટે આ પ્રયાસ થઈ રહ્યા છે. વન્યજીવ (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૭૨ની જોગવાઈઓ હેઠળ હાથ ધરવામાં આવેલું આ સ્થાનાંતરણ, યોગ્ય વન વિસ્તારોમાં તૃણાહારી પ્રાણીઓની વસ્તી વધારીને પર્યાવરણીય સંતુલન પુનઃસ્થાપિત કરવાના રાજ્યના લાંબા ગાળાના પ્રયાસોનો એક ભાગ છે.

વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી પ્રવિણ માળીએ જણાવ્યું કે, શિકારી પ્રાણીઓને જંગલમાં જ તેમનો ખોરાક મળી રહે તે જરૂરી છે. જેનાથી ખોરાકની શોધમાં તેઓ માનવ વસવાટવાળા વિસ્તારો તરફ આવતા ઘટે. તૃણાહારી પ્રાણીઓને જંગલમાં છોડવાનો પ્રયાસ એ માનવ-વન્યજીવ સંઘર્ષની ઘટનાઓને ઘટાડવામાં મદદરૂપ સાબિત થઈ શકે છે.અગ્ર મુખ્ય વન સંરક્ષક (વન્યજીવ) અને ચીફ વાઈલ્ડલાઈફ વોર્ડન જયપાલ સિંહે જણાવ્યું કે, આ પહેલ માંડવી વન રેન્જમાં અગાઉ હાથ ધરવામાં આવેલા સંરક્ષણ કાર્યોને આગળ ધપાવે છે. વન વિભાગે સ્થાનિક તૃણાહારી પ્રાણીઓની સંખ્યા વધારવા માટે એક ચિત્તલ સંવર્ધન કેન્દ્ર પણ (બ્રીડિંગ સેન્ટર) કર્યુ છે.

સુરત સર્કલના વન સંરક્ષક પુનીત નૈયરે જણાવ્યું કે, માનવ અને વન્યજીવ સંઘર્ષ સમયે ઝડપથી પહોંચી વળવા માટે વન વિભાગે આધુનિક રેસ્ક્યૂ સાધનોથી સજ્જ એક સમર્પિત ક્વિક રિસ્પોન્સ ટીમ (QRT) પણ તૈનાત કરી છે, જેથી વન્યજીવ કટોકટીના સમયે તાત્કાલિક પગલાં લઈ શકાય અને સ્થાનિક સમુદાયો તેમજ વન્ય પ્રાણીઓ બંનેની સુરક્ષા સુનિશ્ચિત કરી શકાય.

પુનીત નૈયરે વધુમાં ઉમેર્યુ કે, ચિત્તલને સાસણ (ગીર)થી સુરતનાં જંગલમાં લાવતા પહેલા મુક્ત કરાયેલા પ્રાણીઓને લાંબા સમય સુધી આશ્રય આપી શકે તેવા સ્થળોની ઓળખ કરવા માટે રહેઠાણનું વિગતવાર મૂલ્યાંકન કર્યું હતું. આ હરણોને આખુ વર્ષ પાણી મળી રહે તેની વ્યવસ્થા પણ કરી છે. હરણો માટે જંગલમાં ૧૦ કાયમી વોટર પોઈન્ટ્સ (પાણીના સ્રોત) વિકસાવ્યા છે. વન વિભાગે પ્રાણીઓને મુક્ત કર્યા પછી તેમની સઘન દેખરેખ (પોસ્ટ-રીલીઝ મોનિટરિંગ) રાખવા માટે એક ખાસ કાર્યક્રમ પણ તૈયાર કર્યો છે. સમર્પિત વન રક્ષકો (ફોરેસ્ટ ગાર્ડ્સ) અને પ્રશિક્ષિત ટ્રેકર્સ સતત ફિલ્ડ મોનિટરિંગ કરી રહ્યા છે, જ્યારે હરણોની હિલચાલ, રહેઠાણનો ઉપયોગ, તેમનું સ્વાસ્થ્ય અને જંગલમાં તેમના અસ્તિત્વનું મૂલ્યાંકન કરવા માટે વ્યૂહાત્મક સ્થળોએ કેમેરા ટ્રેપ્સ ગોઠવવામાં આવ્યા છે.

# સ્ક્રીન ટાઈમ અને સોશિયલ મીડિયાના યુગમાં 'સ્માર્ટ ફાધર' કેવી રીતે બનવું?

**પૌરુષ**



**અંકિત દેસાઇ,**
ટુકવાડા

આજનો સમય ટેકનોલોજીનો સમય છે. આપણી સવાર અલાર્મ કરતા પહેલા સ્માર્ટફોનના નોટિફિકેશનથી પડે છે અને રાત પણ ડિજિટલ સ્ક્રીનને જોતાં જોતાં જ પૂરી થાય છે. આવા સમયમાં બાળકોનો ઉછેર કરવો એ એક અભૂતપૂર્વ અને અત્યંત જટિલ પડકાર બની ગયો છે. પહેલાના જમાનામાં પિતા તરીકેની પ્રાથમિક જવાબદારી બાળકને શિસ્ત આપવાની, શિક્ષણ પૂરું પાડવાની અને આર્થિક સુરક્ષા આપવાની ગણાતી હતી. પરંતુ આજે સ્થિતિ બદલાઈ છે. આજના ડીજિટલ યુગમાં બાળક બાહ્ય દુનિયા કરતાં પોતાના હાથમાં રહેલા સ્માર્ટફોન કે ટેબ્લેટ સાથે વધુ સમય વિતાવે છે. વર્ચ્યુઅલ દુનિયાના આ અદ્રશ્ય પ્રભાવ વચ્ચે બાળકનું માનસિક, શારીરિક અને ભાવનાત્મક સ્વાસ્થ્ય જોખમાઈ રહ્યું છે, ત્યારે પિતા તરીકે માત્ર કમાનાર કે શાસક બનવાને બદલે એક સ્માર્ટ ફાધર બનવું સમયની માંગ છે.

સ્માર્ટ ફાધર બનવાની પહેલી શરત એ છે કે આપણે પોતે કઈ ડિજિટલ આદતો ધરાવીએ છીએ તેનું આત્મનિરીક્ષણ કરવું. બાળકો ક્યારેય ઉપદેશથી નથી શીખતા, તેઓ અનુકરણથી શીખે છે. જ્યારે કોઈ પિતા ઘરે આવ્યા પછી સતત મોબાઈલમાં સોશિયલ મીડિયા સ્ક્રોલ કરતો હોય, જમતી વખતે ફોન સામે રાખતો હોય કે બાળકની વાત સાંભળતી વખતે પણ આ નજર સ્ક્રીન પર રાખતો હોય, ત્યારે બાળક પણ એ જ વર્તન શીખે છે. જો આપણે બાળકને સ્ક્રીનથી દૂર રાખવા માંગતા હોઈએ, તો પહેલાં આપણે પોતે ડિજિટલ ડિટોક્સ કરવું પડશે. બાળક માટે ઘર એવું વાતાવરણ બનવું જોઈએ જ્યાં માણસો એકબીજા સાથે વાતો કરતા હોય, નહીં કે દરેક વ્યક્તિ પોતાની અલગ આભાસી દુનિયામાં ખોવાયેલી હોય. પિતા જ્યારે ઘરે આવે ત્યારે પોતાનો સ્માર્ટફોન એક બાજુ મૂકીને બાળક સાથે આંખોમાં આંખ મિલાવીને વાત કરે, એ જ ઘડીથી એક સ્માર્ટ ફાધરની સફર શરૂ થાય છે.

બાળકો સ્ક્રીન કે સોશિયલ મીડિયા તરફ શા માટે આકર્ષાય છે તેનો ઊંડાણપૂર્વક વિચાર કરવો જરૂરી છે. જ્યારે બાળકને વાસ્તવિક દુનિયામાં રસપ્રદ પ્રવૃત્તિઓ કે સંવાદ નથી મળતો, ત્યારે તે મોબાઈલના રંગીન અને ઝડપી વિઝ્યુઅલ્સ તરફ વળે છે. સ્માર્ટ ફાધર બાળક માટે સ્ક્રીનનો વિકલ્પ ઊભો કરે છે, માત્ર નિયમો નથી બનાવતો. બાળકને સ્ક્રીન છોડવાનું કહેવું સહેલું છે, પણ સ્ક્રીન મૂક્યા પછી તેણે શું કરવું તેનો માર્ગ બતાવવો એ પિતાનું કામ છે. વીકએન્ડમાં બાળકને સાથે રાખીને આઉટડોર રમતો રમવી, બગીચામાં કે કુદરતના ખોળે ફરવા જવું, ઘરમાં કોઈ નાની-મોટી વસ્તુઓનું સમારકામ સાથે મળીને કરવું, કે પછી કોઈ નવી હોબી કે રમત સાથે મળીને શીખવી—આ બધી પ્રવૃત્તિઓ બાળકને સ્ક્રીન કરતાં વધુ આનંદ આપે છે. જ્યારે પિતા બાળકના રમતગમતના સાથી બને છે, ત્યારે મોબાઈલની જરૂરિયાત આપોઆપ ઘટી જાય છે.

સોશિયલ મીડિયાનો યુગ બાળકોમાં સરખામણી, એકલતા અને ફિયર ઓફ મિસિંગ આઉટ જેવી માનસિક સમસ્યાઓ પેદા કરે છે. સોશિયલ મીડિયા પર દેખાતી ઝાકઝમાળથી બાળકો જલ્દી પ્રભાવિત થઈ જાય છે અને પોતાની જાતને ઓછી આંકે છે. આવા સમયે પિતાની ભૂમિકા અત્યંત સંવેદનશીલ બની જાય છે. સ્માર્ટ ફાધરે બાળકની સાથે એક એવો ભરોસાપાત્ર સંબંધ બાંધવો પડે છે જ્યાં બાળક પોતાની મૂંઝવણ, આકર્ષણ કે સોશિયલ મીડિયા પર અનુભવેલા ભય વિશે ખુલીને વાત કરી શકે. જો બાળક સાયબર બુલિંગનો ભોગ બને કે ઈન્ટરનેટ પર કોઈ ગેરમાર્ગે દોરનારી વસ્તુ જોઈ લે, તો તેને ધમકાવવા કે સજા કરવાને બદલે પિતા તરીકે તેની પડખે ઊભા રહેવું જોઈએ. બાળકને એ વાતનો અહેસાસ થવો જોઈએ કે સોશિયલ મીડિયા પરની લાઈક્સ કે ફોલોઅર્સ તેના વ્યક્તિત્વનો માપદંડ નથી, પરંતુ તેનો પરિવાર અને તેના વાસ્તવિક ગુણો જ તેનું સાચું મૂલ્ય છે. તકનીકી જ્ઞાન અને સલામતી બાબતે પણ પિતાએ અપડેટ રહેવું પડે છે. આજે ડિજિટલ યુગમાં માત્ર મોબાઈલ છીનવી લેવાથી સમસ્યાનો ઉકેલ નથી આવતો, કારણ કે શિક્ષણ અને માહિતી માટે પણ ઈન્ટરનેટ જરૂરી બન્યું છે. તેથી, સ્માર્ટ ફાધર બનવા માટે ડિજિટલ પેરેન્ટિંગના સાધનો સમજવા જરૂરી છે. ઘરમાં નો-સ્ક્રીન ઝોન અને નો-સ્ક્રીન ટાઈમ નક્કી કરવો, જેમ કે જમવાના ટેબલ પર કે બેડરૂમમાં મોબાઈલ ન લાવવો. આ સાથે પેરેન્ટલ કન્ટ્રોલ એપ્સ અને સિક્યુરિટી સેટિંગ્સનો સમજદારીપૂર્વક ઉપયોગ કરવો જેથી બાળક સુરક્ષિત રીતે ઈન્ટરનેટનો ઉપયોગ કરી શકે. પરંતુ આ સિક્યુરિટી જાસૂસ બનીને નહીં, પણ બાળકની સુરક્ષાના હેતુથી અને તેની સાથે ચર્ચા કરીને લાગુ કરવી જોઈએ, જેથી બાળકના મનમાં પિતા પ્રત્યે અવિશ્વાસ ઊભો ન થાય.

આ બધા ઉપરાંત, બાળકના સર્વાંગી વિકાસ માટે ક્વોલિટી ટાઈમ એટલે કે ગુણવત્તાયુક્ત સમયનું મહત્ત્વ અનન્ય છે. સમય ગાળવો અને ગુણવત્તાયુક્ત સમય આપવો એ બે અલગ બાબતો છે. એક જ રૂમમાં બેસીને પિતા પોતાના ફોનમાં વ્યસ્ત હોય અને બાળક પોતાના ફોનમાં, તો તેને સાથે વિતાવેલો સમય ન કહેવાય. પિતા તરીકે દિવસમાં ભલે અડધો કલાક જ મળે, પણ એ અડધો કલાક એવો હોવો જોઈએ જેમાં પિતાનું પૂરેપૂરું ધ્યાન માત્ર અને માત્ર બાળક પર હોય. બાળકની વાતો સાંભળવી, તેની શાળાની દિનચર્યા વિશે પૂછવું, તેની નાની-નાની સિદ્ધિઓને બિરદાવવી અને તેના પ્રશ્નોના શાંતિથી ઉત્તર આપવા. આ ભાવનાત્મક જોડાણ બાળકને માનસિક રીતે એટલું મજબૂત અને સમૃદ્ધ બનાવે છે કે તેને વર્ચ્યુઅલ દુનિયામાં પ્રેમ કે સ્વીકૃતિ શોધવાની જરૂર રહેતી નથી. ઈનશોર્ટ, આજના સોશિયલ મીડિયા અને ટેકનોલોજીના પ્રભાવવાળા વાતાવરણમાં સ્માર્ટ ફાધર બનવું એટલે બાળકના ફ્રીડમ પર કડક પાબંદીઓ મૂકનાર સુપરવાઈઝર બનવું નહીં, પરંતુ તેની ડિજિટલ યાત્રામાં એક ડાહ્યો અને સમજદાર નેવિગેટર બનવું. સ્માર્ટ ફાધર એ છે જે ટેકનોલોજીનો ઉપયોગ કેવી રીતે કરવો તે બાળકને શીખવે છે, પરંતુ ટેકનોલોજીને બાળકના જીવન પર હાવી થવા દેતો નથી.

પોતાની વર્તણૂકથી આદર્શ પૂરો પાડીને, વાસ્તવિક દુનિયાના રોમાંચથી બાળકને માહિતગાર રાખીને અને ખુલ્લા સંવાદનો માર્ગ અપનાવીને કોઈપણ પિતા આજના આધુનિક યુગમાં પોતાના બાળક માટે એક સાચો અને આદર્શ સ્માર્ટ ફાધર સાબિત થઈ શકે છે.

# યુવાનોનું સ્વાસ્થ્ય : જવાબદારી કોની?

**જંગફૂડ, પેક્ડ ફૂડ, એનર્જી ડ્રીંક અને સોશિયલ મીડિયા વગેરે યુવાનોનાં સ્વાસ્થ્યને નુકસાનકારક સમસ્યા સંદર્ભે દેશના સર્વોચ્ચ નેતાઓ, નીતિનિર્માતાઓ, બુદ્ધિજીવીઓ, રમતવીરો અને કલાકારોને ચિંતા થતી ના હશે કદાચ, એ બધાને ચિંતા થતી જ હશે છતાંય એવું લાગે છે કે તેઓ પણ કોઈક જટીલ જાળમાં ફસાયેલા છે. નહીં તો આ સમસ્યા એક જ નિર્ણયથી ઉકેલી જ જાય ને !**



**મનનમ્**



**ડો. યોગેશ ગોરાને**
આચાર્ય
વિનય મંદિર, દાંડી

**युवा स्यात् साधु**
**युवाध्यायकः।**
**आशिष्ठो दृढिष्ठो बलिष्ठः ॥**

અર્થાત્ યુવાન સરળ સ્વભાવનો, અધ્યયનરત, આશાવાદી, દ્રઢનિશ્ચયી અને બળવાન હોય છે. તૈત્તિરીય ઉપનિષદની બ્રહ્માનંદવલ્લીમાં યુવાનની આ વ્યાખ્યા આપી છે. ઈસ પૂર્વે છઠ્ઠીથી પાંચમી સદીમાં ઉપનિષદોએ યુવાનની જે કલ્પના કરી છે તેવા યુવાનો આજના આ પ્રગત યુગમાં પણ છે ખરા ?

જો નથી, તો તેનું કારણ શું? પાલક, બાલક, આયોજક, ઉદ્યોજક સૌની કથની અને કરણી સ્પષ્ટ જોવા મળતો ફરક.

આજના આપણા પ્રગટ અને આધુનિક સમયમાં એક વિચિત્ર વિરોધાભાસ જોવા મળે છે. એક તરફ સરકારો, શૈક્ષણિક સંસ્થાઓ અને સમાજ યુવાનોને સ્વસ્થ જીવનશૈલી માટે પ્રોત્સાહિત કરે છે, યોગ દિવસની ઉજવણી થાય છે, ફિટ ઈન્ડિયા, ખેલો ઈન્ડિયા, ખેલ મહોત્સવ વગેરેનું આયોજન થાય છે. બીજી તરફ સ્વાસ્થ્ય પર પડતાં નકારાત્મક પ્રભાવ અંગે અનેક અભ્યાસો ચેતવણી આપતા પેકેટબંધી ખાદ્યપદાર્થો, સોફ્ટ ડ્રિંક્સ અને એનર્જી ડ્રિંક્સનું બજારમાં ખુલ્લેઆમ વેચાણ થાય છે. આ તો કેવી વિચિત્રતા ?

શું સોહામણા નામ હેઠળ વિવિધ કાર્યક્રમોનાં ખર્ચાઓ કરવાથી યુવાનોમાં સ્વાસ્થ્ય અંગે જાગૃતિ આવી જશે અને યુવાનો સ્વસ્થ થઈ જશે? એક તરફ યુવાનોને યોગ, વ્યાયામ અને સંતુલિત આહારનો સંદેશ આપવામાં આવે અને બીજી તરફ ટીવી, મોબાઈલ અને સોશિયલ મીડિયા પર સતત અસ્વસ્થ ખાદ્યપદાર્થોની આકર્ષક જાહેરાતો દેખાડવામાં આવે, તો યુવાનો કયા સંદેશને અનુસરે? આજે કરોડો રૂપિયાનાં જાહેરાતના બજેટ સામે યુવાનોને અપાતી સલાહ અને ઉપદેશ નબળા નથી પડી જતાં વિવિધ ખાનગી એજન્સીઓના સર્વે અને વિશ્વ આરોગ્ય સંગઠને વધુ ખાંડ, મીઠું અને ચરબી ધરાવતા પેકેટબંધી ખાદ્યપદાર્થો તથા પીણાં અંગે ચિંતા વ્યક્ત કરી છે. કારણ કે આ પદાર્થો ખાવાથી સ્થૂળતા, ડાયાબિટીસ, હૃદયરોગ અને અન્ય જીવનશૈલીજન્ય રોગો હવે માત્ર વૃદ્ધાવસ્થાના રોગો રહ્યા નથી. ઘણા યુવાનો અને કિશોરોમાં પણ આ સમસ્યાઓ વધતી જોવા મળે છે. ભલે આજની પેઢી માહિતીથી સમૃદ્ધ હોય, પરંતુ સ્વાસ્થ્યની દૃષ્ટિએ પહેલાં કરતાં વધુ પડકારોનો સામનો કરી રહી છે.

આજના યુવાનો માટે સોશિયલ મીડિયા પણ એક ગંભીર પ્રશ્ન છે.

વડાપ્રધાનજી પરીક્ષા પે ચર્ચા જેવા કાર્યક્રમોમાં વિદ્યાર્થીઓને તણાવમુક્ત રહેવા, આત્મવિશ્વાસ વધારવા અને સંતુલિત જીવન જીવવા માટે માર્ગદર્શન આપે છે, તો બીજી તરફ સોશિયલ મીડિયાના અતિરેકી ઉપયોગથી યુવાનોની ઊંઘમાં ઘટાડો, ચિંતા, એકલતા, ધ્યાનભંગ અને માનસિક તણાવ જેવી સમસ્યાઓ વધી રહી છે. યુવાનોની વધતી આ મુશ્કેલીઓ સામે વિશ્વના કેટલાંક દેશોએ સોશિયલ મીડિયાના ઉપયોગ અંગે કડક નિયમો બનાવ્યા છે પણ આપણે ભારતમાં હજી આ મુદ્દે માત્ર ચર્ચાનો ચોતરો જ કરીએ છીએ.

ઉપરોક્ત ચર્ચેલી સમસ્યાઓ નવી નથી, સૌ તેનાથી સજાગ જ છે. છતાં પણ સૌ આંખ આડા કાન કરે એવું નથી લાગતું ? એટલે જ તો મનમાં પ્રશ્ન થાય કે શું દેશના સર્વોચ્ચ નેતાઓ, નીતિનિર્માતાઓ, બુદ્ધિજીવીઓ, રમતવીરો અને કલાકારોને યુવાનોના સ્વાસ્થ્યની ચિંતા નથી કદાચ, આ બધાને ચિંતા હશે પણ ખરી છતાંય એવું લાગે છે કે તેઓ પણ કોઈક જટીલ જાળમાં ફસાયેલા છે. નહીં તો આ સમસ્યા એક જ નિર્ણયથી ઉકેલી જ જાય ને !

ન બાપ બડા ન ભૈયા સબસે બડા રૂપૈયા આ બધા પાછળનું સૌથી મોટું ચાલક બળ રૂપિયાપ્રધન છે. પાર્ટીફંડથી લઈને રોજગારી સુધી રૂપિયા જ અગત્યના છે. બજારમાં વેચાતી આ બધી નુકસાનકારક ચીજ વસ્તુઓના ઉત્પાદન પાછળ ઉદ્યોગ, રોજગારી, કરવેરા આવક, વેપાર અને અર્થતંત્રના અનેક પાસાં જોડાયેલા હોય છે. તેથી સરકારો ઘણી વખત આંખ આડા કાન કરીને પણ પ્રતિબંધને બદલે નિયમન અને જાગૃતિના માર્ગને પસંદ કરે છે. એ નિયમન કે જાગૃતિના બહાને પેકેટ પર સ્વાસ્થ્ય માટે હાનિકારક લખીને છૂટા થઈ જાય છે. પરંતુ પેકેટ ખરીદનાર, પેકેટ વેચનાર કે પેકેટ ખાનારને એ હાનિકારક હોવાનો ખ્યાલ હોવા છતાં તેનો ઉપયોગ બંધ કરતા નથી. ભલે મનુષ્ય સ્વભાવ મુજબ સફેદ પડદામાં કાળું ટપકું દેખાય પણ આ બધી હાનિકારક ચીજો ઉપર લખેલ કે છાપેલ ચેતવણી કોઈને દેખાતી કે સમજાતી નથી. એનું કારણ છે જે તે પદાર્થોની જાહેરાતો, સામાજિક -ભાવ અને મિત્રવર્તુળનું દબાણ હોઈ શકે.

માતાપિતા અને શિક્ષક તરીકે આપણે એ સમજી લેવું જોઈએ કે બજારમાં આ વસ્તુઓ વેચાવાની બંધ થવાની નથી અને એમનું ઉત્પાદન પણ ક્યારેય બંધ થશે નહીં. તો માતા-પિતા, શિક્ષકો અને સમાજની જવાબદાર વ્યક્તિ તરીકે આપણે જ બાળકોને આ -કારના પદાર્થોનો ઉપયોગ ન કરવા માટે માત્ર સમજાવવાનું નથી પણ તેમને આચરણમાં પણ મુકાવવાનું છે. સાથે સાથે યુવાનો અને બાળકોને શું ન ખાવું તે કહેવા કરતાં ઘરનું પૌષ્ટિક ભોજન, રમતગમત, યોગ, વાંચન અને સર્જનાત્મક પ્રવૃત્તિઓની અગત્યતા સમજાવવી વધુ જરૂરી છે. ટૂંકમાં માતા પિતા અને શિક્ષકોએ જ બાળકોના પોષણ, શિક્ષણ અને ડિજિટલ સાક્ષરતા માટે પ્રયત્નશીલ રહેવું જરૂરી છે. કારણકે એક સામાન્ય વ્યક્તિ તરીકે આપણે આ પ્રકારના પદાર્થોના ઉત્પાદન કે માર્કેટિંગ અટકાવી શકીએ નહીં, રમતવીરો અને કલાકારોને પોતાના પ્રભાવને આધારે પૈસા કમાવતા અટકાવી શકીએ નહીં. ટૂંકમાં, સરકાર, ઉદ્યોગપતિઓ કે કલાકારો પોતાનો સ્વાર્થ છોડી શકે નહીં પણ માતાપિતા કે શિક્ષકોને સ્વાર્થ કેવો? તેથી શિક્ષકોએ માર્ગદર્શન અને માતા-પિતા સંસ્કાર અને બાળકોએ જાગૃતિ લાવવા કટિબદ્ધ થવું પડશે. તો જ ઉપનિષદો એ કહેલ યુવાનની વ્યાખ્યા મુજબ બળશાલી યુવાન થઈ શકશે. છે.

દમણગંગા ટાઈમ્સ - ઈ-પેપર દૂનિયાના કોઈપણ ખૂણેથી ડાઉનલોડ અથવા ઓનલાઈન વાંચવા માટે વેબસાઈટની મુલાકાત લો. :
www.damangangatimes.com

# ધરમપુર-કપરાડા-નાનાપોંઢા તાલુકા વિશેષ

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો : ધરમપુર - 9427189098, નાનાપોંઢા - 8141323913

- ધરમપુર
- નાનાપોંઢા
- કપરાડા
- મોટાપોંઢા

## કપરાડાના અંતરિયાળ ગામોમાં નેટવર્કનો હજુ અભાવ

### સરકારી ઓનલાઈન સેવાઓ માટે ગ્રામજનોને ધરમપુર, પારડી અને વલસાડ સુધી ધક્કા ખાવા મજબુર : મોબાઈલ ટાવર સ્થાપવાની માંગ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા.૧૯ :** કપરાડા તાલુકાના અંતરિયાળ અને ડુંગરાળ આદિવાસી વિસ્તારોમાં વર્ષોથી મોબાઈલ નેટવર્કની સમસ્યા યથાવત રહેતા હજારો ગ્રામજનોને સરકારી ઓનલાઈન સેવાઓ મેળવવામાં મુશ્કેલી પડી રહી છે. સરકારની વિવિધ યોજનાઓ માટે ફરજિયાત ઈ-કેવાયસી, આધાર અપડેટ અને મોબાઈલ નંબર લિંકિંગ જેવી કામગીરી માટે લોકોને નેટવર્કની શોધમાં ડુંગરો ચઢવા અથવા ધરમપુર, પારડી અને વલસાડ સુધી જવાની ફરજ પડી રહી છે.

કપરાડા તાલુકાના માની, ચીચપાડા, ટોકરપાડા, બોરપાડા, પાંચવેરા, પીપરોટી, રાહોર, ઘોટણ, ભોવાડા, જાગેરી, નાંદગામ, મોટી પલસાણ, સર્વરટાટી, સિંગાટાટી, ઘાનવેરી, માલૂંગી, કેતકી, ઉમલી, ટીસ્કરી જંગલ, વારોલી જંગલ, ચેપા, બ્રાહ્મણવાડા, સુલીયા, ટીટુમાળ, તેરી ચીખલી અને રોહયાળ જંગલ સહિતના અનેક ગામોમાં નેટવર્કના અભાવે ડિજિટલ સેવાઓનો લાભ મેળવવો મુશ્કેલ બન્યો છે. રેશનકાર્ડની ઈ-કેવાયસી, આધારકાર્ડમાં સુધારા અને અન્ય ઓનલાઈન પ્રક્રિયાઓ માટે ગ્રામજનોને લાંબા અંતર સુધી જવું પડે છે. વિદ્યાર્થીઓને પણ પ્રવેશ અને શિષ્યવૃત્તિ જેવી પ્રક્રિયાઓ માટે આધાર સંબંધિત કામગીરી કરાવવી પડતી હોવાથી સમય અને નાણાંનો વધારાનો ખર્ચ સહન કરવો પડે છે.

મોબાઈલ નેટવર્કની સમસ્યાથી ગ્રામ પંચાયતોમાં ફરજ બજાવતા તલાટી સહિતના સરકારી કર્મચારીઓની ઓનલાઈન



કામગીરી પણ પ્રભાવિત થઈ રહી છે. પરિણામે વિવિધ સરકારી યોજનાઓના કામોમાં પણ વિલંબ થતો હોવાની ફરિયાદો ઉઠી રહી છે. ગ્રામજનોનું કહેવું છે કે એક તરફ સરકાર ડિજિટલ ઈન્ડિયાને પ્રોત્સાહન આપી રહી છે, ત્યારે કપરાડાના અંતરિયાળ વિસ્તારોમાં નેટવર્કના અભાવે લોકો મૂળભૂત સરકારી સેવાઓ મેળવવા માટે પણ મુશ્કેલીમાં મુકાઈ રહ્યા છે. ગ્રામજનોએ સરકાર અને ટેલિકોમ કંપનીઓને તાત્કાલિક નવા મોબાઈલ ટાવર સ્થાપી સ્થિર નેટવર્ક સુવિધા ઉપલબ્ધ કરાવવા માંગ કરી છે.

## જીરવલમાં ૩ પેઢીથી લોકોએ રસ્તો જ નથી જોયો!

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**કપરાડા, તા.૧૯ :** નાનાપોંઢા તાલુકાનું જીરવલ ગામના બરડા ફળિયામાં ૧૯૯૩માં બનેલી પ્રાથમિક શાળા બની હતી. આ શાળામાં આવવા - જવા માટે એક માત્ર ૨ કિમીના રસ્તો આજ દિન સુધી બન્યો નથી. જેથી બાળકો ચોમાસા દરમ્યાન હાથમાં છત્રી, બેગ સાથે આ રસ્તો પરથી પસાર થવું બાળકો માટે માથાનો દુઃખાવો બની ગયો, આ બિસ્માર અને કાદવ કીચડવાળા રસ્તાના કારણે ચોમાસામાં શાળા નિયમિત બાળકો જઈ શકતા નથી. સ્થાનિક રહીશો અને બાળકોના વાલીઓની વેદના વર્ણવતા જાણવા મળ્યું કે જીરવલ ગામ ના બરડા ફળિયા ખાતે શાળા શરૂ થઈને આજે ૩૩ વર્ષ થયા છે. શાળામાં બાળકોને આવવા જવા માટે એક માટે બિસ્માર અને આબડ - ખુબડ રસ્તા રસ્તા પરથી ચાલવું ખૂબ મુશ્કેલ થઈ રહ્યું છે. જેમાં ચોમાસા દરમિયાન શાળામાં જતાં બાળકોની મુશ્કેલી દૂગની બની માથાનો દુખાવો



સમાન બની ચૂકી છે. એ આ વિસ્તારના રહીશોની કમનસીબી છે. એક જાણકારી મુજબ આ રસ્તા પરથી શાળાએ ત્રણ ત્રણ પેઢી સુધીના બાળકો શાળાએ ગયા છે. છતાં પણ કોઈ તંત્રનું ધ્યાન ગયું નથી. જે અંગે વારંવારની રજૂઆતો બાદ પણ તંત્રનું ઉદાસીન વલણ આ વિસ્તારના શાળામાં ભણતા બાળકો અને રહીશો માટે અભિશાપ રૂપ બન્યું છે. સરકાર દર વર્ષે રસ્તાઓ માટે કરોડો રૂપિયા ખર્ચે છે. પરંતુ જીરવલ ગામના બરડા ફળિયાના મહતમ ઉપયોગ ૧થી ૮ ધોરણના અભ્યાસ કરતા બાળકોના આવવા જવા રસ્તા માટે કોઈનું ધ્યાન ગયું નથી. ચોમાસા દરમિયાન આ રસ્તાની સ્થિતિ જોતા જ બાળકો પર દયા ઊપજે છે. બાળકો હાથમાં છત્રી, બેગ અને ચંપલ પહેરીને રસ્તા પર ચાલવું શક્ય જ નથી. કાદવમાં ચંપલો ખૂંપી જાય છે. બાળકો ચંપલ કાઢવા જતાં કાદવવાળા બની જતાં હોવાનું જાણવા મળે છે. આ એક ચોમાસાની વાત નથી. છેલ્લા ૩૩ વર્ષથી આ સમસ્યા લોકો અને શાળામાં જતાં બાળકો ભોગવી રહ્યા હોવાનું જાણવા મળે છે. આઝાદીના ૭૬ વર્ષ બાદ પણ જીરવલ ગામના બરડા ફળિયા રહીશોને રસ્તો નશીબ થયો નથી. એ લોકોની કમનસીબી છે. જે અંગે તંત્ર સક્રિયતા દાખવે તેવી લોકોમાં માંગ ઉઠી રહી છે.

### વાપી બિહાર વેલ્ફેર એસો. દ્વારા

## કાકડકોપર શાળાના વિદ્યાર્થીઓને શૈક્ષણિક કિટનું વિતરણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૯ :** બિહાર વેલ્ફેર એસોસિએશન, વાપી દ્વારા સામાજિક સેવા અને શિક્ષણ પ્રોત્સાહનના ભાગરૂપે કપરાડા તાલુકાના કાકડકોપર ગામની પ્રાથમિક શાળામાં સતત આઠમા વર્ષે જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને નોટબુક, પેન સહિતની શૈક્ષણિક સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું. કાર્યક્રમની અધ્યક્ષતા સંસ્થાના અધ્યક્ષ ડૉ. કે.પી. સિંહાએ કરી હતી. આ પ્રસંગે રાષ્ટ્રીય પ્રમુખ વિપુલ સિંહ, સચિવ ભોલા પ્રસાદ, ખજાનચી રામબાબુ ચૌધરી તેમજ સંસ્થાના સક્રિય સભ્યો શ્યામધાર સિંહ, વિક્રમ સિંહ, વિક્રાંત સિંહ, રૂપેશ સિંહ અને સિલ્વાસા એકમના પ્રમુખ અખિલેશ સિંહ સહિતના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતાં. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓને નોટબુક, પેન, પેન્સિલ, રબર અને અન્ય સ્ટેશનરી સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું. શૈક્ષણિક સામગ્રી મળતા બાળકોના ચહેરા પર ખુશી જોવા મળી હતી.

આ પ્રસંગે ડૉ. કે.પી. સિંહાએ જણાવ્યું હતું કે શિક્ષણ સમાજના વિકાસની ચાવી છે અને કોઈપણ બાળક માત્ર આર્થિક મુશ્કેલીને કારણે શિક્ષણથી વંચિત ન રહે તે માટે સંસ્થા સતત સેવા કાર્ય કરતી રહેશે.

રાષ્ટ્રીય પ્રમુખ વિપુલ સિંહે જણાવ્યું હતું કે સંસ્થાનો પ્રયાસ દરેક જરૂરિયાતમંદ બાળક સુધી શિક્ષણનો પ્રકાશ પહોંચાડવાનો છે. તેમણે વાલીઓને પોતાના બાળકોને નિયમિત શાળાએ મોકલવા અને શિક્ષણને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવા અપીલ કરી હતી.

## દાંડવડમાં બે વર્ષથી પાણીની ટાંકીનું કામ અધૂરું

### મંથર ગતિએ ચાલી રહેલી કામગીરીથી ૧૦૦૦થી વધુ આદિવાસી વસ્તી પાણી માટે વલખાં મારે છે; તાત્કાલિક કામ પૂર્ણ કરવાની માંગ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૧૯ :** ધરમપુર તાલુકાના અંતરિયાળ દાંડવડ ગામમાં ગ્રામજનોને પીવાના પાણીની સુવિધા મળી રહે તે માટે વાસ્મો દ્વારા ઉભી કરવામાં આવી રહેલી સિમેન્ટ કોન્ક્રીટની પાણીની ટાંકીનું કામ છેલ્લા બે વર્ષથી અધૂરું હોવાની ફરિયાદો ઉઠી રહી છે. લાંબા સમયથી કામગીરી પૂર્ણ ન થતાં ગ્રામજનોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે.

ગામમાં પાણી પહોંચાડવા માટે પાઈપલાઈનનું કામ પૂર્ણ કરી વિવિધ સ્થળોએ નળની ચકલીઓ પણ લગાવવામાં આવી છે. જોકે, પાણીની ટાંકીનું કામ પૂર્ણ ન થતાં આજદિન સુધી ગ્રામજનોને આ નળની સુવિધાનો લાભ મળી શક્યો નથી.



ઉનાળા તેમજ ચોમાસા દરમિયાન પણ પાણીની સમસ્યા યથાવત રહેતા ગ્રામજનોને પીવા તેમજ ઘરવપરાશ માટે પાણી મેળવવા માટે ગામથી બે કિલોમીટરથી વધુ દૂર આવેલા કૂવામાંથી પાણી લાવવાની ફરજ પડી રહી છે. જેના કારણે ખાસ



કરીને આદિવાસી મહિલાઓ અને બાળકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

દાંડવડ ગામમાં ૧૦૦૦થી વધુ આદિવાસી વસ્તી વસવાટ કરે છે. આઝાદીના દાયકાઓ બાદ પણ અંતરિયાળ વિસ્તારમાં ગ્રામજનોને પીવાના પાણી જેવી મૂળભૂત સુવિધા માટે સંઘર્ષ કરવો પડે છે તે ગંભીર બાબત છે.

ગ્રામજનોએ સંબંધિત તંત્ર સમક્ષ માંગ કરી છે કે વાસ્મો દ્વારા બનાવવામાં આવી રહેલી પાણીની ટાંકીનું બાકી રહેલું કામ વહેલી તકે પૂર્ણ કરી પાઈપલાઈન મારફતે નિયમિત પાણી પુરવઠો શરૂ કરવામાં આવે, જેથી ગામની પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ આવે અને આદિવાસી મહિલાઓને દૂરથી પાણી લાવવાની હાલાકીમાંથી મુક્તિ મળી શકે.

## દાંડવડથી પાનવા સુધી પાકો રસ્તો બનતા રહીશોમાં આનંદની લાગણી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા.૧૯ :** ધરમપુર તાલુકાના અંતરિયાળ દાંડવડ ગામ માટે વર્ષો જૂનું સ્વપ્ન આખરે સાકાર થયું છે. આઝાદી બાદ પ્રથમ વખત ગામને પાનવા સાથે જોડતો અંદાજે ૨ કિ.મી. પાકો રસ્તો બનતા ૧૦૦૦થી વધુ રહીશોમાં ખુશી નો માહોલ જોવા મળી રહ્યો છે.

ગામલોકો દ્વારા વર્ષોથી રસ્તાની માંગ સાથે અનેક વખત રજૂઆતો કરવામાં આવી હતી. પાનવા ગામના સરપંચ સતીશભાઈએ આ મુદ્દે રસ દાખવી જરૂરી કાર્યવાહી હાથ ધરી, જેના પરિણામે ગામને પાકા રસ્તાની સુવિધા મળી છે. અગાઉ રસ્તાના



અભાવે ગંભીર રીતે બીમાર દર્દીઓને ઝોળીમાં ઊંચકીને પાનવા સુધી લાવવા પડતા હતાં, ત્યારબાદ ત્યાંથી તેમને ધરમપુર હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાતા હતા. આ સમગ્ર પ્રક્રિયામાં અંદાજે દોઢ કલાક જેટલો સમય લાગતો હતો અને દર્દીઓ તથા તેમના પરિવારજનોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો.

હવે નવો રસ્તો બનતા દાંડવડથી પાનવા અને ત્યાંથી ધરમપુર હોસ્પિટલ સુધી દર્દીઓને સરળતાથી અને ઝડપથી લઈ જવું શક્ય બન્યું છે. આ માર્ગ માત્ર આરોગ્ય સેવાઓ માટે જ નહીં, પરંતુ શિક્ષણ, રોજગાર અને દૈનિક અવરજવર માટે પણ આશીર્વાદરૂપ સાબિત થઇ રહ્યો છે. ગામલોકોએ વર્ષોથી ચાલતી મુશ્કેલીનો અંત આવતા આનંદ વ્યક્ત કર્યો છે અને રસ્તાના નિર્માણ માટે સંબંધિત તંત્ર તેમજ સરપંચ સતીશભાઈનો આભાર વ્યક્ત કર્યો છે.

## બાલચોંડી કન્યા વિદ્યાલયમાં સાયબર સેફ્ટી અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**કપરાડા, તા. ૧૯ :** આજના મોબાઈલ અને ઈન્ટરનેટ યુગમાં વધતા જતાં સાયબર ફ્રોડના ગુનાઓને રોકવા અને લોકોમાં જાગૃતિ લાવવા વલસાડ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા બેટી બચાવો બેટી પઢાવો 'અંતર્ગત સાયબર સેફટી જાગૃતિ શિબિરનું આયોજન કરવામાં આવી રહ્યું છે.જેથી સાયબર ફ્રોડના નિર્દોષ લોકો શિકાર ન બની શકે તેવો પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. જેને લઈ બાલચોંડી સ્થિત ચાલતી અંબેમાતા કન્યા વિદ્યાલયમાં વલસાડ જિલ્લા મહિલા અને બાળ અધિકારી કચેરીના સૌજન્યથી બેટી બચાવો, બેટી પઢાવો કાર્યક્રમના અંતર્ગત સાયબર સેફ્ટી જાગૃતિ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સાયબર એક્સપર્ટ પોલીસ અધિકારી દિપાલીબેન દ્વારા સાયબર ક્રાઈમ શું છે ? તે કેવી રીતે બને છે ? સાયબર ફ્રોડથી બચવા શું કરવું જોઈએ, સાયબર ફ્રોડમાં સંકળાયેલા સાયબર વિભાગ કેવી રીતે કામ કરે છે. જે અંગે વિસ્તૃત સમજૂતી બાળકોને આપી હતી. આ ઉપરાંત અજાણી વ્યક્તિ સાથે ચેટિંગ ન કરવું, સરકારી યોજનાઓના નામે ફ્રોડ ફાઈલ આવે છે. આવી ફાઈલો ન ખોલવા, ડીઝીટલ એરેસ્ટ વિડિઓ કોલ આવે તો ઘબરવાની જરૂર નથી. આ આવા બનાવો બને તો તાત્કાલિક સાયબર વિભાગના ૧૯૩૦ નંબર પર કોલ કરવો, વધુમાં શાળા વિદ્યાર્થીઓને ઓનલાઈન ગેમ, ઑનલાઈન શોપિંગના નામે પર ફ્રોડ થઈ શકે છે. બાળકોએ ભણવામાં ધ્યાન આપવું, મોબાઈલમાં ઓછું ધ્યાન આપવા જણાવી બાળકોને ખૂબ સારી જાણકારી આપી હતી. આ કાર્યક્રમમાં શાળાના આચાર્ય જયદીપભાઈ મહેતા દ્વારા ઉપસ્થિત વલસાડ જિલ્લા મહિલા અને બાળ અધિકારી કચેરીના પ્રતિનિધિઓના કાર્યને બિરદાવી આભાર વ્યક્ત કર્યો હતો. આ કાર્યક્રમમાં વન સ્ટોપ સેન્ટરના પ્રતિનિધિ સ્નેહાબેન પટેલ સહિત પોલીસકર્મીઓ, શાળાના શિક્ષક સ્ટાફ અને મોટી સંખ્યા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

## ધરમપુર ડેપોમાં વૃક્ષારોપણ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૧૯ :** ગુજરાત રાજ્ય એસટી નિગમ દ્વારા ચોમાસા દરમિયાન એસટી બસો, એસટી ડેપો, બસ સ્ટેશન, શૌચાલય અને સમગ્ર સંકુલ સ્વચ્છ, સુંદર અને હરિયાળો બને તે માટે ''સ્વચ્છતા અભિયાન''નો પ્રારંભ કરવામાં આવ્યો છે. જે અંતર્ગત વલસાડ જિલ્લાના ધરમપુર એસટી ડેપો ખાતે ડેપો મેનેજર ભૂમિકાબેન પટેલ તેમજ મિકેનિકો અને સ્ટાફ દ્વારા ૩૦ જેટલા વૃક્ષો રોપી હરિયાળા એસટી ડેપો અને પર્યાવરણના જતનનો સંદેશ આપવામાં આવ્યો હતો.

## અરનાલામાં પ્રાકૃતિક ખેતી તાલીમ યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૯ :** વલસાડ જિલ્લાના નાનાપોંઢા તાલુકાના અરનાલા ગામમાં પ્રાકૃતિક ખેતી તાલીમનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ કાર્યક્રમ દરમિયાન આત્મા પ્રોજેક્ટના બ્લોક ટેકનોલોજી મેનેજરશ્રી અંકુરભાઈ પ્રજાપતિ, આસિસ્ટન્ટ ટેકનોલોજી મેનેજરશ્રી જયશ્રીબેન ટંડેલ, ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડના માસ્ટર ટ્રેનર કમ રિસોર્સ પર્સન ધર્મેશભાઈ પટેલ અને ગ્રામ સેવક દ્વારા પ્રાકૃતિક ખેતીની માહિતી આપવામાં આવી હતી.

તજજ્ઞ દ્વારા પ્રાકૃતિક કૃષિથી જળ, જમીન અને પર્યાવરણની રક્ષા થાય છે. જમીનની ફળદ્રુપતા વધે છે. દેશી ગાયનું જતન સંવર્ધન થાય છે. કૃષિ ખર્ચ ઘટતા અને પ્રાકૃતિક કૃષિના ઉત્પાદનોના ભાવ પ્રમાણમાં વધારે મળતા ખેડૂતોની આર્થિક સ્થિતિ પણ મજબૂત થાય છે. એક દેશી ગાયના છાણ અને ગૌમુત્રથી ૩૦ એકર જમીનમાં પ્રાકૃતિક કૃષિ કરી શકાય છે, જેમાં ઉપયોગી દેશી ગાયના ગોબર - ગૌમૂત્ર સાથે બેસન, ગોળ અને માટીના મિશ્રણથી બનતા જીવામૃત અને ઘન જીવામૃત પ્રમાણમાં ઓછા ખર્ચાળ હોય છે તેની વિરુદ્ધ રાસાયણિક ખાતરો અને ઝેરી જંતુનાશકોને કારણે ખેતરમાં લાભકારી જીવોનો ક્ષય થાય છે. જીવામૃત, ઘન જીવામૃત અને આચ્છાદનથી અળસિયા જેવા લાભકારી જીવોની વૃદ્ધિ થાય છે જે કૃષિ પાકને પોષણ આપે છે. આ ઉપરાંત વાતાવરણમાંથી નાઈટ્રોજનને જમીનમાં સ્થાપિત કરે છે. તે અંગે ખેડૂતોને સમજણ આપી પ્રાકૃતિક ખેતી તરફ વળવા આહવાન કરાયું હતું.

## રણજી ટ્રોફીમાં પસંદ થયેલા હેનીલ પટેલને સર્પદંશ જાગૃતિ માટે બ્રાન્ડ એમ્બેસેડર બનાવવા અનુરોધ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૧૯ :** હાલમાં હેનીલ પટેલની રણજી ટ્રોફી માટે થયેલી પસંદગી બદલ તેમનું સન્માન કરવામાં આવ્યું હતું અને તેમના ઉજ્જવળ ક્રિકેટિંગ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. સાથે જ ડૉ. હેમંતભાઈ પટેલે હેનીલ પટેલને સર્પદંશ જાગૃતિ અભિયાનના બ્રાન્ડ એમ્બેસેડર બનવા અનુરોધ કર્યો હતો, જેથી લોકોમાં સર્પદંશ અંગે વૈજ્ઞાનિક જાગૃતિ, અંધશ્રદ્ધા દૂર કરવા અને સમયસર સારવાર અંગે જનજાગૃતિ ફેલાવવામાં મદદ મળી શકે.

અત્રે ઉલ્લેખનીય છે કે તાજેતરમાં જ વર્લ્ડકપ વિજેતા ટીમના ખેલાડી હેનીલ પટેલના ભાઈ ફેનિલ પટેલને સર્પદંશ થતાં તાત્કાલિક શ્રી સાંઈનાથ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતાં. જયાં સર્પદંશ નિષ્ણાત ડૉ. ડી.સી. પટેલ અને એમની ટીમે સઘન સારવાર આપી હતી. આશરે ૫૦ કલાક વેન્ટિલેટર પર સારવાર બાદ ફેનિલ પટેલ સંપૂર્ણ સ્વસ્થ થતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી.

## નાનાપોંઢા- બાલચોંડી વિસ્તારમાં ઇશ્કિ તત્વોની નિયમિત હાજરી સામે કાર્યવાહી ક્યારે ?

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**કપરાડા. તા.૧૯ :** નાનાપોંઢા - બાલચોંડીમા ચાલતી શાળાઓ શરૂ થવાના અને છૂટવાના સમયે બે લબરમૂછિયા અસામાજિક તત્વોની જમાત થઈ જતી હોવાની ફરિયાદો ઉઠી રહી છે. એક જાણકારી મુજબ ગત રોજ નાનાપોંઢા ખાતે એક પોલીસ લોકદરબારમાં જાગૃત નાગરિકો દ્વારા શાળાઓનું આજુબાજુ ઈશ્કિટટ્ટુઆની રીતસરની જમાત થઈ જતી હોવા અંગે પ્રશ્ન રજૂ કર્યો હતો. છતાં પોલીસ દ્વારા કોઈ પણ પ્રકારની કાર્યવાહી કરવામાં આવી નથી. જે ને લઈ અસામાજિક ઈશ્કિ તત્વો ધૂમ સ્ટાઈલમાં બાઈક હંકારી આંટા મારતા રહે છે. આ ઉપરાંત મોબાઈલમાં વિડિઓ ઉતારી ઈન્સ્ટાગ્રામમાં મૂકતા હોવાની વાલીઓમાં ફરિયાદો ઉઠી રહી છે. ત્યારે પોલીસ આવા તત્વો સામે કડક કાર્યવાહી કરે તેવી વાલીઓમાં માંગ ઉઠી રહી છે. આ ઈશ્કિ તત્વોને પોલીસનો કોઈ ડર નથી. બે રોકટોક બાઈક હંકારી આંટા મારતા હોય ક્યારેક મોટો અકસ્માત બની શકે છે. આ ઉપરાંત મોબાઈલમાં વિડિઓ ઉતારી રીલ બનાવી ઈન્સ્ટાગ્રામ પર મૂકતા હોવાનું ફરિયાદો ઉઠી રહી છે. જે અંગે પોલીસ શાળા શરૂ થવાના અને છૂટવાના સમયે પેટ્રોલિંગ કરે અને આવા તત્વોને કાયદાકીય ભાન કરાવે તેવી વાલીઓમાં માંગ ઉઠી રહી છે.

દમણગંગા ટાઈમ્સ

EDITORIAL: DAMANGANGA TIMES

Monday 20, July 2026


## ટ્રમ્પની ટેરિફની ધમકીને ભારત ગણકારશે નહીં

વિશ્વમાં અને તેમાં પણ ભારત જેવા વિકસતા મિત્ર દેશની સામે વારંવાર ટેરિફનો હાઉ ઊભો કરતા રહેતા અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને હવે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સરકારે ટેરિફની તલવાર હવે બુઠ્ઠી થઈ ગઈ હોવાનું ભાન કરાવવું શરૂ કરી દીધું છે. એક તરફ અમેરિકા સાથેના વેપાર કરારને તેની શરતો પોતાને ગળે ઊતરતી ન હોવાની સ્પષ્ટ વાત સાથે ભારત સરકારે તેના પર સહીને ટાળી દીધી છે, તો બીજી તરફ યુકેની સાથે મુક્ત વેપાર કરાર (એફટીએ) કર્યો છે. રશિયા પાસેથી ક્રૂડ તેલની ખરીદી કરતા દેશોની ઉપર ૧૦૦ ટકા ટેરિફ લાદવાના ઈરાદા જાહેર કરીને ટ્રમ્પે ભારત સહિતના દેશોને ધમકી આપી છે, પણ હવે ભારત આર્થિક રીતે એટલો શક્તિશાળી છે કે, તે આ ધમકીને ગણકારે તેમ નથી. અમેરિકાની સંસદમાં એક ખરડો રજૂ થયો છે, જેમાં રશિયા પાસેથી ક્રૂડ તેલ ખરીદતા દેશો ઉપર ૧૦૦ ટકા ટેરિફ લાદવાની જોગવાઈ છે. આ ખરડા પાછળનો જાહેર ઈરાદો રશિયાને ક્રૂડની આવકથી વંચિત કરીને આર્થિક રીતે નબળા પાડવાનો છે, પણ તેની સાથોસાથ આ પ્રસ્તાવિત ટેરિફ તળે આવતા ભારત સહિતના દેશો પર આર્થિક દબાણ ઊભું કરવાનો અમેરિકાનો ઈરાદો સ્પષ્ટ રીતે કળી શકાય તેમ છે. આખી દુનિયા જાણે છે કે, રશિયા પાસેથી સસ્તું ક્રૂડ આયાત કરીને ભારતે તેની આર્થિક મુશ્કેલીનો સામનો કર્યો છે. હવે અમેરિકા જો ૧૦૦ ટકા ટેરિફ લાદે તો ભારતની અમેરિકા થતી નિકાસ પર અસર પડે અને આવક ઘટી જાય. અમેરિકા તેની સાથેના વેપાર કરારમાં ભારતની આનાકાની બાદ આર્થિક દબાણ ઊભું કરવા ટેરિફનો હાઉ બતાવી રહ્યાંક્ક હોય તેમ જણાય છે. ઉલ્લેખનીય છે કે, ભારત પર અગાઉ લગાવેલી ટેરિફથી અમેરિકાને પણ આર્થિક પડકારનો સામનો કરવો પડયો હતો. હવે બીજી વખત આમ કરીને આ સ્થિતિનું પુનરાવર્તન થઈ શકે છે. જો કે, આ વખતે એક નોંધપાત્ર હકીકત એ છે કે, ભારત અમેરિકાના દબાણની સામે વધુ કડક વલણ લેવા સજ્જ છે. ભારતે અમેરિકાના પડકારની સામે સજ્જ થવા છેલ્લા થોડા સમયથી કમર કસી લીધી છે. આ સંદર્ભમાં યુરોપીયન સંઘથી માંડીને ચાવીરૂપ દેશોની સાથે એફટીએ કર્યા છે. આ શ્રંક્કખલામાં હવે યુકે સાથેનો કરાર ઉમેરાયો છે. આમ અમેરિકા સાથેની નિકાસ પર અસર પડે તો પણ ભારતને કોઈ ફરક પડે તેમ નથી. અમેરિકા સાથે મુક્ત વ્યાપાર કરાર થાય ત્યારે ખરા. તારીખ પે તારીખ પડયા કરે છે ! પણ આપણે યુ.કે. સાથે કરેલા કરારનો અમલ તાત્કાલિક શરૂ થઈ ગયો છે. બુધવારે કરાર ઉપર સહી-સિક્કા થયા અને તે જ દિવસે મુહૂર્તના સોદાની જેમ ભારતે ૧૪ કરોડ ડોલરના માલસામાનની નિકાસ કરી છે. વડાપ્રધાન મોદીએ કરારને વધાવતાં કહ્યું છે કે, આ કરાર અને સામાજિક સલામતીની સમજૂતી બંને દેશ વચ્ચેના આર્થિક સંબંધ ગાઢ બનાવશે અને લોકો માટે નવા અવકાશ અને અવસર પૂરા પાડશે. કોમ્પ્રિહેન્સિવ આર્થિક અને વ્યાપાર કરારથી આપણા કિસાનો, ઔદ્યોગિક સાહસિકો અને મધ્યમ ઉદ્યોગોને યુ.કે.ની બજારમાં પ્રવેશ મળશે. ટેક્નોલોજીમાં સહકાર અને સહયોગ વિસ્તરશે. આપણા કારીગરોના કૌશલને માન્યતા મળશે. વડાપ્રધાન મોદી કહે છે કે, આપણા બંને દેશની લોકશાહી એકબીજામાં વિશ્વાસને દૃઢ બનાવે છે. વ્યાપાર કરારથી આપણી ભાગીદારી વધુ વ્યાપક બને છે. ભાગીદારીથી સમૃદ્ધિ વધવા પામશે. ભારતે હવે તેની આર્થિક અને વ્યૂહાત્મક તાકાતનો ઉપયોગ કરવો શરૂ કર્યો છે. અમેરિકાનાં દબાણને વશ થયા વગર દેશહિતના જતનનો વડાપ્રધાન મોદીનો ઈરાદો હવે સ્પષ્ટ રીતે કળાઈ રહ્યો છે. આવનારા સમયમાં ટ્રમ્પ ૧૦૦ ટકા ટેરિફ લાદે તો પણ ભારતને તેનાથી કોઈ ફરક પડશે નહીં ઊલટું અમેરિકાને આર્થિક બોજો આવી શકે તેમ છે. ભારતથી થતી ચાવીરૂપ આયાત મોંઘી થાય તો ત્યાંના વેપાર પર બોજો આવી શકે તેમ છે. આમ આવનારા સમયમાં ટ્રમ્પ અને અમેરિકાને હવે ભાન થશે કે ભારત પર ટેરિફની ધમકી કે અન્ય કોઈ દબાણ હવે કામ કરે તેમ નથી.

### "હોબાળો નહીં, ચર્ચા કરો" સર્વપક્ષીય બેઠકમાં કિરેન રિજિજૂની અપીલ

# આજથી ચોમાસુ સત્ર : સર્વપક્ષીય બેઠક યોજાઈ

### TMCના ૨૦ બળવાખોર સાંસદોને સામેલ કરતાં કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી, ટીએમસી, ડીએમકે સહિત ૪૦ પક્ષોના નેતાઓએ વિરોધ કર્યો હતો

(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી, તા.૧૯ : કેન્દ્રીય સંસદીય કાર્યમંત્રી કિરેન રિજિજૂએ રવિવારે કહ્યું કે, સરકાર વિરોધ પક્ષની વાત સાંભળવા તૈયાર છે. તેમણે આશા વ્યક્ત કરી કે રાષ્ટ્રીય રાજધાનીમાં બોલાવવામાં આવેલી તમામ પક્ષોના ફ્લોર લીડર્સની બેઠકમાં વિરોધ પક્ષ પણ સકારાત્મક વલણ અપનાવશે. સર્વપક્ષીય બેઠક પહેલાં પત્રકારો સાથે વાત કરતાં રિજિજૂએ જણાવ્યું કે, સત્ર દરમિયાન સંસદનું કામકાજ સરળતાથી ચાલે તે માટે સરકારે ફ્લોર લીડર્સની બેઠક બોલાવી છે. બેઠકમાં તૃણમૂલ કોંગ્રેસ (TMC)ના બાગી સાંસદોને આમંત્રિત કરવા અંગે પણ તેમણે પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું કે, નિયમો મુજબ જ TMCના સાંસદોને બેઠકમાં સ્થાન આપવામાં આવ્યું છે.

રિજિજૂએ કહ્યું કે, "સંસદનું ચોમાસુ સત્ર ૨૦ જુલાઈથી શરૂ થઈ રહ્યું છે. સરકારે આજે તમામ પક્ષોના ફ્લોર લીડર્સની બેઠક બોલાવી છે. અમે તમામ રાજકીય પક્ષોને અપીલ કરીએ છીએ કે તેઓ આ ચોમાસુ સત્રને સરળતાથી ચલાવવામાં સહયોગ આપે. સંસદ સૌની છે. સરકાર જે વિધેયક અને અન્ય વિધાનકારી કામકાજ રજૂ કરવા માગે છે, તેમાં સત્તાપક્ષ અને વિરોધ પક્ષ બંનેના સભ્યો રચનાત્મક રીતે ભાગ લેશે તેવી મને આશા છે. સંસદ જેટલી સારી રીતે કામ કરશે, તેટલો દેશને લાભ થશે."

કિરેન રિજિજૂએ તમામ પક્ષોને અર્થપૂર્ણ સત્ર માટે સાથે મળીને કામ કરવાની અપીલ પણ કરી છે. તેમણે વધુમાં કહ્યું કે, "હું ફરી એકવાર તમામ પક્ષોના નેતાઓને અપીલ કરું છું કે તેઓ સંસદનું કામકાજ સરળતાથી ચાલે તે સુનિશ્ચિત કરે અને તેમાં પોતાનો ફાળો આપે. અમે વિરોધ પક્ષની વાત સાંભળીશું અને આશા રાખીએ છીએ કે તેઓ પણ અમારી વાત સાંભળશે."

રક્ષામંત્રી રાજનાથ સિંહ, સ્વાસ્થ્યમંત્રી જે.પી. નડ્ડા, સંસદીય કાર્યમંત્રી કિરેન રિજિજૂ અને કાયદા રાજ્યમંત્રી અર્જુન રામ મેઘવાલ સહિત અનેક વરિષ્ઠ મંત્રીઓ સંસદ એનેક્સીમાં યોજાયેલી સર્વપક્ષીય બેઠકમાં હાજરી આપી રહ્યા છે. આ બેઠકમાં ભાગ લેવા પહોંચેલા વિરોધ પક્ષના સાંસદોનો મિજાજ જોકે ખાસ સારો જોવા મળ્યો નહોતો. રાજ્યસભાના સાંસદ જહોન બ્રિટાસે સ્પીકરની કચેરીની કામગીરીની ટીકા કરતાં આરોપ લગાવ્યો કે હવે તે સ્વતંત્ર રીતે કામ કરતી નથી. સર્વપક્ષીય ફ્લોર લીડર્સની બેઠક પહેલાં બ્રિટાસે કહ્યું કે, "સ્પીકર હવે સત્તાધારી પક્ષ માટે કબજો, વિલય અને ટેકઓવરનું સાધન બની ગયા છે. સંસદના સ્વતંત્ર સંરક્ષક અથવા કાયદાના રક્ષક જેવી કોઈ વ્યવસ્થા હવે રહી નથી. સ્પીકર સત્તાધારી પક્ષના હાથની કઠપૂતળી બની ગયા છે."

આવતીકાલથી શરૂ થઈ રહેલા સંસદના ચોમાસુ સત્ર પહેલા આજે સર્વપક્ષીય બેઠક યોજાઈ હતી, જેમાં મોટો વિવાદ ઉભો થયો છે. બેઠકમાં કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી, ટીએમસી, ડીએમકે સહિત ૪૦ પક્ષોના નેતાઓ સામેલ થયા હતા. આ બેઠકમાં તૃણમૂલ કોંગ્રેસ (TMC)ના ૨૦ બળવાખોર સાંસદોને સામેલ કરતા વિપક્ષોએ વાંધો ઉઠાવ્યો હતો. આ મામલે વિપક્ષના નેતાઓ વોકઆઉટ કરી ગયા છે.

વિપક્ષોએ આક્ષેપ કર્યો છે કે, લોકસભા સ્પીકર ઓમ બિરલાએ હજુ સુધી ટીએમસીના બળવાખોર જૂથને માન્યતા આપી નથી, છતાં કેન્દ્ર સરકારે તેમના ૨૦ બળવાખોર સાંસદોને બેઠકમાં કેમ બોલાવ્યા?

બીજીતરફ સંસદીય કાર્યમંત્રી કિરેન રિજિજુએ કહ્યું કે, સર્વપક્ષીય બેઠકમાં સારી ચર્ચા થઈ છે, તમામ નેતાઓએ પોતપોતાની રજૂઆત કરી છે. કોઈપણ અડચણ વગર ગૃહની કામગીરી ચાલુ રહે, તે આપણા બધાની જવાબદારી છે.

સંસદનું ચોમાસુ સત્ર ૨૦ જુલાઈથી ૧૩ ઓગસ્ટ સુધી યોજાવાનું છે. આ દરમિયાન કુલ ૧૯ બેઠકો યોજાવાની છે. રિપોર્ટ મુજબ, કેન્દ્ર સરકાર સત્રના પહેલા જ દિવસે એટલે કે સોમવારે વંદે માતરમનું બિલ રજૂ કરી શકે છે.

ટીએમસી સાંસદ મહુઆ મોઈત્રાએ કહ્યું કે, કોંગ્રેસ, ટીએમસી સહિત તમામ વિપક્ષઓ સર્વપક્ષીય બેઠકમાં વોકઆઉટ કર્યું છે.

સંસદની સત્તાવાર યાદીમાં અખિલ ભારતીય તૃણમૂલ કોંગ્રેસ (TMC)ની સંખ્યા ૨૮ લખવામાં આવી છે, જ્યારે ટીએમસીમાંથી બળવો કરનાર ૨૦ સાંસદોની ગેર-માન્યતા પ્રાપ્ત એનસીપીઆઈ નામની પાર્ટીને સ્પીકરે મંજૂરી આપી નથી અને તેમની અયોગ્યતાની અરજી પણ પેન્ડિંગ છે,

છતાં તેઓને બેઠકમાં કેમ બોલાવાયા? નિયમોમાં ૯૧માં સંશોધન બાદ કોઈ જુદા જૂથને સામેલ કરવાનો કોઈ નિયમ જ નથી, તો પછી સંસદીય કાર્યમંત્રીએ ૨૦ બળવાખોર સાંસદોને કયા કારણોસર બેઠકમાં સામેલ થવાનું આમંત્રણ આપ્યું. આના વિરોધમાં વિપક્ષે બેઠકનો બહિષ્કાર કર્યો છે.

## અમેરિકાએ ઈરાન પર ભયાનક એરસ્ટ્રાઈક શરૂ કરી

(સંપૂર્ણ સમાચાર સેવા) જોર્ડન, તા.૧૯ : અમેરિકા અને ઈરાન વચ્ચે તણાવ સતત વધી રહ્યો છે. અમેરિકી સેન્ટ્રલ કમાન્ડ (CENTCOM) એ જણાવ્યું કે શનિવારે સાંજે ૬ કલાક (ઈસ્ટર્ન ટાઈમ) રાષ્ટ્રપતિના નિર્દેશ પર અમેરિકી સેનાએ ઈરાન વિરુદ્ધ નવા હવાઈ હુમલા શરૂ કર્યા છે. આ હુમલાનો ઉદ્દેશ્ય હોર્મુઝમાં વ્યાવસાયિક જહાજો માટે ખતરો પેદા કરનારી ઈરાની ક્ષમતાઓને નબળી પાડવાનો અને જોર્ડનમાં અમેરિકી સૈનિકો પર હુમલો કરનારી ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સની કાર્યવાહીનો જવાબ આપવાનો છે.

જોર્ડનમાં ૧૭ જુલાઈએ ઈરાની બેલિસ્ટિક મિસાઈલ અને ડ્રોન હુમલા દરમિયાન બે અમેરિકી સૈનિકોના મોત થયા. તો એક અન્ય સૈનિક લાપતા છે. સૈનિકોની ઓળખ હાલ જાહેર કરવામાં આવી નથી. સેનાએ કહ્યું કે પરિવારજનોને સત્તાવાર સૂચના આપવાના ૨૪ કલાક બાદ તેના નામ જાહેર કરવામાં આવશે. અમેરિકી સેનાએ જણાવ્યું કે હુમલા બાદ ચાર સૈનિકોને સારવાર માટે જોર્ડનની હોસ્પિટલમાં દાખલ કરાવવામાં આવ્યા છે. તમામને હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી છે. તો સામાન્ય રૂપથી ઈજાગ્રસ્ત અન્ય સૈનિકો સારવાર બાદ ફરી ડ્યૂટી પર લાગી ગયા છે. આ ઘટનાઓ બાદ યુદ્ધ શરૂ થયા બાદ અત્યાર સુધી અમેરિકાના ૧૬ સૈનિકોના મોત થયા છે, જ્યારે ૪૩૦થી વધુ સૈનિક ઈજાગ્રસ્ત થયા છે.

## જમ્મુ-કાશ્મીરમાં વરસાદથી તબાહી: પૂર-ભૂસ્ખલનમાં ૧૧ ના મોત

(સંપૂર્ણ સમાચાર સેવા) જમ્મુ, તા.૧૯ : જમ્મુ-કાશ્મીરમાં છેલ્લા કેટલાય દિવસથી સતત વરસી રહેલા મુશળધાર વરસાદે ભારે વિનાશ વેર્યો છે. ખાસ કરીને પૂંછ અને રાજૌરી જિલ્લામાં સ્થિતિ એટલી ગંભીર બની ગઈ છે કે પૂર જેવી સ્થિતિ, ભૂસ્ખલન અને મકાનો પડી જવાની ઘટનાઓમાં અત્યાર સુધીમાં ૧૧ લોકોના જીવ ગયા છે, જ્યારે ૬ લોકો હજુ લાપતા છે. સેંકડો લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે અને હજુ પણ બચાવ કામગીરી ચાલુ છે. હવામાન વિભાગે ૨૩ જુલાઈ સુધી ભારે વરસાદની આગાહી કર્યા પછી વહીવટી તંત્રએ સાવધાનીના ભાગરૂપે અમરનાથ યાત્રા, માતા વૈષ્ણો દેવી યાત્રા અને શિવખોરી યાત્રાને અસ્થાયી રૂપે સ્થગિત કરી દીધી છે.

પુંછ અને રાજૌરીમાં વરસાદે જે તબાહી મચાવી છે તેનું વર્ણન કરવું મુશ્કેલ છે.

રાજૌરીના બેલા કોલોની વિસ્તારમાં અચાનક વાદળ ફાટવાથી અને પૂર આવવાથી ગાડીઓ પાણીમાં તણાઈ ગઈ છે.

મકાનો અને ખેતીની જમીનને ભારે નુકસાન થયું છે. સ્થાનિક લોકોનું કહેવું છે કે, "જો વરસાદ આ જ રીતે ચાલુ રહ્યો તો વધુ મોટી આફત આવશે." અધિકારીઓએ તાત્કાલિક બચાવ ટીમો તૈનાત કરી છે. એનડીઆરએફ, પોલીસ અને સ્થાનિક વહીવટી તંત્રની ટીમો ફસાયેલા લોકો સુધી પહોંચવા અને રાહત સામગ્રી પહોંચાડવામાં લાગી ગઈ છે.

હવામાન વિભાગે ૨૩ જુલાઈ સુધી ભારે વરસાદની આગાહી કરી છે, તેથી સરકારે સાવધાનીના ભાગરૂપે મોટો નિર્ણય લીધો છે. અમરનાથ યાત્રા, માતા વૈષ્ણો દેવી યાત્રા અને શિવખોરી યાત્રા અસ્થાયી રૂપે સ્થગિત કરી દેવામાં આવી છે.

## મધ્ય પ્રદેશમાં યુનિફોર્મ સિવિલ કોડ લાગુ થશે

(સંપૂર્ણ સમાચાર સેવા) ભોપાલ, તા.૧૯ : મધ્ય પ્રદેશમાં એક દેશ, એક કાયદોની દિશામાં રવિવારે એક મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. મુખ્યમંત્રી ડૉ. મોહન યાદવની અધ્યક્ષતામાં ભોપાલના બહારના વિસ્તાર જગદીશપુરમાં મંત્રી પરિષદની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં સમાન નાગરિક સંહિતા (UCC) અધિનિયમ ૨૦૨૬ના મુસદ્દાને સર્વસંમતિથી મંજૂરી આપવામાં આવી છે. કેબિનેટમાંથી લીલી ઝંડી મળ્યા બાદ હવે આ વિધેયકને આવતીકાલે એટલે કે, ૨૦ જુલાઈથી શરૂ થઈ રહેલા મધ્ય પ્રદેશ વિધાનસભાના ચોમાસુ સત્રમાં રજૂ કરવામાં આવશે.

કેબિનેટ બેઠક બાદ આ નિર્ણયની જાહેરાત કરતા મુખ્યમંત્રી મોહન યાદવે જણાવ્યું કે, તમામ મંત્રીઓએ પ્રસ્તાવિત કાયદાનું જોરદાર સમર્થન કર્યું છે. તેમણે કહ્યું, આજે મધ્ય પ્રદેશ કેબિનેટે પૂરા દિલથી અને સર્વસંમતિથી સમાન નાગરિક સંહિતા વિધેયક, ૨૦૨૬ને મંજૂરી આપી દીધી છે. હું મારા તમામ કેબિનેટ સહયોગીઓ અને રાજ્યની જનતાને અભિનંદન આપું છું. આ વિધેયક હવે ૨૦ જુલાઈથી શરૂ થનારા વિધાનસભા સત્ર દરમિયાન પટલ પર રાખવા માટે તૈયાર છે. તેમણે આગળ કહ્યું કે, સરકાર સમાનતાને ભારતીય સભ્યતાનો મૂળ સિદ્ધાંત માને છે, અને આ જ દ્રષ્ટિકોણને ધ્યાનમાં રાખીને આ કાયદાનો મુસદ્દો તૈયાર કરવામાં આવ્યો છે.

## સરકારી હોસ્પિટલમાં જ રહેશે સોનમ વાંગચુક



### દિલ્હી હાઈકોર્ટે પત્નીની માંગને ફગાવતા કહ્યું-સરકારનો નિર્ણય મનસ્વી કે ગેરકાનૂની નથી

(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી, તા.૧૯ : દિલ્હી હાઈકોર્ટે વાંગચુકની પત્ની ગીતાંજલિ અંગમોની અરજી પર કોઈ વચગાળાની રાહત આપી નથી. કોર્ટે સફદરજંગ હોસ્પિટલમાં દાખલ સોનમ વાંગચુકને પ્રાઈવેટ હોસ્પિટલમાં શિફ્ટ કરવાની અરજીને ફગાવી દીધી છે.

જસ્ટિસ મિની પુષ્કર્ણાની કોર્ટે સ્પષ્ટ કર્યું કે વાંગચુકના કથળતા આરોગ્યને જોતા તેમને હોસ્પિટલમાં શિફ્ટ કરવાનો સરકારનો નિર્ણય કોઈપણ રીતે મનસ્વી કે ગેરકાનૂની નથી. જ્યારે કોઈ સામાજિક કાર્યકર્તા જનહિતના મુદ્દે અચોક્કસ મુદતના ઉપવાસ પર ઉતરે છે, ત્યારે તેમના સ્વાસ્થ્યની જવાબદારી કોની બને છે? શું સરકાર તેમની મરજી વિરુદ્ધ તેમને હોસ્પિટલમાં દાખલ કરી શકે? આવા જ કેટલાક જટિલ કાનૂની અને નૈતિક સવાલો વચ્ચે, દિલ્હી હાઈકોર્ટે રવિવારે સામાજિક કાર્યકર્તા સોનમ વાંગચુકના કેસમાં મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. કોર્ટે વાંગચુકને સફદરજંગ હોસ્પિટલમાંથી તાત્કાલિક ડિસ્ચાર્જ આપવાનો ઈનકાર કરી દીધો છે.

કોર્ટે નોંધ્યું હતું કે સોનમ વાંગચુકના સ્વાસ્થ્ય પર ડોક્ટરો સતત દેખરેખ રાખી રહ્યા છે.

આ સ્થિતિમાં, તેમના શારીરિક સ્વાયત્તતાના અધિકારનું કોઈ ઉલ્લંઘન થયું નથી. કોર્ટે પોતાના આદેશમાં જણાવ્યું, કે સમગ્ર પરિસ્થિતિને ધ્યાનમાં લેતા, સરકારે વાંગચુકના સ્વાસ્થ્યને કારણે જ તેમને હોસ્પિટલમાં ખસેડવાનો નિર્ણય લીધો છે,

તેથી આ કોર્ટ તેને કોઈ મનસ્વી પગલું માનતી નથી. અદાલતે વધુમાં ઉમેર્યું હતું કે, વાંગચુકની ગંભીર સ્થિતિ હોવા છતાં તેમણે પોતાની મરજીથી હોસ્પિટલમાં દાખલ થવાનો ઈનકાર કર્યો હતો, જેથી સરકાર માટે દખલગીરી કરવી કાનૂની રીતે યોગ્ય હતી.

આ ઉપરાંત, કોર્ટે એ વાતની પણ નોંધ લીધી કે વાંગચુકના પરિવારને સામાન્ય દર્દીઓ કરતાં વધુ છૂટછાટ આપવામાં આવી છે અને આખો દિવસ તેમની પાસે રહેવાની મંજૂરી સાથે અલગ રૂમની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. હાલમાં કોર્ટે તેમની તબીબી રિપોર્ટ્સ પરિવાર સાથે શેર કરવાનો આદેશ આપીને આગામી સુનાવણી ૨૪ જુલાઈના રોજ નક્કી કરી છે.

## હોસ્પિટલે હેલ્થ બુલેટિન જાહેર કર્યું

(સંપૂર્ણ સમાચાર સેવા) નવી દિલ્હી, તા.૧૯ : લદ્દાખની માંગોને લઈને લાંબા સમયથી ચર્ચામાં રહેનાત એક્ટિવિસ્ટ સોનમ વાંગચુકના સ્વાસ્થ્યને લઈને મોટા અપડેટ સામે આવ્યા છે. દિલ્હીની વર્ધમાન મહાવીર મેડિકલ કોલેજ અને સફદરજંગ હોસ્પિટલ તરફથી તેમના સ્વાસ્થ્યને લઈને હેલ્થ બુલેટિન જાહેર કરવામાં આવ્યું છે. કહેવામાં આવ્યું છે કે લાંબા સમય સુધી અનશન પર રહેવાને કારણે તેમના શરીર પર તેની અસર પડી છે. જોકે તેમના મુખ્ય પેરામીટર્સ સ્થિર છે, પરંતુ ડોક્ટરોની ટીમ કોઈ જોખમ લેવા ઈચ્છતા નથી.

હોસ્પિટલ મેનેજમેન્ટ તરફથી જારી જાણકારી પ્રમાણે તેમને દરેક જરૂરી ડોક્ટરની સહાયતા ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. ડોક્ટરોનું કહેવું છે કે લાંબા સમય સુધી ઉપવાસ કે અનશન પર રહેવાને કારણે તેમના શરીરના અંગો અને આંતરિક સિસ્ટમ પર વધુ અસર પડી છે.

આ કારણે તેમને તત્કાલ ડોક્ટરની દેખરેખમાં લાવવામાં આવ્યા, જેથી કોઈ મોટી મુશ્કેલીથી બચી શકાય.

સોનમ વાંગચુકના સ્વાસ્થ્ય અંગે હોસ્પિટલે જણાવ્યું કે તેમના વાઈટલ પેરામીટર્સ એટલે કે બ્લડ પ્રેશર અને પલ્સ જેવી વસ્તુ કંટ્રોલમાં અને સ્થિર છે. પરંતુ આ સાથે ડોક્ટરોએ સ્પષ્ટ કર્યું કે તેમના બ્લડ પેરામીટર્સમાં થોડો ઉતાર-ચઢાવ જોવા મળ્યો છે. લાંબા સમય સુધી ભૂખ્યા રહેવાને કારણે શરીરમાં થનાર ફેરફારોને જોતા તેમને ખાસ મેડિકલ કેરમાં રાખવામાં આવ્યા છે. ડોક્ટરોનું કહેવું છે કે આવા સમયે દર્દીઓ પર સતત નજર રાખવાની જરૂર હોય છે.

## ગુજરાતમાં જૈશના આતંકીઓનો પ્લાન નિષ્ફળ

(સંપૂર્ણ સમાચાર સેવા) અમદાવાદ, તા.૧૯ : ગુજરાત એન્ટી ટેરરિસ્ટ સ્ક્વોડ (ATS) દ્વારા જૈશ-એ-મોહમ્મદ (JeM) ના આતંકી મોડ્યુલના પર્દાફાશ બાદ કંપાવી દેનારા ખુલાસાઓ સામે આવ્યા છે. પકડાયેલા આતંકીઓ ગુજરાતમાં મોટો આત્મઘાતી હુમલો અથવા કોઈ મોટી આતંકી ઘટનાને અંજામ આપવા માટે સંપૂર્ણ રીતે તૈયાર (રેડિકલ) થઈ ચૂક્યા હોવાનું તપાસમાં બહાર આવ્યું છે.

ATSની તપાસ મુજબ, પકડાયેલા મુખ્ય આતંકી અહેમદ ગાજીવાલા અને ઈબ્રાહીમે કાશ્મીર જઈને એક બંધ જગ્યાએ ૮ મહિના સુધી AK-47 રાઈફલ અને પિસ્તોલ ચલાવવાની ઘાતક તાલીમ લીધી હતી. આ કાવતરામાં પાકિસ્તાન સ્થિત હેન્ડલર અબ્દુલ્લા, આફરીન કુરેશી અને એક અજાણ્યો કાશ્મીરી શખ્સ પણ સામેલ હતા. પાકિસ્તાની હેન્ડલર તરફથી આ આરોપીઓને રૂ. ૩ લાખ ફંડ મળ્યું હતું, જેમાંથી તેમણે કાર અને બાઈક ખરીદ્યા હતા. આ કાવતરાના ભાગરૂપે વડોદરા ખાતે કાશ્મીરી વ્યક્તિ સાથે આતંકીઓની ગુપ્ત બેઠકો પણ યોજાઈ હતી. છેલ્લા ૫ મહિનાથી આ નેટવર્ક ગુજરાતમાં સક્રિય થવાનો પ્રયાસ કરી રહ્યું હતું. સૌથી ચોંકાવનારી બાબત એ છે કે આ આતંકીઓએ માત્ર હથિયારો જ નહીં, પરંતુ કેમિકલ બ્લાસ્ટ અને ઝેરી ગેસ બનાવવાની પણ તાલીમ મેળવી હતી. આતંકી આમીન શેરા અને મોહમ્મદ અયુબની હાજરીમાં આરોપીઓએ કુલ ૮ ટાઈમર બોમ્બ બનાવ્યા હતા. આ બોમ્બના ટેસ્ટ બ્લાસ્ટ (ટ્રાયલ) સિદ્ધપુરના ખડિયાસણ નજીક નદીના પટમાં, ચાટાવાડા ગામ અને ટેબાવાડા ગામમાં આવેલા મહાકાળી માતાના મંદિર નજીક કરવામાં આવ્યા હોવાનો ખુલાસો થયો છે. બોમ્બ બનાવવાનું રો-મટીરીયલ સિદ્ધપુરની સ્થાનિક દુકાનમાંથી જ ખરીદાયું હતું, જ્યાં હાલ છૂજીએ સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે. આ ઉપરાંત, આરોપીઓએ કાર્બન મોનોક્સાઈડ, મિથેન અને હાઈડ્રોજન સલ્ફાઈડ જેવા અત્યંત ઝેરી ગેસ બનાવીને અન્ય યુવાનોને પણ આ ટ્રેનિંગ આપી હતી.

## કચ્છ-શક્તિ દ્વારા એવોર્ડ એનાયતઃ હેમરાજ શાહને 'હાર્મની કચ્છભૂષણ'





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૯ :** કચ્છી નવા વર્ષ અષાઢી બીજ નિમિત્તે કચ્છ-શક્તિ તરફથી યોજાયેલા ૪૭મા કચ્છ-શક્તિ રાષ્ટ્રીય એવૉર્ડ એનાયત સમારોહમાં સૌરાષ્ટ્ર ટ્રસ્ટના મૅનેજિંગ ટ્રસ્ટી હાર્દિકભાઈ મામણિયાએ જણાવ્યું હતું કે દર વર્ષે એવૉર્ડ અપાય છે અત્યાર સુધી ૧૦૦૦થી વધુ એવૉર્ડ એનાયત કરાયા છે. એવોર્ડ અપાયા પછી તેનું કનેક્શન શું થાય છે એ હું અહીં શેર કરવા માગું છું, એમ કહીને તેમણે ખૂબ રસ-દ વાત રજૂ કરી હતી.

દાદરના યોગી સભાગૃહમાં આયોજિત સમારોહમાં હાર્દિકભાઈ મામણિયાએ એવૉર્ડના બે કિસ્સાને ટાંકીને કહ્યું હતું કે ૨૦૨૪માં ગાંધીધામના ડૉ. ચેતન વોરાને કચ્છરત્ન એવૉર્ડ અપાયો હતો ત્યારે તેમણે આ મંચ પરથી જણાવ્યું હતું કે હું જાલનામાં ભણ્યો છું. મને ગુજરાતી આવડતું પણ ન હતું. જન્મભૂમિ વાંચીને ગુજરાતી શીખ્યો. તેઓ ૪૯૨ પરિવારને કચ્છમાં કાયમી સ્થાયી કરી ચૂક્યા છે. એ પછી કચ્છમિત્ર સાથે એમના બે કોન્કલેવ કર્યા.

જેમાં હેલ્થકેરની બાબતમાં કચ્છમાં શું શું છે. તેમના પ્રતિભાવના પગલે ૩૩ પરિવાર કચ્છમાં સ્થાયી થયા છે.

બીજો દાખલો એવૉર્ડ વિનર માનસી ગોસ્વામીનો ટાંક્યો જેઓ પોતે મરીન સાયન્સમાં પીએચ.ડી. છે અને ગ્રામ્ય વિસ્તારમાં શિક્ષણ ક્ષેત્રે ખૂબ કામ કર્યું છે. ગુજરાતના મુખ્ય પ્રધાને આ વિસ્તારની આખી જવાબદારી તેમને સોંપી. આ કચ્છ-શક્તિ એવૉર્ડનો પ્રભાવ છે. આ વિઝન માટે હેમરાજભાઈ અને ટીમ અભિનંદનીય છે.

જૈનોની ઘટતી વસ્તી અંગે ચિંતા પ્રવર્તે છે. આ મુદ્દા પર તેમણે જણાવ્યું કે પારસીઓ માટે સરકારે એડિશનલ સંતાન માટે રકમ ફાળવીને પ્રોત્સાહિત કર્યા છે એ રીતે જૈનો માટે પણ થઈ શકે. એ માટે ગુજરાતના કૅબિનેટ પ્રધાન હર્ષભાઈ સંઘવી સાથે વાત થઈ છે અને આગળ પ્રયત્નો કરશું.

જન્મભૂમિના મુખ્ય તંત્રી કુન્દનભાઈ વ્યાસે જણાવ્યું કે આજનો આનંદ અને ઉત્સાહ અનેરો છે. સિદ્ધિ-પ્રાપ્ત કચ્છીઓને પોંખ્યા છે. હેમરાજભાઈ માટે કચ્છ ભૂષણ સન્માન પૂરતું નથી. એમણે તો ગુજરાતીઓ, ગુજરાતી ભાષા માટે ઘણું કામ કર્યું છે. હમીરસર ઓગને ત્યારે મેઘલાડુ જમાડે છે જે એમનો કચ્છ -ત્યેનો પ્રેમ દર્શાવે છે. હેમરાજભાઈ સ્વસ્થ રહે અને કચ્છની સેવા કરતા રહે એવી શુભેચ્છા છે.

તારક મહેતા કા ઉલ્ટા ચશ્માના નિર્માતા આશિતભાઈ મોદીએ જણાવ્યું કે અમારી સિરિયલ શરૂ થઈ ત્યારે પહેલો એવૉર્ડ હેમરાજભાઈએ આપ્યો હતો. શ્રેણી દ્વારા કચ્છની સંસ્કૃતિને વિશ્વમાં પહોંચાડી શક્યો છું.

હેમરાજભાઈ શાહે નાદુરસ્ત તબિયત હોવા છતાં સમારોહમાં હાજરી આપી હતી. તેમના વતી સ્વાગત પ્રવચનનું વાંચન સમારોહનાં સંચાલિકા રીટા હરિયાએ કર્યું હતું. હેમરાજભાઈ વ્હીલચેર પર સ્ટેજ પર હતા. તેમને હાર્મની આર્ટસ ઍન્ડ કલ્ચર તરફથી હાર્મની કચ્છ ભૂષણ

એવૉર્ડ સંસ્થાના વિરેન્દ્રભાઈ શાહ અને રમેશભાઈ શાહના હસ્તે એનાયત થયો હતો.

આ અવસરે ડૉ. નવીન પારેખના પુસ્તક જૈન સમાજની લગ્ન વિષયક સામાજિક સમસ્યાઓ અને સંભાવિત સમાધાનોનું વિમોચન કરવામાં આવ્યું હતું.

જૈન મેરેજ મિશનમાં જોડાયેલા આઠ ફિરકાઓના સન્માનનો પ્રતિભાવ આપતાં ડૉ. નાગજીભાઈ રીટાએ જણાવ્યું કે, કચ્છમાં મેઘરાજાને વધાવવા માટે રાજવીઓએ આષાઢી બીજની ઉજવણી શરૂ કરી હતી. કચ્છ-શક્તિ ૪૭ વર્ષથી કચ્છીરત્નોને એવૉર્ડથી નવાજે છે. આ બધા વિજેતાઓને અભિનંદન આપું છું. એ સાથે અમારું સન્માન કર્યું છે એ માટે આભાર સૌ વતી વ્યક્ત કરું છું. તેમણે હાર્દિકભાઈ મામણિયાએ કચ્છમાં પાછા ફરવાનું અભિયાન જેવાયએફ તરફથી છેડયું છે. એ માટે ખાસ બિરદાવ્યા હતા. સમારોહનું કોણ શક્તિ રેશનલ એવોર્ડ છે સંચાલન રીટા હરિયાએ કર્યું હતું.

આભારવિધિ અરવિંદ શાહે કરી હતી. આરંભમાં ટીના છેડા અને સાથી કલાકારોએ રંગ કસુંબલ ડાયરો રજૂ કર્યો હતો. કલાકારોની રજૂઆતથી લોકો આનંદથી ઝૂમી ઉઠયા હતા. વારંવાર તાળીઓથી વધાવ્યા હતા. યોગી સભાગૃહ વતનપ્રેમી કચ્છીઓથી છલોછલ ભરાયો હતો.

સમારોહમાં ઉદય શાહ, ચીમન મોતા તેમ જ અન્યોએ સ્ટેજની કામગીરી સંભાળી હતી. જૈન સમાજના અગ્રણી અને દાતા ચંદ્રકાંતભાઈ ગોગરીએ હાજરી આપી હતી. આ સમારોહમાં અચલગચ્છ જૈન સંઘના પૂ. જયપદ્મગુણાશ્રીજી મહાસતીજીને કચ્છરત્ન એવૉર્ડ એનાયત થયો હતો. જેનો સંસારપક્ષે તેમનાં ભાઈ-ભાભીએ સ્વીકાર કર્યો હતો. ત્યાર બાદ જયંતીલાલ કે. છાડવાને સમાજરત્ન, નરેન્દ્રભાઈ નંદને ધર્મપ્રેમી એવૉર્ડ, રાજેશ (રાજુભાઈ) છેડાને વ્યાપાર-ઉદ્યોગ એવૉર્ડ, ભૂપણ આર.

સોનીને વ્યાપાર-ઉદ્યોગ એવૉર્ડ, હિરજી રાયશી પાસડને સમાજસેવા એવૉર્ડ, વેલજી ગણેશભાઈ મહેતાને સમાજસેવા એવૉર્ડ, મહેન્દ્ર દામજી છેડાને સમાજસેવા એવૉર્ડ, અજય સોનીને સાહિત્યરત્ન એવૉર્ડ, ડૉ. મહાદેવભાઈ બારડને સંશોધન એવૉર્ડ, સમીરા રાંભિયાને નારીરત્ન એવૉર્ડ, દિશા દેઢિયાને વેલ્થ સ્ટ્રેટેજીસ્ટ એવૉર્ડ, નીલ ભટ્ટને ફિલ્મ સ્ટાર એવૉર્ડ, મિતેન ગાલાને બાલ કલાકાર એવૉર્ડ, કાંતિલાલ સંઘોઈને લીગલ પ્રોફેશન એવૉર્ડ, વિરલ કનૈયાલાલ જોશીને ફોટોગ્રાફી એવૉર્ડ, ઉમેશ ત્રિવેદીને પત્રકાર એવૉર્ડ, દર્શનકુમાર ઠક્કરને પત્રકાર એવૉર્ડ, જાનવી ગડા-ખુશી ગડાને નૃત્યરત્ન એવૉર્ડ, નિધિ ધોળકિયાને પ્લેબેક સિંગર એવૉર્ડ, દિશાંત અમૃતલાલ નિસરને શિક્ષણ એવૉર્ડ હેમરાજભાઈ શાહ, હાર્દિકભાઈ મામણિયા, કુન્દનભાઈ વ્યાસ, આસિતકુમાર મોદી અને ડૉ. નાગજી રીટાના હસ્તે એનાયત થયા હતા. મુંબઈ મેરેજ મિશનમાં જોડાયેલા જુદી જુદી જૈન-જ્ઞાતિઓના આઠ -મુખો નયનભાઈ ભેદા, દિલીપ સંઘવી, રસિકલાલ મહેતા, ધીરજ મહેતા, ચેતનભાઈ ઢીલા, વિશેશભાઈ ભેદા, જયેન્દ્રભાઈ સાવલા અને ડૉ. નાગજી રીટાનું શાલ ઓઢાડીને સન્માન કરાયું હતું.

Monday 20, July 2026

# દમણગંગા ટાઇમ્સ

દમણગંગા ટાઇમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.

ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫

ઈમેલ- editor.dgt@gmail.com

## વલસાડમાંથી મોપેડ ચોરાયું

**વલસાડ, તા. ૧૯ :** વલસાડ શહેર ના રામવાડી ગીતા સદનની પાછળ રહેતા અને અતુલ કંપનીમાં કેમિકલ ઓપરેટર તરીકે નોકરી કરતા હર્ષિલ નરેશભાઈ પટેલે વલસાડ સીટી પોલીસ મથક માં ફરિયાદ નોંધાવી કે ગત તારીખ ૦૭/૦૭/૨૦૨૬ના રોજ રાત્રે આશરે ૧૧ઃ૩૦ વાગ્યે તેમના પિતા એ પોતાની માલિકીનું બગમેન મોપેડ નંબર GJ-15-EM-3593 ઘરની ગલીમાં હેન્ડલ લોક કરીને પાર્ક કર્યું હતું. વહેલી સવારે આશરે ૦૪ વાગ્યાની આસપાસ જ્યારે પરિવારના સભ્ય જાગી બહાર નીકળ્યા ત્યારે પાર્ક કરેલું મોપેડ ત્યાં જોવા મળ્યું ન હતું. આજુબાજુના વિસ્તારમાં શોધખોળ કરવા છતાં પણ મોપેડનો કોઈ પતો લાગ્યો ન હતો.

## નવેરામાં કારે રિક્ષાને ટક્કર મારતાં એક વૃદ્ધનું મોત : ચારને ગંભીર ઈજા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૯ :** નવેરા ગામ પાસે એક અર્ટિગા કારે ઓટો રિક્ષાને અડફેટે લેતાં રિક્ષામાં સવાર એક વૃદ્ધનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે, જ્યારે અન્ય ચાર વ્યક્તિઓને ગંભીર ઈજાઓ પહોંચી છે. અકસ્માત સર્જી કાર ચાલક ઘટનાસ્થળેથી વાહન લઈને ફરાર થઈ ગયો હતો.

પારડી તાલુકાના કોલક ગામે રાજેશકુમાર પરભુભાઈ ટંડેલ રહે છે. રાજેશ ભાઈ પોતાની ઓટો રિક્ષા નંબર GJ-15-AW-0810 લઈને દર્દીઓને સારવાર માટે ધરમપુરની શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલ લઈ ગયા હતા. ત્યાંથી સારવાર કરાવીને સાજના આશરે ૫ વાગ્યાના સુમારે તેઓ પરત ફરી રહ્યા હતા.તે દરમિયાન વલસાડ ના નવેરા સુથાર ફળિયા ત્રણ રસ્તા, મહિલા ડેરી સામેથી પસાર થતી વખતે સામેથી પૂરઝડપે અને ગફલતભરી રીતે આવી રહેલી એક સફેદ કલરની અર્ટિગા કાર નંબર GJ-15-CQ-0773 ના ચાલકે રિક્ષાને જોરદાર ટક્કર મારી હતી.આ અકસ્માત માં રિક્ષામાં બેઠેલા મુસાફરો રોડ પર ફંગોળાઈ ગયા હતા. અકસ્માતને પગલે સ્થાનિક લોકો દોડી આવ્યા હતા અને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તમામ ઈજાગ્રસ્તોને વલસાડ સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા.

કલ્યાણભાઈ જાદવભાઈ ટંડેલ (રહે. કોલક ધનેરી ફળિયા)ને શરીરે ગંભીર મૂઢમાર અને ઈજાઓ પહોંચતા સારવાર દરમિયાન તેમનું કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. જયારે રાજેશકુમાર પરભુભાઈ ટંડેલ રિક્ષા ચાલક ને માથાના ભાગે ગંભીર ઈજા તેમજ જમણી આંખની નીચે ફ્રેક્ચર થયું છે.ભુપેન્દ્રકુમાર જોગીભાઈ મલિયાવાલા ને માથામાં ઈજા થતાં ડાબી આંખની ઉપર ચાર ટાંકા આવ્યા છે અને ડાબા હાથમાં ફ્રેક્ચર થયું છે. જીજ્ઞાશાબેન ભુપેન્દ્રકુમાર મલિયાવાલા ને જમણા પગના તળિયાના ભાગે તેમજ માથા અને કપાળના ભાગે ગંભીર સોજો અને નાની-મોટી ઈજાઓ થઈ છે. આ ઘટના અંગે મૃતક અને ઈજાગ્રસ્તોના પરિવારજન શ્રેય રાજેશકુમાર ટંડેલ (ઉ.વ. ૨૦) એ વલસાડ પોલીસ મથકે અર્ટિગા કારના અજાણ્યા ચાલક વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે.

## વાપીના મહાત્મા ગાંધી માર્ગ પર લારીઓનો કબજો, ટ્રાફિક જામથી લોકો પરેશાન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૧૯ :** વાપી શહેરના મહાત્મા ગાંધી માર્ગ પર આવેલા મિલન પાન સેન્ટરથી વૈભવ હોટલ સુધીમા રોજ સાંજના સમયે નાસ્તા તેમજ નોનવેજ વાનગીઓનું વેચાણ કરતી લારીઓ મોટી સંખ્યામાં ઉભી રહેતાં ટ્રાફિકની ગંભીર સમસ્યા સર્જાઈ રહી છે. સાંજના પીક અવર્સ દરમિયાન માર્ગ પર વાહનોની અવરજવર વધતી હોવાથી લારીઓને કારણે વારંવાર ટ્રાફિક જામના દશ્યો સર્જાય છે, જેના કારણે વાહનચાલકો અને રાહદારીઓને ભારે હાલાકીનો





સામનો કરવો પડે છે. તેમજ વાપી રેલવે સ્ટેશનના પ્રવેશ દ્વાર ઉપર પણ નોનવેજ તેમજ ઈંડા નું ખુલ્લી લારીમાં લોકોની આસ્થા દુભાઈ તેવી રીતે વેચાણ કરાવી રહ્યું છે.

વાપી મહાનગરપાલિકા અને ટ્રાફિક પોલીસ દ્વારા સવારે કેટલાક કલાકો માટે નાસ્તાની લારીઓ સામે કાર્યવાહી કરવામાં આવે છે, પરંતુ સાંજના સમયે મહાત્મા ગાંધી માર્ગ પર ઉભી રહેતી લારીઓ સામે કોઈ કાર્યવાહી થતી ન હોવાનું જોવા મળે છે. તો વાપી રેલવે સ્ટેશનના પ્રવેશ દ્વાર પાસે જ બંને સાઈટ નોનવેજ અને ઈંડાનું ખુલ્લામાં વેચાણ કરાઈ રહ્યું છે. જેને કારણે અહીંથી પસાર થતાં લોકો યે આ નોનવેજ અને ઈંડાની વાસને કારણે નાક બંધ કરીને પણ જવું પડે છે તેમ છતાં આ બંને લારીઓ સાંજના સમયે લાગી જાય છે તેને કેમ હટાવવાતું નથી તેવા પ્રશ્નો પણ ઊભા થઈ રહ્યા છે અને આ ગેરકાયદે નાસ્તાની લારીઓના પરિણામે ટ્રાફિક વ્યવસ્થા સતત ખોરવાઈ જતી રહે છે અને આ માર્ગ ઉપર ખાસ કરીને ટ્રેનમાં મુસાફરી કરનારા લોકો માટે માથાનો દુખાવો બન્યો છે. હવે વાપીમાં ટ્રાફિક પોલીસ ની અલગથી વ્યવસ્થા કરવામાં આવી છે તો આ વિસ્તારમાં ટ્રાફિક પોલીસ કેમ કાર્યવાહી નથી કરતી તેવા પણ પ્રશ્ન ઊભા થઈ રહ્યા છે.

## કલસર ચેકપોસ્ટથી ૬૫.૨૨ ગ્રામ ગાંજા સાથે યુવક ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા.૧૯ :** પારડી પોલીસે કલસરગામની ચેકપોસ્ટ નજીક વાહન ચેકિંગ દરમિયાન એક યુવકને ૬૫.૨૨ ગ્રામ ગાંજા સાથે ઝડપી પાડી કુલ ૫૬,૨૬૧નો મુદ્દામાલ જપ્ત કર્યો છે પોલીસ મહાનિરીક્ષક પ્રેમ વીર સિંહ IPS, જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજા IPS તથા નાયબ પોલીસ અધિક્ષક એ.કે. વર્માના માર્ગદર્શન હેઠળ પારડી પોલીસ ઈન્સ્પેક્ટર વાય.બી. ગોહિલની સૂચનાથી પોલીસ સ્ટાફ વાહન ચેકિંગમાં હતો. તે દરમિયાન દમણ તરફથી આવતી સ્પ્લેન્ડર મોટરસાયકલ રજી. નં. GJ-15-EL-5869ને અટકાવી તપાસ કરતાં ચાલકના કમરના ભાગેથી



કાળી પ્લાસ્ટિકની થેલીમાં રાખેલો ૬૫.૨૨ ગ્રામ ગાંજો મળી આવ્યો હતો.પોલીસે દેવેન્દ્ર રમેશભાઈ નાનુભાઈ પટેલ ઉ.વ. ૨૨ રહે. પારનેરા, બ્રાહ્મણ ફળિયા, વલસાડની ધરપકડ કરી હતી. તેની પાસેથી ગાંજા ઉપરાંત એક મોબાઈલ ફોન અને ગુનામાં વપરાયેલી મોટરસાયકલ મળી આવી હતી. પોલીસે કુલ ૫૬,૨૬૧નો મુદ્દામાલ કબજે કરી એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે પ્રાથમિક તપાસમાં ગાંજો દમણના સોમનાથ વિસ્તારમાં માછલી વેચતી એક અજાણી મહિલા પાસેથી લાવવામાં આવ્યો હોવાની માહિતી સામે આવી છે. આ મહિલાને પોલીસે વોન્ટેડ જાહેર કરી તેની શોધખોળ શરૂ કરી છે સમગ્ર કાર્યવાહી પારડી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર વાય.બી. ગોહિલના માર્ગદર્શન હેઠળ આસિસ્ટન્ટ પોલીસ કોન્સ્ટેબલ મહેન્દ્રભાઈ અર્જુનભાઈ ઠાકુર, જી.આર.ડી. સભ્ય અનિકેત મનોજભાઈ પટેલ તથા એસ.આર.ડી. સભ્ય રીન્કલભાઈ સતીષભાઈ પટેલે સફળતાપૂર્વક પાર પાડી હતી.

## ડાંગનાં શામગહાન નજીક ટ્રક-કાર ભટકાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા.૧૯ :** પ્રાપ્ત વિગતો અનુસાર આજરોજ મહારાષ્ટ્રનાં નાસિક તરફથી માલ સામાનનો જથ્થો ભરી અમદાવાદ તરફ જઈ રહેલ આઈસર ટેમ્પો અને સુરત તરફથી સાપુતારા તરફ જઈ રહેલ. કાર.ન.જી.જે.૦૫.જે.ઈ.૩૯૯૧ જે બન્ને સાપુતારાથી શામગહાનને જોડતા રાષ્ટ્રીય ધોરીમાર્ગનાં શામગહાન નજીકનાં વળાંકમાં સામસામે ભટકાતા ઘટના સ્થળે ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતનાં બનાવમાં આઈસર ટેમ્પો અને કારને બોનેટનાં ભાગે જંગી નુકસાન થયુ હતુ. જ્યારે કારમાં સવાર સુરતી પ્રવાસીઓને સામાન્ય ઈજાઓ પોહચવાની સાથે તેઓનો ચમત્કારિક બચાવ થયેલ હોવાની વિગતો સાંપડેલ છે.

## બીલીમોરાના યુવકના આપઘાત કેસમાં પોલીસ તપાસ ઠેરની ઠેર

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા,તા.૧૯ :** બીલીમોરાના ૨૮ વર્ષીય યુવાન ચિરાગ દિલીપભાઈ મિસ્ત્રીએ કથિત પ્રેમપ્રકરણમાં માનસિક હેરાનગતિનો આક્ષેપ કરી સોશિયલ મીડિયામાં વીડિયો વાયરલ કર્યા બાદ આત્મહત્યા કરી હોવાની ઘટનાને બે દિવસથી વધુ સમય વીતી ગયો હોવા છતાં પોલીસ તપાસ હજુ ચાલુ હોવાનું જણાવી રહી છે. પોલીસે ઝેરી દવા ની ખાલી બોટલ નો ભેદ ઉકેલવા વિશેરા ટેસ્ટ કરાવ્યો છે. બીજી તરફ શહેરમાં હવે શું ની કુતૂહલતા ને પગલે કિસ્સો ટોક ઓફ ધ ટાઉન બન્યો છે. વીડિયોમાં તેણે મહિલા સહિત પાંચ વ્યક્તિઓના નામનો ઉલ્લેખ કરી, તેમની હેરાનગતિથી કંટાળીને આ અંતિમ પગલું ભરી રહ્યો હોવાનું જણાવ્યું હતું. વીડિયો પોસ્ટ કર્યા બાદ તેણે પોતાના જૂના નિવાસસ્થાને ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. ઘટનાને ૮૦-૯૦ કલાકથી વધુ સમય વીતી ગયો હોવા છતાં તપાસ અધિકારી દ્વારા માત્ર તપાસ ચાલુ છે. એવો જવાબ આપવામાં આવી રહ્યો છે.

### ઈન્સ્ટા, ઈન્ફ્લુએન્ઝરને કૉપિરાઈટ અને ડ્રોન વીડિયો બાબતે

## વલસાડમાં સોશિયલ મિડિયાની હરિફાઈ હવે ખંડણી સુધી પહોંચી !

**પ્રમોશનલ વિડિયો બનાવી કમાણી કરતા સોશિયલ મીડિયા પર કૉપિરાઈટ સ્ટ્રાઈક હટાવવા લાખોની માંગણી : અન્ય કેસો પણ બહાર આવે એવી શક્યતા**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૯ :** વલસાડના ગુંદલાવ માં રહેતા અને valsad_views નામનું લોકપ્રિય ઈન્સ્ટાગ્રામ પેજ ચલાવતા ૨૧ વર્ષીય રીતિક સુરેન્દ્રભાઈ શાહને સોશિયલ મીડિયા પર કૉપિરાઈટ સ્ટ્રાઈક હટાવવાના બહાને તેમજ ડ્રોન શૂટિંગના વીડિયો બાબતે યુકે ના કોઈ અજાણ્યા વ્યક્તિના નામે ડરાવી ધમકાવીને મોટી રકમ પડાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ મામલે ભોગ બનનારે વલસાડ પોલીસ મથકમાં બે શખ્સો વિરુદ્ધ નામજોગ ફરિયાદ નોંધાવી છે.

રીતિક શાહ છેલ્લા છ વર્ષથી વલસાડ જિલ્લાની વિવિધ દુકાનો અને સ્થળોના પ્રમોશનલ વીડિયો બનાવી સોશિયલ મીડિયા પર અપલોડ કરવાનું કામ કરે છે. ગત મે ૨૦૨૬ દરમિયાન તેણે ઉમરગામના શ્રેયાંશ યાદવ નામના ડ્રોન ઓપરેટર પાસે વલસાડ રેલ્વે સ્ટેશન બહાર ડ્રોન વીડિયો શૂટ કરાવ્યો હતો, જેના બદલામાં નક્કી થયેલા નાણાં પણ ચૂકવી દીધા હતા. આ વીડિયો રીતિકે પોતાના પેજ પર અપલોડ કર્યો હતો. જોકે, ત્યારબાદ શ્રેયાંશ યાદવ અને તેના સાથીદાર નિકુંજ સરદારસિંહ મીના (રહે. રચના પાર્ક સોસાયટી, તીથલ રોડ, વલસાડ) એ કુટિલ કારતૂસ રચી રીતિકના ઈન્સ્ટાગ્રામ પેજ પર કૉપિરાઈટ રિપોર્ટ કરાવ્યો હતો. નિકુંજ સરદારસિંહ મીના (રહે. રચના પાર્ક સોસાયટી, તીથલ રોડ, વલસાડ) શ્રેયાંશ યાદવ (રહે. ઉમરગામ, જિ. વલસાડ) તથા અજાણ્યો યુકેનો નંબર ધારક

કૉપિરાઈટના કારણે પેજ બંધ થઈ જવાની ભીતિ બતાવી આરોપીઓએ રીતિક પાસે શરૂઆતમાં ૧૫,૦૦૦ રૂપિયા અને ત્યારબાદ યુકેના કથિત વ્યક્તિના નામે રૂ. ૨ લાખની માંગણી કરી હતી. એટલું જ નહીં, આરોપી નિકુંજ મીનાએ વલસાડ ટાવર નજીક કે.બી. મોલ પાસે રીતિકને રૂબરૂ બોલાવી ધમકી આપી હતી કે જો રૂપિયા નહીં આપે તો વલસાડમાં પ્રમોશનનું કોઈ કામ કરવા દેશે નહીં, તેના હાથ-પગ તોડી નાખશે અને આજીવન કેદ થાય તેવા ગંભીર ગુનામાં ફસાવી દેશે.

ત્યારબાદ આરોપીઓએ વોટ્સએપ મેસેજ દ્વારા ખંડણીની રકમ વધારીને સીધી રૂ. ૧૦ લાખની માંગણી કરી હતી. જેથી નિકુંજ મીના, શ્રેયાંશ યાદવ અને અજાણ્યા વિદેશી નંબરના ધારક સામે પૂર્વ આયોજિત ગુનાહિત કાવતરું રચી, બળજબરીથી નાણાં કઢાવવા અને જાનથી મારી નાખવાની ધમકી આપવા બદલ ગુનો દાખલ કરાવતા જિલ્લાના ઈન્ફ્લુએન્ઝર માં ફફડાટ ફેલાઈ ગયો છે.

## ધરમપુર એસ.ટી. ડેપોમાં શૌચાલય બંધ થતાં મુસાફરોને હાલાકી





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા.૧૯ :** ધરમપુર એસ.ટી. બસ ડેપો ખાતે પાણીની મોટર બળી જવાના કારણે શૌચાલયમાં પાણીની સુવિધા ખોરવાતા તેના દરવાજા બંધ કરી દેવામાં આવ્યા હતા. જેના કારણે મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. કેટલાક મુસાફરોને લઘુશંકા માટે પણ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હોવાનું જાણવા મળ્યું હતું. આ અંગેની જાણ થતાં સ્થાનિક પત્રકારો સ્થળ પર પહોંચ્યા હતા. પત્રકારો સ્થળ પર પહોંચતા સફાઈ કામદાર દ્વારા શૌચાલયના બંધ દરવાજા ખુલ્લા કરાયા હતા જેથી મુસાફરોએ રાહત અનુભવી હતી. જોકે, હાલ માત્ર લઘુશંકા માટે શૌચાલયની સુવિધા શરૂ કરવામાં આવી છે, જ્યારે પાણીની સુવિધા ઉપલબ્ધ ન હોવાથી અન્ય ઉપયોગ માટે શૌચાલયની સંપૂર્ણ સુવિધા હજુ શરૂ થઈ નથી. મળતી માહિતી મુજબ, પાણીની મોટર બળી જવાથી શૌચાલયમાં પાણી આવતું ન હોવાથી દરવાજા બંધ કરવામાં આવ્યા હતા. હવે જોવાનું રહ્યું કે એસ.ટી. ડેપોના મેનેજર સહિતનું તંત્ર બળી ગયેલી પાણીની મોટરને ક્યારે દુરસ્ત કરાવી શૌચાલયની સંપૂર્ણ સુવિધા પુનઃ શરૂ કરે છે. મુસાફરોની માંગ છે કે તંત્ર દ્વારા તાત્કાલિક પાણીની મોટરનું સમારકામ કરાવી શૌચાલયની સંપૂર્ણ સુવિધા શરૂ કરવામાં આવે, જેથી મુસાફરોને મૂળભૂત સુવિધા માટે હાલાકી ભોગવવી ન પડે.

## વલસાડ જિલ્લા પ્રવાસન સમિતિની બેઠક મળી

**વલસાડ, તા.૧૯ :** વલસાડ જિલ્લા પ્રવાસન સમિતિની બેઠક કલેકટરાલયના સભાખંડમાં મળી હતી. જેમાં વલસાડ જિલ્લાના પ્રવાસન સ્થળોને ડેવલપ કરવા અંગે ધારાસભ્યો રમણભાઈ પાટકર, ભરતભાઈ પટેલ, અરવિંદભાઈ પટેલ સહિત અધિકારીઓની મળેલી બેઠકમાં વિવિધ પાસાઓની છણાવટ કરવામાં આવી હતી. જેમાં સર્વપ્રથમ તીથલ, નારગોલ અને ઉમરગામ બીચને સુદઢ બનાવવા આવશે. જેમાં પ્રવાસીઓને એકટીવીટી, બોટિંગ, પેરાસેલિંગ જેવી પ્રવૃતિ સેફટી સાથે કરી શકે તેવી સુવિધા રાજય સરકાર અને લોકભાગીદારીથી ઉભી કરાશે.

કલેકટર એ જણાવ્યું હતું કે, આ માટે પ્રાંત, તાલુકા વિકાસ અધિકારી અને ચીફ ઓફિસરની કમિટી બનાવી, કાર્યવાહી કરવામાં આવશે. આ માટે છ માસમાં ટેન્ડર સહિતની તમામ કામગીરી પુર્ણ કરી, એજન્સી નિયત કરવામાં આવશે. સ્થળોની મુલાકાત કરીને સુદઢ આયોજન થાય તેવા તમામ પ્રયાસો કરવામાં આવશે. કલેકટરે તીથલ દરિયા કિનારે મોટા પત્થરો ખસી ન જાય તે માટે કાયમી ઉકેલ લાવવા પ્લાન બનાવવા પણ સંબંધિત અધિકારીને સુચના આપી હતી.

## દમણ સાંસદને વાપીની ડમ્પીંગ સાઈડની મુલાકાત વિના પાછા ફરવું પડ્યું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૯ :** વાપી મહાનગરપાલિકાની ચંડોર ડમ્પિંગ સાઈટમાંથી નીકળતા પ્રદૂષણનો મુદો ફરી ચર્ચામાં આવ્યો છે. થોડા દિવસ પહેલાં દમણના સાંસદ ઉમેશ પટેલે ડમ્પિંગ સાઈટની મુલાકાત લઈને પ્રદૂષણ અંગે ગંભીર આક્ષેપો કર્યા હતા. ત્યારબાદ શનિવારે તેઓ ફરી વાપી શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ મહેશભાઈ શાહ તથા કોંગ્રેસના કાર્યકર્તાઓ સાથે ડમ્પિંગ સાઈટ પર પહોંચ્યા હતા.

જોકે, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના અધિકારીઓ બેઠકમાં વ્યસ્ત હોવાથી સ્થળ પર હાજર રહી શક્યા ન હતા. જેના કારણે ડમ્પિંગ સાઈટની સંયુક્ત મુલાકાત અને નિરીક્ષણ થઈ શક્યું ન હતું. આ દરમિયાન સાંસદ ઉમેશ પટેલે ડમ્પિંગ સાઈટના પ્રદૂષણ મુદ્દે તંત્રની કામગીરી પર પ્રશ્નો ઉઠાવ્યા હતા.

તેમણે દમણમાંથી ગુજરાતમાં દારૂની બેફામ હેરાફેરી થતી હોવાનો પણ આક્ષેપ કર્યો હતો અને ગુજરાત પોલીસની ચેકપોસ્ટ પર થતી તપાસની કામગીરી સામે સવાલો ઊભા કર્યા હતા. તેમના જણાવ્યા મુજબ સરહદી વિસ્તારોમાં વધુ અસરકારક દેખરેખ અને કડક કાર્યવાહી જરૂરી છે. આ મુલાકાત દરમિયાન વાપી મહાનગરપાલિકાના કોર્પોરેટર ખંડુભાઈ પટેલ સહિત કોંગ્રેસના આશરે ૧૦થી ૧૨ કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા. કોંગ્રેસે પ્રદૂષણ અને સરહદી વિસ્તારોમાં કાયદાના અમલ જેવા મુદ્દાઓ પર યોગ્ય કાર્યવાહી કરવાની માંગ કરી છે.

### તરુણી સાથે સગા ભાઈનું દુષ્કૃત્ય પ્રકરણમાં

## ગણદેવીની સગીરાની ગર્ભપાતની અરજી નામંજૂર કરતી હાઈકોર્ટ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ગણદેવી, તા.૧૯ :** ગણદેવી તાલુકાના એક વિસ્તારમાં મજૂરી કામ કરતા શ્રમજીવી પરિવારમાં ૧૭ વર્ષીય સગીરા તેના જ સગા મોટા ભાઈના દુષ્કર્મનો ભોગ બની હતી. આ દુષ્કૃત્યના કારણે અબુધ તરુણી ગર્ભવતી બની હતી. આ મામલે પોલીસ મથકે સગીરાના સગા ભાઈ વિરુદ્ધ ગુનોની ધરપકડ કરી છે. દરમ્યાન સગીરા તેની મોટી બહેનનાં પુત્ર ને પોલિયો ની રસી પીવડાવવા માટે ગઈ હતી. તે વેળા ત્યાં હાજર આરોગ્ય કર્મચારી ની નજર સગીરા ઉપર પડી હતી. સગીરાની શારીરિક અવસ્થા જોઈ ગર્ભવતી હોવાની શંકા વ્યક્ત કરી હતી. બાદમાં ડોક્ટર પાસે સોનોગ્રાફી કરાવતા સગીરા ગર્ભવતી હોવાનું અને તેને ગર્ભ ૭ મહિનાથી વધુનો હોવાનું સ્પષ્ટ થયું હતું, જે અંગે તુરંત જ ડોક્ટરે પોલીસને જાણ કરી હતી. આ ઘટમાં સગીરા અને તેના પરિવાર દ્વારા હાઈકોર્ટમાં ગર્ભપાતની મંજૂરી મેળવવા માટે અરજી કરી હતી. આ અરજીના સંદર્ભમાં કોર્ટે સુરત સિવિલ હોસ્પિટલની મેડિકલ ટીમને તપાસ કરવા આદેશ આપ્યો હતો. મેડિકલ ટીમના અહેવાલ મુજબ, ગર્ભ ૩૪ અઠવાડિયાનો હોવાથી અત્યંત વિકસિત છે અને ગર્ભપાત કરાવવો સગીરાના સ્વાસ્થ્ય માટે ગંભીર જોખમકારક હોવાનું જણાવી હાઈકોર્ટે ગર્ભપાતની મંજૂરી આપવાનો ઈનકાર કર્યો છે અને કુદરતી પ્રસૂતિ સુધી ગર્ભવસ્થા ચાલુ રાખવાનો આદેશ આપ્યો છે. આ સાથે જ કોર્ટે નવો આદેશ કરતા જણાવ્યું છે કે, પ્રસૂતિ ન થાય ત્યાં સુધી સગીરાના સ્વાસ્થ્યની સુરક્ષા અને ત્યારબાદ નવજાત બાળકના ઉછેર તથા સારવારનો તમામ તબીબી ખર્ચ રાજ્ય સરકાર ઉઠાવશે.

## સાપુતારામાં પ્રવાસીઓનું ઘોડાપુરથી ટ્રાફિકજામ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા.૧૯:** સમગ્ર ગુજરાત સહિત ડાંગ જિલ્લામાં વરસાદી માહોલ જામતાની સાથે જ, રાજ્યના એકમાત્ર હિલ સ્ટેશન સાપુતારા ખાતે પ્રવાસીઓનું જાણે ઘોડાપૂર ઉમટ્યુ છે.વીકેન્ડ અને મનમોહક હવામાનનો ત્રિવેણી સંગમ થતા જ મોટી સંખ્યામાં સહેલાણીઓ કુદરતી સૌંદર્યનો આનંદ માણવા સાપુતારા તરફ વળ્યા છે.જેને પગલે સાપુતારા ઘાટમાર્ગમાં વાહનોની કિલોમીટરો લાંબી કતારો જોવા મળી હતી અને ઠેરઠેર કલાકો સુધી ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. વરસાદી ધુમ્મસ અને લીલીછમ હરિયાળી વચ્ચે સાપુતારાના મુખ્ય પ્રવાસન સ્થળો જેવા કે ટેબલ પોઈન્ટ, હેલિપેડ ગ્રાઉન્ડ અને સ્વાગત સર્કલ ખાતે વાહનોનો ભારે જમાવડો જોવા મળ્યો હતો.જેના પગલે પાર્કિંગ અંગે અરાજકતા સર્જાઈ હતી. અને પ્રવાસી વાહનચાલકો હેરાન થયા હતા. સાપુતારામાં ચારેય તરફ પ્રવાસીઓની ભારે ભીડનાં પગલે વાતાવરણ કિલકિલાટ નાદોની સાથે ગુંજી ઊઠ્યુ હતુ.ડાંગ જિલ્લાનાં સાપુતારા,ગીરમાળનો ગીરાધોધ, વઘઇનો -પ્રખ્યાત ગીરાધોધ,ડોન હિલસ્ટેશન જેવા જોવાલાયક સ્થળો પણ પ્રવાસીઓથી ઉભરાઈ ગયા હતા.

## વલસાડ હાઈવે પર રખડતા ઢોરથી ૧૦ વાહનો એકબીજા સાથે અથડાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૯ :** વલસાડ નેશનલ હાઈવે નંબર ૪૮ પર રખડતા ઢોરોનો ત્રાસ વાહનચાલકો માટે ફરી એકવાર આફત સાબિત થયો છે. આજે વલસાડમાંથી પસાર થતા હાઈવે પર માત્ર બે કલાકના ગાળામાં બે અલગ-અલગ સ્થળોએ વિચિત્ર અકસ્માતો સર્જાયા હતા. રસ્તો ઓળંગી રહેલા રખડતા ઢોરને બચાવવા જતાં એક જ દિવસમાં કુલ ૧૦ વાહનો એકબીજા પાછળ ધડાધડ અથડાયા હતા. આ અકસ્માતોમાં વાહનોને ભારે નુકસાન થયું છે, જોકે સદનસીબે મોટી જાનહાનિ ટળી છે.



અટક પારડી અને અતુલ હાઈવે પર સર્જાયા અકસ્માતમાં મળતી માહિતી મુજબ, હાઈવે પર અચાનક ઢોર આડા ઉતારવાના કારણે બ્રેક મારતા પાછળ આવી રહેલા વાહનો ચાલકોએ નિયંત્રણ ગુમાવ્યું હતું. પ્રથમ બનાવમાં વલસાડના અટક પારડી હાઈવે પર ૪ વાહનો એકબીજા સાથે ભટકાયા હતા. જ્યારે બીજા બનાવમાં અતુલ હાઈવે પર ૬ વાહનો એક પછી એક પાછળ અથડાતા મોટો અકસ્માત સર્જાયો હતો. બંને ઘટનાઓ મળીને હાઈવે પર કુલ ૧૦ વાહનો લાઈનબધ્ધ અથડાતા વાહનો ભારે નુકસાન જોવા મળ્યું હતું.તમામ વાહનોના ચાલકો કે તેમાં સવાર અન્ય મુસાફરોમાંથી કોઈને પણ ગંભીર ઈજા કે જાનહાનિ થઈ ન હોવાનું જાણવા મળ્યું છે, જેને પગલે વહીવટી તંત્રે રાહતનો શ્વાસ લીધો છે.

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**